

કામકાજનો ટૂંકો અહેવાલ

સાતમી ગુજરાત વિધાનસભા

નવમું સત્ર

(તા. ૨૭મી જાન્યુઆરી ૧૯૮૯ થી તા. ૩૦મી જાન્યુઆરી, ૧૯૮૯
અને
તા. ૬ઠ્ઠી ફેબ્રુઆરી ૧૯૮૯ થી તા. ૩૧મી માર્ચ, ૧૯૮૯)

ગુજરાત વિધાનસભા સચિવાલય
વિઠ્ઠલભાઈ પટેલ ભવન,
ગાંધીનગર.
જુલાઈ, ૧૯૮૯.





કામકાજનો ટૂંકો અહેવાલ

સાતમી ગુજરાત વિધાનસભા

નવમું સત્ર

(તા. ૨૭મી જાન્યુઆરી ૧૯૮૯ થી તા. ૩૦મી જાન્યુઆરી, ૧૯૮૯
અને
તા. ૬ઠ્ઠી ફેબ્રુઆરી ૧૯૮૯ થી તા. ૩૧મી માર્ચ, ૧૯૮૯)

ગુજરાત વિધાનસભા સચિવાલય
વિઠ્ઠલભાઈ પટેલ ભવન,
ગાંધીનગર.
જુલાઈ, ૧૯૮૯.

©

સરકારી મધ્યસ્થ પ્રેસ, ગાંધીનગર.

પ્રસ્તાવના

આ પ્રકાશનમાં સાતમી ગુજરાત વિધાનસભાના નવમા સત્ર (તારીખ ૨૭મી જાન્યુઆરી, ૧૯૮૯થી ૩૧મી માર્ચ, ૧૯૮૯)માં થયેલા કામકાજની જુદી જુદી બાબતો અંગે ટૂંકી નોંધ આપવામાં આવી છે. શક્ય હોય ત્યાં આંકડાવાર માહિતી પણ આપી છે. આશા છે કે રસ ધરાવનાર સૌ કોઈને તે ઉપયોગી નીવડશે.

ગુજરાત વિધાનસભા સચિવાલય,
વિઠ્ઠલભાઈ પટેલ ભવન,
ગાંધીનગર, તા. ૧૯૮૯.

પુ. ના. ઠક્કર,
સચિવ,
ગુજરાત વિધાનસભા.

28 JUL 1989

એચબી—૨૭૦—(૨)

અનુક્રમણિકા

ક્રમાંક	વિષય	પાના નંબર
૧	૨	૩
૧.	સાતમી ગુજરાત વિધાનસભાના નવમા સત્ર (તા. ૨૭મી જાન્યુઆરી, ૧૯૮૯થી તા. ૩૧મી માર્ચ, ૧૯૮૯)માં થયેલ કામકાજનો ટૂંકો અહેવાલ	૧
૨.	પત્રક ક્રમાંક-૧ સત્રમાં થયેલા જુદા જુદા કામકાજે લીધેલ સમય અને તેની ટકાવારી	૩૨
૩.	પત્રક ક્રમાંક-૨ ગૃહની બેઠકોની તારીખ અને સમય	૩૩
૪.	પત્રક ક્રમાંક-૩ સભ્યોએ વ્યકિતગત રીતે આપેલી હાજરી	૩૬
૫.	પત્રક ક્રમાંક-૪ સભ્યોની તારીખવાર હાજરી	૪૨
૬.	પત્રક ક્રમાંક-૫ ટૂંકી મુદતના, તારાંકિત અને અતારાંકિત પ્રશ્નોનો નિકાલ (આંકડામાં)	૪૬
૭.	પત્રક ક્રમાંક-૬ ટૂંકી મુદતના પ્રશ્નોની વિભાગવાર માહિતી (આંકડામાં)	૪૮
૮.	પત્રક ક્રમાંક-૭ તારાંકિત પ્રશ્નોની વિભાગવાર માહિતી (આંકડામાં)	૫૦
૯.	પત્રક ક્રમાંક-૮ અતારાંકિત પ્રશ્નોની વિભાગવાર માહિતી (આંકડામાં)	૫૨
૧૦.	પત્રક ક્રમાંક-૯ દાખલ કરવાનાં સરકારી વિધેયકો	૫૬
૧૧.	પત્રક ક્રમાંક-૧૦ પહેલા, બીજા અને ત્રીજા વાંચન માટેના સરકારી વિધેયકો	૫૯
૧૨.	પત્રક ક્રમાંક-૧૧ સન ૧૯૮૯-૯૦ના વર્ષના અનુદાનો માટેની ચર્ચાયેલી માગણીઓ	૬૮
૧૩.	પત્રક ક્રમાંક-૧૨ સન ૧૯૮૮-૮૯ના વર્ષ માટેના ખર્ચના પૂરક પત્રકમાંની ચર્ચાયેલી માગણીઓ	૭૮
૧૪.	પત્રક ક્રમાંક-૧૩ સભા મોકુફીના પ્રસ્તાવો	૮૦

૧	૨	૩
૧૫.	પત્રક ક્રમાંક-૧૪ વૈધાનિક પ્રસ્તાવો (નિયમ-૧૦૦)	૮૧
૧૬.	પત્રક ક્રમાંક-૧૫ વટહુકમ નામંજૂર કરતા પ્રસ્તાવો (નિયમ-૧૫૨(૨))	૮૪
૧૭.	પત્રક ક્રમાંક-૧૬ વટહુકમો અને તે બહાર પાડવા અંગેના નિવેદનો	૮૭
૧૮.	પત્રક ક્રમાંક-૧૭ ચર્ચા માટેનો દિવસ નક્કી ન થયો હોય તેવા પ્રસ્તાવો (નિયમ-૧૦૧)	૮૯
૧૯.	પત્રક ક્રમાંક-૧૮ ધ્યાન દોરતી સૂચનાઓ (નિયમ-૧૧૬)	૯૦
૨૦.	પત્રક ક્રમાંક-૧૯ દાખલ કરવાના બિન-સરકારી વિધેયકો	૯૫
૨૧.	પત્રક ક્રમાંક-૨૦ પહેલા, બીજા અને ત્રીજા વાંચન માટેના (નિકાલ થયેલાં) બિન-સરકારી વિધેયકો	૧૦૦
૨૨.	પત્રક ક્રમાંક-૨૧ પહેલા, બીજા અને ત્રીજા વાંચન માટે બાકી રહેલાં બિન-સરકારી વિધેયકો	૧૦૨
૨૩.	પત્રક ક્રમાંક-૨૨ બિન-સરકારી સંકલ્પો (નિયમ-૧૧૭)	૧૦૫
૨૪.	પત્રક ક્રમાંક—૨૩ વિધાનસભામાં પક્ષવાર સભ્ય સંખ્યા	૧૦૭
૨૫.	પત્રક ક્રમાંક-૨૪ ખરેખર થયેલા કામકાજ પ્રમાણેની સભાઓની તારીખવાર યાદી	૧૦૮
૨૬.	પત્રક ક્રમાંક-૨૫ રોજેરોજના કામકાજનો સારાંશ	૧૧૭
૨૭.	પત્રક ક્રમાંક-૨૬ વિધાનસભાની ચર્ચાઓમાં જુદા જુદા સભ્યોનો ફાળો	૧૯૦
૨૮.	પત્રક ક્રમાંક-૨૭ શોકદર્શક ઉલ્લેખ	૨૧૨
૨૯.	પત્રક ક્રમાંક-૨૮ વિભાજન	૨૧૩

સાતમી ગુજરાત વિધાનસભાના નવમા સત્રમાં થયેલા કામકાજનો ટૂંકો અહેવાલ

પ્રારંભિક

૧. સાતમી ગુજરાત વિધાનસભાનું નવમુ સત્ર શુક્રવાર, તા. ૨૭મી જાન્યુઆરી, ૧૯૮૯ના રોજ શરૂ થયું હતું અને શુક્રવાર, તા. ૩૧મી માર્ચ, ૧૯૮૯ના રોજ રાજ્યપાલશ્રીના આદેશથી સમાપ્ત થયું હતું. સત્ર દરમિયાન વિધાનસભા કુલ ૩૮ દિવસ મળી હતી અને તેમાં ૪૨ બેઠકો થઈ હતી. સત્ર દરમિયાન વિધાનસભાએ કુલ ૧૬૬ કલાક અને ૩૧ મિનિટ કામ કર્યું હતું. સત્ર દરમિયાન જુદાં જુદાં કામકાજ જેવાં કે પ્રશ્નોત્તરી, સરકારી વિધેયકો, બિન-સરકારી વિધેયકો, નાણાંકીય કામકાજ વગેરેમાં કેટલો સમય ગયો હતો તે અંને તેની ટકાવારી પત્રક ક્રમાંક-૧ માં આપવામાં આવી છે.

ગૃહની બેઠકોની તારીખો અને સમય

૨. ગૃહની બેઠકોની તારીખ અને સમય પત્રક ક્રમાંક-૨ માં આપવામાં આવ્યાં છે.

હાજરી

૩. સત્ર દરમિયાન એક દિવસમાં વધારેમાં વધારે હાજરી ૧૫૧ હતી અને ઓછામાં ઓછી હાજરી ૯૯ હતી. સરેરાશ હાજરી ૧૩૧ હતી. દરેક સભ્યે કેટલી બેઠકોમાં હાજરી આપી તે પત્રક ક્રમાંક-૩માં તથા દરેક બેઠકમાં કેટલા સભ્યોએ હાજરી આપી તે પત્રક ક્રમાંક—૪માં દર્શાવવામાં આવી. છે.

પ્રમુખોની પેનલમાં ફેરફાર

૪. સભાગૃહમાં અધ્યક્ષ અને ઉપાધ્યક્ષની ગેરહાજરી દરમિયાન અધ્યક્ષની કામગીરી કરવા માટે પ્રમુખોની પેનલ ઉપર અધ્યક્ષશ્રીએ અગાઉ તા. ૧૩-૩-૮૭ના રોજ જે ૫ સભ્યોની નિમણૂંક કરી હતી. તે પૈકીના સભ્યશ્રી વજુભાઈ વાળાને બદલે અધ્યક્ષશ્રીએ તા.૨૭-૨-૮૯ના રોજ સભ્યશ્રી દિલીપભાઈ સંઘાણીની નિમણૂંક કરી હતી.

રાજ્યપાલશ્રીનું સંબોધન

૫. ભારતના બંધારણની કલમ ૧૭૬ (૧) અનુસાર રાજ્યપાલશ્રીએ શુક્રવાર, તા. ૨૭મી જાન્યુઆરી, ૧૯૮૯ના રોજ બપોરના ૧૨-૦૦ વાગે ગુજરાત વિધાનસભાને ગુજરાતીમાં સંબોધન કર્યું હતું. સંબોધન દરમિયાન વિરોધ પક્ષ અને શાસક પક્ષના કેટલાક સભ્યો દ્વારા લાંબા સમય સુધી શોરબકોર કરવામાં આવતા તેમજ કેટલાક સભ્યો તરફથી પાક વીમા યોજનાના નાણા ચૂકવી આપવા તેમજ ભ્રષ્ટાચાર નાબુદ કરવા અંગેના સુત્રોચ્ચાર કરવામાં આવતા માનનીય રાજ્યપાલશ્રીએ તેમનું છાપેલું સંબોધન વાંચવાનું બાજુએ મુકયું હતું અને બાકી રહેલ સંબોધન સભાગૃહ સમક્ષ વાંચેલું ગણવા તેમણે વિનંતી કરી હતી. સંબોધન બાદ

મળેલી બેઠકમાં સભ્યશ્રી લક્ષ્મણભાઈ પટણીએ રાજ્યપાલશ્રીએ ગુજરાત વિધાનસભાને કરેલા સંબોધન બદલ તેમનો આભાર માનતો પ્રસ્તાવ રજૂ કર્યો હતો, જેનું સભ્ય શ્રીમતી કુમુદીનીબેન પંચોલીએ સમર્થન કર્યું હતું, રાજ્યપાલશ્રીના સંબોધન માટેના આભાર પ્રસ્તાવ ઉપર સુધારાની કોઈ સૂચનાં મળી નહતી, રાજ્યપાલશ્રીના સંબોધન માટેના આભાર પ્રસ્તાવ ઉપર તા. ૧૩, ૧૪, ૧૫ તથા ૧૬મી ફેબ્રુઆરી, ૧૯૮૯ના રોજ સભાગૃહમાં ચર્ચા કરવામાં આવી હતી. ચર્ચાના અંતે આભાર પ્રસ્તાવ પસાર કર્યો હતો' રાજ્યપાલશ્રીના સંબોધન સંબંધમાં સભ્યશ્રી સુરેશચંદ્ર રૂ. મહેતાએ તા. ૧૩મી ફેબ્રુઆરી, ૧૯૮૯ના રોજ પોઈન્ટ ઓફ ઓર્ડર ઉપસ્થિત કર્યો હતો કે રાજ્યપાલશ્રીના પ્રવચનમાં સત્ર બોલાવવાનાં કારણો પૈકી અંદાજપત્રનો ઉલ્લેખ નથી. તેથી આ પ્રવચન આભાર પ્રસ્તાવને પાત્ર છે કે કેમ અને આભાર પ્રસ્તાવમાં "કરેલ સંબોધન"ને બદલે "લેખિત સંબોધન"એ શબ્દો હોવા જોઈએ, કારણ કે રાજ્યપાલશ્રીએ તેમનું પ્રવચન ગૃહ સમક્ષ વાંચ્યું ન હતું. માનનીય અધ્યક્ષશ્રીએ આ બન્ને મુદ્દા નામંજુર કર્યા હતા અને તે નામંજૂર કરવા અંગેના કારણો તા. ૨૮મી તથા ૩૦ મી માર્ચ, ૧૯૮૯ના રોજ સભાગૃહમાં આપવામાં આવ્યા હતા.

ટૂંકી મુદતના, તારાંકિત અને અતારાંકિત પ્રશ્નો

૬. સત્ર દરમિયાન ૪૭ ટૂંકી મુદતના પ્રશ્નોની, ૫૮૫૮ તારાંકિત પ્રશ્નોની અને ૫૧૧ અતારાંકિત પ્રશ્નોની સૂચનાઓ મળી હતી. આ સૂચનાઓનો નિકાલ કેવી રીતે કરવામાં આવ્યો તે તથા પ્રશ્નોની વિભાગવાર અને જુદા જુદા મંત્રીશ્રીઓના દાખલ થયેલા અને ગૃહમાં મૌખિક જવાબ અપાયેલા તારાંકિત પ્રશ્નોની તારીખવાર માહિતી પત્રક ક્રમાંક, ૫, ૬, ૭ અને ૮માં આપવામાં આવી છે.

સત્ર દરમિયાન તારાંકિત પ્રશ્નો પૂછવા માટેનો વિગતવાર કાર્યક્રમ

તા. ૩૦-૧-૮૯ થી ૩૧મી માર્ચ, ૧૯૮૯ સુધીનો કુલ ૪૨ દિવસનો કાર્યક્રમ નક્કી કરવામાં આવ્યો હતો પરંતુ કામકાજ સલાહકાર સમિતિની બેઠકોમાં થયેલ ભલામણો મુજબ સભાગૃહે, કરેલા નિર્ણય અનુસાર તા. ૩૧-૧-૮૯ થી તા. ૫-૨-૮૯ સુધી તેમજ તા. ૨૩-૩-૮૯ના રોજ સભાગૃહની બેઠકો રાખવામાં આવી ન હતી. આમ કુલ પાંચ દિવસ પ્રશ્નોત્તરી હાથ ધરી શકાઈ ન હોવાથી મૂળ કાર્યક્રમમાં ફેરફાર થતાં કુલ ૩૭ દિવસની પ્રશ્નોત્તરી સભાગૃહમાં રજૂ થઈ હતી. તા. ૩૧મી માર્ચ, ૧૯૮૯ના રોજ સત્ર સમાપ્ત થતાં તા. ૩૧-૧-૮૯, તા. ૧-૨-૮૯, તા.૨-૨-૮૯, તા.૩-૨-૮૯ અને તા.૨૩-૩૬૮૯ ના દિવસ માટે દાખલ થયેલા કુલ ૨૭૧ તારાંકિત પ્રશ્નો ગુજરાત વિધાનસભાના નિયમોના નિયમ-૨૧ અન્વયે રદ થયા હતા.

અતારાંકિત પ્રશ્નોની મળેલી સૂચનાઓમાં આઠમું સત્ર પૂરું થયા પછી એટલે કે તા. ૩-૮-૮૮ થી નવમા સત્રના છેલ્લા દિવસ તા. ૩૧-૩-૮૯ સુધીમાં મળેલી સૂચનાઓનોસમાવેશ થાય છે. અતારાંકિત પ્રશ્નો અને તેના જવાબોની ૧૦ (પચાસ)ની એક એવી યાદી ગૃહમાં રજૂ કરવામાં આવી હતી. સત્ર દરમિયાન કુલ ૫૦૨ અતારાંકિત પ્રશ્નો અને તેના જવાબો ગૃહમાં રજૂ થયા હતા. આમાં નિયમ ૮૭-અ અન્વયે સત્રના છેલ્લા દિવસે સભાગૃહના ટેબલ ઉપર મૂકવામાં આવેલ ૧૨ અતારાંકિત પ્રશ્નો અને તેના જવાબોનો સમાવેશ થાય છે.

પ્રશ્નોત્તરીને લગતી કેટલીક અગત્યની માહિતી

(૧) ગૃહમાં કુલ ૩૮ દિવસની ૪૨ બેઠકોમાંથી ૩૭ બેઠકોમાં પ્રશ્નોત્તરી હાથ ધરવામાં આવી હતી.

(૨) સત્ર દરમિયાન ૧૨ (બાર) ટુંકી મુદતના પ્રશ્નો ગૃહમાં રજૂ થયા હતા અને ૧૦ ટુંકી મુદતના પ્રશ્નો ઉપર પ્રશ્નોત્તરી થઈ હતી જ્યારે બે પ્રશ્નો પર સભ્યશ્રીની ગેરહાજરીને કારણે પ્રશ્નોત્તરી થઈ ન હતી.

(૩) સત્ર દરમિયાન કુલ ૨૩૦૪ તારાંકિત પ્રશ્નો ગૃહમાં રજૂ થયા હતા. તેમાંથી ૩૯૪ પ્રશ્નોના મૌખિક જવાબ આપવામાં આવ્યા હતા.

(૪) સત્ર દરમિયાન તારાંકિત પ્રશ્નોની કુલ ૩૭ યાદીઓમાંથી વધુમાં વધુ ૯૪ પ્રશ્નો તા. ૧૫-૨-૮૯ના રોજ અને ઓછામાં ઓછા ૩૦ પ્રશ્નો તા. ૨૧-૩-૮૯ના રોજની યાદીમાં હતા.

અરધા કલાકની ચર્ચા

૭. સત્ર દરમિયાન નિયમ ૯૨ હેઠળની અરધા કલાકની ચર્ચા ઉપસ્થિત કરવા માટેની કુલ ત્રણ સૂચનાઓ મળી હતી અને ત્રણેય સૂચનાઓ નામંજૂર કરવામાં આવી.

સરકારી વિધેયકો

૮. **દાખલ કરવાના સરકારી વિધેયકો.**— સત્ર દરમિયાન કુલ ૨૦ સરકારી વિધેયકો સભા-ગૃહમાં દાખલ કરવામાં આવ્યા હતા. (જુઓ પત્રક ક્રમાંક-૯).

૯. **પહેલા, બીજા અને ત્રીજા વાંચન માટેના સરકારી વિધેયકો :**— સત્ર દરમિયાન પહેલા, બીજા અને ત્રીજા વાંચન માટેના કુલ ૨૯ સરકારી વિધેયકો હતા, તે પૈકી સન ૧૯૮૯ના વિધેયક ક્રમાંક-૧, ૨, ૪ થી ૧૧, ૧૭, ૨૦ અને ૨૩થી ૨૭ આમ કુલ ૧૭ વિધેયકો પસાર કરવામાં આવ્યા હતા. ૧૧ વિધેયકો સમયના અભાવે હાથ ધરી શકાયા ન હતા (જુઓ પત્રક ક્રમાંક-૧૦).

સને ૧૯૮૯નું વિધેયક ક્રમાંક-૩ સન ૧૯૮૯નું ગુજરાત માધ્યમિક શિક્ષણ (સુધારા) વિધેયક નીચે જણાવેલ સભ્યોની બનેલી પ્રવર સમિતિને તા. ૩૦મી સપ્ટેમ્બર, ૧૯૮૯ સુધીમાં પોતાનો અહેવાલ સભાગૃહને સાદર કરવાની સૂચના સાથે સોંપવામાં આવ્યું હતું.

(૧) શ્રી અરવિંદભાઈ સંઘવી, માન. શિક્ષણ મંત્રી, સમિતિના પ્રમુખશ્રી
(૨) શ્રી નલિનભાઈ પટેલ, સંસદીય બાબતોના મંત્રીશ્રી

(૩) શ્રી ચીમનભાઈ પટેલ, વિરોધપક્ષના નેતાશ્રી,
(૪) શ્રી લક્ષ્મણભાઈ પટણી,
(૫) પ્રો. ધનશ્યામ ઠક્કર,
(૬) શ્રી આશાભાઈ બારૈયા,
(૭) શ્રીમતી ભારતીબેન પટેલ.
(૮) શ્રી ગોરધનભાઈ પટેલ,
(૯) શ્રી નવિનભાઈ શાસ્ત્રી,
(૧૦) શ્રી ખોડીદાન ઝુલા,
(૧૧) શ્રી અશોક ભટ્ટ,
(૧૨) શ્રી લીલાધરભાઈ વાઘેલા,
(૧૩) શ્રી પ્રબોધકાન્ત પંડયા,

પસાર થયેલા સરકારી વિધેયકો અને તેનું વિષયવાર વર્ગીકરણ

૧૦. વિધેયકોનું વર્ગીકરણ

(૧)	મુંબઈ રાજ્યના અમલી કાયદાને સુધારતા વિધેયકો	૩
(૨)	ગુજરાત રાજ્યના અમલી કાયદાને સુધારતા વિધેયકો	૯
(૩)	મૂળ વિધેયકો	૫
	કુલ	૧૭

૧૧. વિષયવાર વર્ગીકરણ

(૧)	નાણાકીય બાબતો અને કરવેરાને લગતાં વિધેયકો	૯
(૨)	ખેતી અને જમીનને લગતા વિધેયકો	૨
(૩)	સ્થાનિક સ્વરાજ્યની સંસ્થાને લગતા વિધેયકો	૧
(૪)	અન્ય બાબતોને લગતા વિધેયકો	૫
	કુલ	૧૭

વટહુકમોનું સ્થાન લેતા વિધેયકો

૧૨. સત્ર દરમિયાન સન ૧૯૮૮ના વટહુકમ ક્રમાંક-૪ થી ૧૩ એમ કુલ ૧૦ વટહુકમો અને તે વટહુકમો બહાર પાડવા અંગેના સંજોગો સમજાવતાં નિવેદનો સભાગૃહના મેજ ઉપર મૂકવામાં આવ્યાં હતા. જે પૈકી વટહુકમ ક્રમાંક-૫ થી ૧૩નું સ્થાન લેતાં સન ૧૯૮૯ના વિધેયકો ક્રમાંક-૧, ૨ તથા ૪ થી ૧૦ પસાર કરવામાં આવ્યાં હતાં. જ્યારે સન ૧૯૮૮ના વટહુકમ ક્રમાંક-૪નું સ્થાન લેતું સન ૧૯૮૯નું વિધેયક ક્રમાંક-૩ પ્રવર સમિતિને સોંપવામાં આવ્યું હતું.

વિધાનસભાના મેજ ઉપર મૂકાયેલા રાષ્ટ્રપતિ/રાજ્યપાલશ્રીની અનુમતિવાળા વિધેયકો

૧૩. સત્ર દરમિયાન રાષ્ટ્રપતિ/રાજ્યપાલશ્રીની અનુમતિવાળાં નીચેના વિધેયકો વિધાનસભાના મેજ પર મૂકવામાં આવ્યાં હતાં.

અ. નં.	વિધેયકનો નંબર અને ટૂંકી સંજ્ઞા	કોની અનુમતિ મળી	મેજ પર મૂકયા તારીખ
૧	૨	૩	૪
૧.	સન ૧૯૮૮નું વિધેયક ક્રમાંક-૧૯ સન ૧૯૮૮નું ગુજરાત વિધાનસભાના અધ્યક્ષના અને મંત્રીઓના પગાર અને ભથ્થાંને લગતા કાયદા (સુધારવા) બાબત વિધેયક	રાજ્યપાલશ્રી	૩૦-૧-૮૯
૨.	સન ૧૯૮૮નું વિધેયક ક્રમાંક-૧૯ સન ૧૯૮૮નું મુંબઈ વિદ્યુત શુલ્ક (ગુજરાત સુધારા) વિધેયક	”	૩૦-૧-૮૯
૩.	સન ૧૯૮૮નું વિધેયક ક્રમાંક-૨૫ સન ૧૯૮૮નું ગુજરાત વિનિયોગ (વધારાના ખર્ચ) વિધેયક	”	૩૦-૧-૮૯
૪.	સન ૧૯૮૮નું વિધેયક ક્રમાંક-૨૭ સન ૧૯૮૮નું મુંબઈ સ્ટેમ્પ (ગુજરાત સુધારા) વિધેયક	”	૩૦-૧-૮૯
૫.	સન ૧૯૮૮નું વિધેયક ક્રમાંક-૨૯ સન ૧૯૮૮નું મુંબઈ મોટર સ્પીરીટ વેચાણવેરા (ગુજરાત સુધારા) વિધેયક	”	૩૦-૧-૮૯
૬.	સન ૧૯૮૮નું વિધેયક ક્રમાંક ૩૦ સન ૧૯૮૮નું ગુજરાત વેચાણવેરા (દ્વિતીય સુધારા) વિધેયક	”	૩૦-૧-૮૯
૭.	સન ૧૯૮૯નું વિધેયક ક્રમાંક-૧ સન ૧૯૮૯નું મુંબઈ પોલીસ (ગુજરાત સુધારા) વિધેયક	”	૧૭-૩-૮૯
૮.	સન ૧૯૮૯નું વિધેયક ક્રમાંક-૨ સન ૧૯૮૯નું ગુજરાત રાજ્ય બાંયધરી (સુધારા) વિધેયક	”	૧૭-૩-૮૯
૯.	સન ૧૯૮૯નું વિધેયક ક્રમાંક ૪ સન ૧૯૮૯નું મુંબઈ દિવાની કોર્ટ (ગુજરાત સુધારા) વિધેયક	રાષ્ટ્રપતિ	૧૭-૩-૮૯
૧૦.	સન ૧૯૮૯નું વિધેયક ક્રમાંક-૫ સન ૧૯૮૯નું ગુજરાત વેચાણવેરા (સુધારા) વિધેયક	રાજ્યપાલશ્રી	૧૭-૩-૮૯

૧	૨	૩	૪
૧૧.	સન ૧૯૮૯નું વિધેયક ક્રમાંક-૬ સન ૧૯૮૯નું ગુજરાત આદિજાતિ વિકાસ કોરપોરેશન (સુધારા) વિધેયક	રાજ્યપાલશ્રી	૧૭-૩-૮૯
૧૨.	સન ૧૯૮૯નું વિધેયક ક્રમાંક-૭ સન ૧૯૮૯નું ગુજરાત ખાનગી શસ્ત્રધારીદળ નિભાવ પ્રતિબંધ વિધેયક	રાજ્યપાલશ્રી	૧૭-૩-૮૯
૧૩.	સન ૧૯૮૯નું વિધેયક ક્રમાંક-૮ સન ૧૯૮૯નું ગુજરાત મનોરંજન કર (સુધારા) વિધેયક	રાજ્યપાલશ્રી	૧૭-૩-૮૯
૧૪.	સન ૧૯૮૯નું વિધેયક ક્રમાંક-૯ સન ૧૯૮૯નું ગુંજરાત (હોટલ અને નિવાસગૃહ) સુખ સુંવિધા કર (સુધારા) વિધેયક	રાજ્યપાલશ્રી	૧૭-૩-૮૯
૧૫.	સન ૧૯૮૯નું વિધેયક ક્રમાંક-૧૦ સન ૧૯૮૯નું ગુજરાત શેરડી ઉપર ખરીદ વેરા વિધેયક	રાષ્ટ્રપતિશ્રી	૨૧-૩-૮૯
૧૬.	સન ૧૯૮૯નું વિધેયક ક્રમાંક-૧૧ સન ૧૯૮૯નું ગુજરાત ખેત ઉત્પન્ન બજાર (સુધારા) વિધેયક	રાજ્યપાલશ્રી	૧૭-૩-૮૯
૧૭.	સન ૧૯૮૯નું વિધેયક ક્રમાંક-૧૭ સન ૧૯૮૯નું ગુજરાત (પૂરક) વિનિયોગ વિધેયક.	રાજ્યપાલશ્રી	૧૭-૩-૮૯

નાણાકીય કામકાજ

અંદાજપત્ર

૧૪. (ક) **રજૂઆત** :—સત્ર દરમિયાન સન ૧૯૮૯-૯૦ના વર્ષ માટે કુલ રૂ. ૫૦,૬૫,૫૧,૧૮,૦૦૦/—નું અંદાજપત્ર શુક્રવાર, તારીખ ૧૭મી ફેબ્રુઆરી, ૧૯૮૯ના રોજ સભાગૃહ સમક્ષ રજૂ કરવામાં આવ્યું હતું. જેમાં મતપાત્ર રકમ રૂ. ૪૧,૪૦,૬૫,૪૮,૦૦૦/- અને બિનમતપાત્ર રકમ રૂ. ૯,૨૪,૮૫,૭૦,૦૦૦/- હતી.

(ખ) **સામાન્ય ચર્ચા** :—અંદાજપત્ર ઉપર તારીખ ૨૪મી ફેબ્રુઆરી, ૨૭મી ફેબ્રુઆરી, ૨૮મી ફેબ્રુઆરી અને ૧લી માર્ચ, ૧૯૮૯ એમ કુલ ચાર દિવસોએ સામાન્ય ચર્ચા કરવામાં આવી હતી.

(ગ) માગણીઓ ઉપર ચર્ચા અને મતદાન.— અંદાજપત્રની માગણીઓ ઉપર તા. ૩, ૭, ૮ (બે બેઠકો), ૯,૧૦,૧૩,૧૪ (બે બેઠકો) ૧૫,૧૬,૧૭, ૨૦ અને ૨૧મી માર્ચ, ૧૯૮૯ના રોજ કુલ ૧૨ દિવસો દરમ્યાન સભાગૃહની ૧૪ બેઠકોમાં ચર્ચા અને મતદાન કરવામાં આવ્યું હતું.

કુલ ૧૦૩ માગણીઓ સભાગૃહની મંજૂરી માટે રજૂ કરવામાં આવી હતી. જેમાંથી ૭૨ માગણીઓ ચર્ચા માટે પસંદ કરવામાં આવી હતી. અંદાજપત્રમાં રજૂ થયેલી બધી માગણીઓ સભાગૃહે પસાર કરી હતી, (જુઓ પત્રક ક્રમાંક—૧૧). ત્યારબાદ મંગળવાર, તારીખ ૨૮મી માર્ચ, ૧૯૮૯ના રોજ ગુજરાત વિનિયોગ વિધેયક, ૧૯૮૯ સભાગૃહે પસાર કર્યું હતું.

(ઘ) કાપ દરખાસ્તો—અંદાજપત્રની માગણીઓ ઉપર કુલ ૧૧૯૬ કાપ દરખાસ્તો આવી હતી. તેમાંથી ૧૧૦૯ કાપ દરખાસ્તો દાખલ કરવામાં આવી હતી અને બાકીની ૮૭ કાપ દરખાસ્તો નામંજૂર કરવામાં આવી હતી. દાખલ કરવામાં આવેલી ૧૧૦૯ કાપ દરખાસ્તો પૈકી સરખા વિષયની કાપ દરખાસ્તોની સૂચનાઓમાં સભ્યશ્રીઓના નામ જોડતાં કુલ ૩૩૫ કાપ દરખાસ્તોનો એકત્રિત યાદીમાં સમાવેશ કરવામાં આવ્યો હતો. તારીખ ૭મી માર્ચ, ૧૯૮૯ના રોજ વિપક્ષોએ સભાત્યાગ કર્યો હોવાથી માગણીઓ ઉપર કોઈ કાપદરખાસ્તો રજૂ કરવામાં આવી નહતી. પરંતુ ચર્ચાને અંતે માગણીઓ પસાર કરવામાં આવી હતી અને તા. ૩--૩--૮૯, ૮--૩--૮૯ (બે બેઠકો), ૧૪--૩--૮૯ (બે બેઠકો) ૧૬--૩--૮૯, ૨૦--૩--૮૯ અને ૨૧--૩--૮૯ના રોજ રજૂ થયેલી કાપદરખાસ્તો ચર્ચાને અંતે પાછી ખેંચાઈ હતી. તે સિવાયના દિવસોએ રજૂ થયેલી કાપદરખાસ્તોનો સભાગૃહે અસ્વીકાર કર્યો હતો અને બધી જ માગણીઓ સભાગૃહે પસાર કરી હતી.

ખર્ચનું પૂરક પત્રક

૧૫. (ક) રજૂઆત.— સન ૧૯૮૮--૮૯ના વર્ષ માટેનું રૂ. ૧૦,૯૫,૮૧,૬૭,૦૦૦/- નું ખર્ચનું પૂરક પત્રક સોમવાર, તા. ૧૩મી ફેબ્રુઆરી, ૧૯૮૯ના રોજ સભાગૃહ સમક્ષ રજૂ કરવામાં આવ્યું હતું, જેમાં મતપાત્ર રકમ રૂ. ૪,૪૩,૮૦,૯૯,૦૦૦/- અને બિન-મતપાત્ર રકમ રૂ. ૬,૫૨,૦૦,૬૮,૦૦૦/- હતી.

(ખ) પૂરક માગણીઓ ઉપર ચર્ચા અને મતદાન.—પૂરક માગણીઓ ઉપર ચર્ચા અને મતદાન તા. ૨૦--૨--૮૯ અને તા. ૨૧--૨--૮૯ એમ કુલ ૨ દિવસોએ થયું હતું. પૂરક પત્રકમાં સમાવિષ્ટ કુલ ૮૯ માગણીઓ સભાગૃહની મંજૂરી માટે રજૂ કરવામાં આવી હતી. તેમાંથી ૧૧ માગણીઓ ચર્ચા માટે પસંદ કરવામાં આવી હતી. રજૂ થયેલી બધી માગણીઓ સભાગૃહે પસાર કરી હતી. (જુઓ પત્રક ક્રમાંક—૧૨) ત્યારબાદ ગુરુવાર, તા. ૨૩મી ફેબ્રુઆરી, ૧૯૮૯ના રોજ ગુજરાત પૂરક વિનિયોગ વિધેયક પસાર કરવામાં આવ્યું હતું.

(ગ) કાપ દરખાસ્તો :—પૂરક માગણીઓ ઉપર કુલ ૧૩૧ કાપદરખાસ્તો આવી હતી. તેમાંથી કુલ ૧૨૫ કાપદરખાસ્તો દાખલ કરવામાં આવી હતી. દાખલ કરવામાં આવેલી કુલ ૧૨૫ કાપદરખાસ્તો પૈકી સરખા વિષયની કાપદરખાસ્તોની સૂચનાઓમાં સભ્યોના નામ જોડતા

કુલ ૪૧ કાપદરખાસ્તોનો એકત્રિત યાદીમાં સમાવેશ કરવામાં આવ્યો હતો. બાકીની ૬ કાપદરખાસ્તો નામંજૂર કરવામાં આવી હતી. તા. ૨૦--૨--૮૯ના રોજ ચર્ચાને અંતે પૂરક માગણીઓ ઉપર રજૂ થયેલી કાપદરખાસ્તોનો સભાગૃહે અસ્વીકાર કર્યો હતો. જ્યારે તા. ૨૧--૨--૮૯ના રોજ પ્રભારી સભ્યશ્રીઓ સભાગૃહમાં હાજર ન હોવાથી કાપદરખાસ્તો રજૂ થઈ શકી ન હતી અને બધી જ પૂરક માગણીઓ સભાગૃહે પસાર કરી હતી.

વધારાના ખર્ચનું પત્રક :

૧૬. (ક) **રજૂઆત :** સન ૧૯૮૧--૮૨ના વર્ષ માટેનું વધારાના ખર્ચનું પત્રક મંગળવાર, તા. ૨૧મી માર્ચ, ૧૯૮૯ના રોજ સભાગૃહ સમક્ષ રજૂ કરવામાં આવ્યું હતું. જેમાં નીચે દર્શાવ્યા પ્રમાણેની રકમનો સમાવેશ કરવામાં આવ્યો હતો.

વર્ષ	મતપાત્ર રકમ રૂા.	બિનમતપાત્ર રકમ રૂા.	કુલ રકમ રૂા.
૧	૨	૩	૪
૧૯૮૧--૮૨	૭૮,૨૨,૧૩,૯૨૧	૫૪,૪૬,૦૯૬	૭૮,૭૬,૬૦,૦૧૭

(ખ) **વધારાની માગણીઓ પર ચર્ચા અને મતદાન**—૧૯૮૧--૮૨ના વધારાના ખર્ચના પત્રકમાંની માગણીઓ પર ચર્ચા અને મતદાન માટે સોમવાર, તા. ૨૭મી માર્ચ, ૧૯૮૯નો દિવસ ફાળવવામાં આવ્યો હતો. આ દિવસે પત્રકમાં સમાવિષ્ટ કરેલી તમામ માગણીઓ ચર્ચાને અંતે સભાગૃહે વિના વિરોધે પસાર કરી હતી. ત્યારબાદ બુધવાર, તા. ૨૯મી માર્ચ, ૧૯૮૯ના રોજ ૧૯૮૧--૮૨ના વર્ષની વધારાની માગણીઓ માટે ગુજરાત વિનિયોગ (વધારાના ખર્ચ) વિધેયક પસાર કરવામાં આવ્યું હતું.

સભા મોકુફીનો પ્રસ્તાવ (નિયમ—૧૦૮)

૧૭. સત્ર દરમિયાન તાકીદની જાહેર અગત્યની બાબત પર ચર્ચા કરવા માટે ગુજરાત વિધાનસભાના નિયમોના નિયમ--૧૦૮ હેઠળ સભામોકૂફીના પ્રસ્તાવની એક જ વિષયને લગતી ૩ સૂચનાઓ મળી હતી. જેને એકત્રિત (Club) કરીને સભાગૃહમાં રજૂ કરવા ગૃહની અનુમતિ માગવા માટે માનનીય અધ્યક્ષશ્રીએ સંમતિ આપી હતી. તા. ૭મી માર્ચ, ૧૯૮૯ના રોજ સભ્યે પ્રસ્તાવ રજૂ કરવા માટે સભાગૃહની પરવાનગી માગી હતી. સભ્યશ્રીને ગૃહની અનુમતી મળતાં તેમજ સભાગૃહની લાગણી ધ્યાનમાં લઈ તરત જ (બપોરે ૧—૧૦) તેના પર ચર્ચા હાથ ધરવામાં આવી હતી. ચર્ચાને અંતે પ્રસ્તાવનો અસ્વીકાર થયો હતો. (જુઓ પત્રક ક્રમાંક ૧૭).

વૈધાનિક પ્રસ્તાવો (નિયમ—૧૦૦)

૧૮. સત્ર દરમિયાન નિયમ--૧૦૦ હેઠળના વૈધાનિક પ્રસ્તાવોની ૪ સૂચનાઓ મળી હતી જે માનનીય અધ્યક્ષશ્રીએ દાખલ કરી હતી. ઉપરાંત અગાઉના સત્ર દરમિયાન હાથ ધરી ન શકાયેલ અને બાકી રહેલ ૩ પ્રસ્તાવો સહિત કુલ ૭ વૈધાનિક પ્રસ્તાવો પૈકી ૨ વૈધાનિક પ્રસ્તાવો ચર્ચાને અંતે સભાગૃહે પસાર કર્યા હતા, જ્યારે ૫ પ્રસ્તાવો સમયના અભાવે સભાગૃહમાં હાથ ધરી શકાયા ન હતા. (જુઓ પત્રક ક્રમાંક ૧૪).

વટહુકમો નામંજૂર કરતા પ્રસ્તાવો [નિયમ ૧૫૨ (૨)]

૧૯. સન ૧૯૮૮ના વટહુકમ ક્રમાંક ૪ અને ૬ થી ૧૩ને નામંજૂર કરવા માટેના પ્રસ્તાવોની કુલ ૨૨ સૂચનાઓ મળી હતી, જે પૈકી ૧ સૂચના માનનીય અધ્યક્ષશ્રીએ નામંજૂર કરી હતી અને ૨૧ સૂચનાઓ દાખલ કરી હતી. આ પ્રસ્તાવો પરની ચર્ચા અને તેના પરિણામ માટે (જુઓ પત્રક ક્રમાંક--૧૫)

વટહુકમો અને તે બહાર પાડવા અંગેના નિવેદનો

૨૦. સત્ર દરમિયાન સન ૧૯૮૮ના વટહુકમ ક્રમાંક ૪ થી ૧૩ અને આ વટહુકમો બહાર પાડવા અંગેના સંજોગો સમજાવતા નિવેદનો સભાગૃહના મેજ ઉપર મૂકવામાં આવ્યાં હતાં. (જુઓ પત્રક ક્રમાંક—૧૬)

ચર્ચા માટેનો દિવસ નક્કી ન થયો હોય તેવા પ્રસ્તાવો (નિયમ—૧૦૧)

૨૧. ગુજરાત વિધાનસભાના નિયમોના નિયમ-૧૦૧ હેઠળ જેની ચર્ચા માટે દિવસ નક્કી ન થયો હોય તેવા પ્રસ્તાવોની કુલ ૨ સૂચનાઓ મળી હતી. જે બંને દાખલ કરવામાં આવી હતી. દાખલ થયેલી બંને સૂચનાઓને કામકાજ સલાહકાર સમિતિએ ચર્ચા માટે પસંદ કરી હતી પસંદ કરેલી સૂચનાઓ પૈકી એક સૂચના તા. ૯-૩-૮૯ના રોજ ચર્ચા માટે હાથ ધરવામાં આવી હતી અને ચર્ચાને અંતે સભાગૃહે તેનો અસ્વીકાર કર્યો હતો. બીજી સૂચના તા. ૩૦મી માર્ચ, ૧૯૮૯ના રોજ ચર્ચા માટે હાથ ધરવામાં આવી હતી. સૂચના ચર્ચા કરવાના સ્વરૂપની હોવાથી તેના પર સભાગૃહે માત્ર ચર્ચા કરી હતી. (જુઓ પત્રક ક્રમાંક ૧૭).

છેલ્લા દિવસનો પ્રસ્તાવ (નિયમ—૧૦૨)

૨૨. ગુજરાત વિધાનસભાના નિયમોના નિયમ-૧૦૨ હેઠળ છેલ્લા દિવસનો પ્રસ્તાવ રજૂ કરવાની ઈચ્છા વ્યકત કરતી કુલ ૪૧ સૂચનાઓ આવી હતી. આવી સૂચનાઓ આપનાર

સભ્યશ્રીઓનાં નામોનું બેલટ તા. ૨૮-૩-૧૯૮૯ ના રોજ યોજવામાં આવ્યું હતું. બેલટમાં જેમને અગ્રતા મળી હતી. તે સભ્યશ્રી લક્ષ્મણભાઈ આગઠે, "પોરબંદરને અલગ જિલ્લો બનાવવા અંગે" નાં પ્રસ્તાવની સૂચના આપી હતી. જે દાખલ કરવામાં આવી હતી. આ પ્રસ્તાવ પર સભ્યશ્રીની ગેરહાજરીને કારણે ગૃહમાં ચર્ચા થઈ શકી ન હતી.

ટૂંક સમયની ચર્ચા (નિયમ—૧૧૨)

૨૩. ગુજરાત વિધાનસભાના નિયમોના નિયમ-૧૧૨ હેઠળ તાકીદની જાહેર અગત્યની બાબત પર ટૂંક સમયની ચર્ચા ઉપસ્થિત કરવા માટે કુલ-૨ સૂચનાઓ મળી હતી, જે નામંજૂર કરવામાં આવી હતી.

ધ્યાન દોરતી સૂચનાઓ (નિયમ—૧૧૬)

૨૪. ગુજરાત વિધાનસભાના નિયમોના નિયમ-૧૧૬ હેઠળ તાકીદની જાહેર અગત્યની બાબત પર મંત્રીશ્રીનું ધ્યાન દોરતી કુલ ૧૮૨ સૂચનાઓ આવી હતી, જેમાંથી ૧૧૮ સૂચનાઓ નામંજૂર કરવામાં આવી હતી. બાકીની ૬૪ સૂચનાઓ પૈકી સરખા વિષયની સૂચનાઓમાં સભ્યશ્રીઓનાં નામ જોડતાં કુલ ૩૬ સૂચનાઓ દાખલ કરવામાં આવી હતી. ૪ કિસ્સામાં સભ્યશ્રીઓની ગેરહાજરીને કારણે નિવેદનો થઈ શકયાં ન હતાં. એક સૂચનાની બાબત ન્યાયાધિન (Sub-Judico) હોઈ સભ્યશ્રીઓએ સૂચના રજૂ કરી નહીં અને એક સૂચના નિયમ-૨૧ અન્વયે રદ થઈ. જ્યારે બાકીની સૂચનાઓ સંબંધે લાગતાવળગતા મંત્રીશ્રીઓએ સભાગૃહમાં નિવેદનો કર્યા હતાં. (જુઓ પત્રક ક્રમાંક ૧૮/

અધ્યક્ષશ્રીની આગાઉથી અનુમતિ મેળવીને સભ્યશ્રીઓએ સભાગૃહમાં ૨૦ મુદ્દા ઉપસ્થિત કર્યા હતા, જે અંગે સંબંધિત મંત્રીશ્રીઓએ મૌખિક નિવેદનો કર્યા હતાં.

જાહેર અગત્યની બાબતો પર મંત્રીશ્રીઓનાં નિવેદનો (નિયમ—૪૪)

૨૫. સત્ર દરમિયાન ગુજરાત વિધાનસભાના નિયમોના નિયમ-૪૪ હેઠળ જાહેર અગત્યની બાબતો પર સંબંધિત મંત્રીશ્રીઓએ સભાગૃહમાં નીચે મુજબ કુલ ૫ નિવેદનો કર્યા હતાં.

અનુ. નં.	નિવેદનનો વિષય (ટૂંકમાં)	નિવેદન કરનાર મંત્રીશ્રીનું નામ	નિવેદન કર્યા તારીખ
૧	૨	૩	૪
(૧)	ચોખાના વેચાણ ભાવમાં વધારા અંગે	શ્રી મગનભાઈ સોલંકી (નાગરિક પુરવઠા મંત્રીશ્રી)	૧૦-૨-૮૯

૧	૨	૩	૪
(૨)	મગફળીની ખરીદી અંગે	શ્રી દોલતભાઈ પરમાર (કૃષિ મંત્રીશ્રી)	૨૩-૨-૮૯
(૩)	૧૯૮૯-૯૦ના અંદાજપત્રમાં સૂચવેલ વ્યવસાય વેરામાં ઘટાડા બાબત	શ્રી અરવિંદ સંઘવી (નાણાં મંત્રીશ્રી)	૩-૩-૮૯
(૪)	ગ્રાહક સુરક્ષા અધિનિયમ, ૧૯૮૬ની જોગવાઈ હેઠળ સ્ટેટ કમિશન અને જિલ્લા ફોરમની રચના અંગે	શ્રી મગનભાઈ રોલાંકી (નાગરિક પુરવઠા મંત્રીશ્રી)	૧૬-૩-૮૯
(૫)	મેહરોત્રા કમિશનની ભલામણો ગુજરાત કૃષિ યુનિવર્સિટીને લાગુ પાડવા અંગે	શ્રી દોલતભાઈ પરમાર (કૃષિ મંત્રીશ્રી)	૨૦-૩-૮૯

બિન-સરકારી વિધેયકો

૨૬. **દાખલ કરવાનાં બિન-સરકારી વિધેયકો.**—સત્ર દરમિયાન ૧૬ બિન-સરકારી વિધેયકો દાખલ કરવાના હતા જે પૈકી ૩ વિધેયકો તા. ૧૬મી ફેબ્રુઆરી, ૧૯૮૯ના રોજ, ૨ વિધેયકો તા. ૨જી માર્ચ, ૧૯૮૯ના રોજ તથા ૨ વિધેયકો તા. ૨૦મી માર્ચ, ૧૯૮૯ના રોજ સભાગૃહમાં દાખલ કરવામાં આવ્યાં હતાં. ૯ વિધેયકો બિન-સરકારી કામકાજ માટે ઠરાવેલ દિવસ રદ કરવામાં આવતા દાખલ કરી શકાયા ન હતા. (જુઓ પત્રક ક્રમાંક—૧૯).

૨૭. **પહેલા, બીજા અને ત્રીજા વાંચન માટેના બિન-સરકારી વિધેયકો.**—સાતમી ગુજરાત વિધાનસભાના આઠમા સત્રના અંતે નિકાલ માટે બાકી રહેલા ૧૭ બિન-સરકારી વિધેયકો અને નવમા સત્રમાં દાખલ કરવામાં આવેલા ૭ બિન-સરકારી વિધેયકો સહિત કુલ ૨૪ બિન-સરકારી વિધેયકો પહેલા, બીજા અને ત્રીજા વાંચન માટે હાથ ધરવાનાં હતાં. તે પૈકી ચર્ચા માટે હાથ ધરવામાં આવેલા ૬ બિન-સરકારી વિધેયકો ચર્ચાને અંતે સભાગૃહની અનુમતિથી પાછા ખેંચી લેવામાં આવ્યા હતાં. ૪ બિન-સરકારી વિધેયકોનો પહેલા વાંચન માટેનો પ્રસ્તાવ વિધેયકના પ્રભારી સભ્યશ્રીઓ દ્વારા સભાગૃહમાં રજૂ કરવામાં આવ્યો ન હતો તથા ૪ બિન-સરકારી વિધેયકો બિનસરકારી કામકાજ માટેનો ઠરાવેલો દિવસ રદ થતા વાંચન માટે હાથ ધરી શકાયાં ન હતાં. (જુઓ પત્રક ક્રમાંક—૨૦) અને સત્રના અંતે ૧૮ બિન-સરકારી વિધેયકો વિચારણા માટે બાકી રહ્યાં હતાં. (જુઓ પત્રક ક્રમાંક—૨૧.)

દાખલ થયેલા બિન-સરકારી વિધેયકો અને તેનું વર્ગીકરણ

૨૮. વિધેયકોનું વર્ગીકરણ

(૧)	મૂળ વિધેયકો	૨
(૨)	મુંબઈ રાજ્યના અમલી કાયદાને સુધારતા વિધેયકો	૨
(૩)	ગુજરાત રાજ્યના અમલી કાયદાને સુધારતા વિધેયકો.	૩
	કુલ...	૭

૨૯. વિષયવાર વર્ગીકરણ

(૧)	સહકારને લગતાં	૨
(૨)	સ્થાનિક સ્વરાજની સંસ્થાઓને લગતાં વિધેયકો	૨
(૩)	ન્યાય તંત્રને લગતું વિધેયક	૧
(૪)	જાહેર ટ્રસ્ટને લગતું વિધેયક	૧
(૫)	મૈત્રી કરારને લગતું વિધેયક	૧
	કુલ...	૭

બિન-સરકારી સંકલ્પો (નિયમ—૧૧૭)

૩૦. બિન-સરકારી સંકલ્પોની ચર્ચા માટે તા. ૯—૨—૮૯, ૨૩—૨—૮૯, ૯—૩—૮૯ અને ૨૭—૩—૮૯ એમ કુલ ચાર દિવસો ફાળવ્યા હતાં.

ઉપર દર્શાવિલા ચાર દિવસો માટે બિન-સરકારી સંકલ્પો રજૂ કરવાની ઈચ્છા વ્યકત કરતી સૂચનાઓ અનુક્રમે ૫૦, ૩૨, ૩૮ અને ૨૬ આવી હતી. આવી સૂચનાઓ આપનાર સભ્યશ્રીઓનાં નામોનું બેલટ અનુક્રમે તા. ૧—૨—૮૯, ૧૫—૨—૮૯, ૨૮—૨—૮૯ અને ૧૩—૩—૮૯ના રોજ યોજવામાં આવ્યું હતું.

ઉપર દર્શાવિલા ચાર વખતના બેલટમાં આવેલ સભ્યશ્રીઓએ સંકલ્પની એક-એક સૂચના આપી હતી તે પૈકી તા. ૯—૨—૮૯ના રોજના બિન-સરકારી સંકલ્પો માટે સભ્યશ્રીઓએ આપેલ સૂચનાઓમાંથી બેલટમાં પ્રથમ આવનાર સભ્યશ્રીની સૂચના નામંજૂર કરવામાં આવી હતી, જ્યારે બાકીની બધી સૂચનાઓ દાખલ કરવામાં આવી હતી. (સંકલ્પોની ચર્ચા અને તેના પરિણામ માટે જુઓ પત્રક ક્રમાંક—૨૨.)

ઔચિત્ય ભંગના મુદ્દા

૩૧. સત્ર દરમિયાન સભાગૃહમાં ઔચિત્ય ભંગના ચાર મુદ્દાઓ ઉપસ્થિત કરવામાં આવ્યા હતા.

(૧) તા. ૭–૨–૮૯ ના રોજ વિરોધપક્ષના નેતા શ્રી ચીમનભાઈ પટેલે સરકાર સભાગૃહની બેઠક જરૂરિયાત કરતા ઓછા સમય માટે બોલાવે છે. પરિણામે વટહુકમનું સ્થાન લેતા વિધેયકની વિચારણા કરીને સભાગૃહ તે પસાર કરી શકતું નથી તે પરિસ્થિતિ વાજબી નથી તેથી સરકારે જરૂરિયાત કરતા ઓછા સમય માટે સભાગૃહની બેઠક બોલાવવાની વૃત્તિ નહિ રાખવા બાબતનો ઔચિત્ય ભંગનો મુદ્દો ઉપસ્થિત કર્યો હતો. મુદ્દા સાથે સંમત થતા મા. અધ્યક્ષશ્રીએ જણાવ્યું હતું કે વટહુકમોનું સ્થાન લેતા વિધેયકો સત્રમાં નિયત સમય મર્યાદામાં પસાર થાય તે પરિસ્થિતિ વાસ્તવિક ગણવી જોઈએ અને વિધેયક ગૃહ સમક્ષ પડતર હોય તેવી બાબતમાં વટહુકમ બહાર પાડવાના પ્રસંગો નિવારવા જોઈએ. આમ થાય તેની સરકારે કાળજી લેવી જોઈએ અને ચિંતીત રહેવું જોઈએ.

(૨) તા. ૧૬–૩–૮૯ ના રોજ સભ્ય શ્રી સુરેશચંદ્ર રૂ. મહેતાએ તુષાર ચૌધરીને ગ્રેસમાર્ક આપવા બાબતના જસ્ટીસ શ્રી શાહના તપાસપંચનો અહેવાલ સભાગૃહમાં રજૂ થાય તે પહેલા અખબારોમાં પ્રસિદ્ધ થવા અંગેનો ઔચિત્ય ભંગનો મુદ્દો ઉપસ્થિત કર્યો હતો આ મુદ્દા સંબંધમાં માન. શિક્ષણ મંત્રીશ્રીનો ખુલાસો સાંભળ્યા બાદ માનનીય અધ્યક્ષશ્રીએ જણાવ્યું હતું કે શાહપંચના અહેવાલની વિગતો પ્રસિદ્ધ થઈ નથી આથી તેમણે મુદ્દો નામંજૂર કર્યો હતો.

(૩) તા, ૧૭–૩–૮૯ ના રોજ સભ્ય શ્રી અશોક ભટ્ટે ગુજરાત વિદ્યુત બોર્ડના ચેરમેનશ્રીએ રાજકોટમાં કુટિર જ્યોતિ ગ્રામ વીજળીકરણ યોજના અંગે કરેલી નીતિ વિષયક જાહેરાત અંગેનો ઔચિત્ય ભંગનો મુદ્દો ઉપસ્થિત કર્યો હતો. મુદ્દા સંબંધમાં માનનીય ઉર્જા મંત્રીશ્રીની સ્પષ્ટતા બાદ સભ્યશ્રીએ તેમનો મુદ્દો પાછો ખેંચી લીધો હતો.

(૪) તા. ૨૯–૩–૮૯ ના રોજ સભ્ય શ્રી દિનશા પટેલે એવો મુદ્દો ઉપસ્થિત કર્યો હતો કે નાણા મંત્રીશ્રી વ્યવસાય વેરામાં છૂટછાટ અંગે જે જાહેરાત કરવાની છે તેની જાહેરાત સભાગૃહમાં થાય તે પહેલાં તેની વિગતો બહાર પડી જવાથી સભાગૃહના ઔચિત્યનો ભંગ થયો છે. મા. અધ્યક્ષશ્રીએ પ્રસ્તુત મુદ્દાનો સ્વીકાર કરતા જણાવ્યું હતું કે સભ્ય શ્રી દીનશા પટેલ દ્વારા રજૂ થયેલ દસ્તાવેજની વિગતો અને નાણાં મંત્રીશ્રીના નિવેદનની વિગતો મળતી આવે છે આ તબક્કે મા. વિરોધપક્ષના નેતા શ્રી ચીમનભાઈ પટેલની રજૂઆત પછી નાણા મંત્રીશ્રીએ વ્યવસાય વેરામાં વધુ રાહતો અંગેની વિગત બહાર પડી જવા માટે તેમની જવાબદારી સ્વીકારી હતી અને આ અંગે તપાસ કરવામાં આવશે તેમ જણાવીને દિલગીરી વ્યકત કરી હતી.

૩૨. વિશેષાધિકાર ભંગના પ્રશ્નો.—સત્ર દરમિયાન વિશેષાધિકાર ભંગના પ્રશ્નોની ચાર સૂચનાઓ મળી હતી જે નામંજુર કરવામાં આવી હતી.

સભાગૃહનું અવમાન

૩૩. સત્ર દરમિયાન સભાગૃહની પ્રેક્ષક દીર્ઘામાંથી સૂત્રોચ્ચાર કરીને સભાગૃહનું અવમાન કરવાના કુલ બે કિસ્સા બન્યા હતા. તા. ૧૫--૩--૮૯ ના રોજ બનેલા પ્રથમ બનાવમાં દસ વ્યકિતઓએ પ્રેક્ષક દીર્ઘામાંથી સૂત્રોચ્ચાર કરતાં તેમની ધરપકડ કરવામાં આવી હતી. સંસદીય બાબતોના મંત્રીશ્રીએ પકડાયેલી વ્યકિતઓને સાત દિવસની જેલની સજા કરવાનો પ્રસ્તાવ રજૂ કર્યો હતો. જેના ઉપર સભ્ય શ્રી સુરેશ મહેતાએ સાત ને બદલે એક દિવસની સજા કરવામાં આવે તેવો સુધારો રજૂ કર્યો હતો. મા. વિરોધપક્ષના નેતા શ્રી ચિમનભાઈ પટેલે સાત દિવસને બદલે બે' દિવસની સજા કરવા અંગેનો સુધારો રજૂ કર્યો હતો. મા. વિરોધપક્ષના નેતાશ્રીના સુધારા સાથે બંદર અને મત્સ્યોદ્યોગ મંત્રીશ્રી હસમુખ પટેલ અને મા. મુખ્ય મંત્રીશ્રી સંમત થયા હતા. શ્રી સુરેશચંદ્ર રુ. મહેતાનો સુધારો મત પર મૂકવામાં આવ્યો હતો જેનો સભાગૃહે અસ્વીકાર કર્યો હતો ત્યારબાદ શ્રી ચીમનભાઈ પટેલનો સુધારો મત પર મૂકવામાં આવ્યો હતો જેનો સભાગૃહે સ્વીકાર કર્યો હતો. તદ-અનુસાર અવમાનકર્તાઓને બે દિવસની સજા ભોગવવા સાબરમતી સેન્ટ્રલ જેલ અમદાવાદ ખાતે મોકલવામાં આવ્યા હતા.

બીજા કિસ્સામાં તા. ૨૮--૩-૮૯ ના રોજ બનેલા બનાવમાં સભાગૃહની બેઠક પૂરી થાય છે તેવી જાહેરાત થયા બાદ તુરત જ એક વ્યકિતએ પ્રેક્ષક દીર્ઘામાંથી પત્રિકાઓ ફેંકી. બૂમો પાડી હતી. મા. સભાપતિના આદેશાનુસાર તેની અટકાયત કરીને પૂછપરછ બાદ કચેરી સમય પૂરો થતાં તેને જવા દેવામાં આવી હતી.

પોઈન્ટ ઓફ ઓર્ડર

૩૪. સત્ર દરમિયાન કુલ ૫ પોઈન્ટ ઓફ ઓર્ડર ઉઠાવવામાં આવ્યા હતા તેમાંથી ૧ પોઈન્ટ ઓફ ઓર્ડર માન્ય રાખવામાં આવ્યો હતો એટલે કે ૨૦ ટકા પોઈન્ટ ઓફ ઓર્ડર માન્ય રાખવામાં આવ્યો હતો ૪ પોઈન્ટ ઓફ ઓર્ડર માન્ય રાખવામાં આવ્યા નહોતા એટલે કે ૮૦ ટકા પોઈન્ટ ઓફ ઓર્ડર માન્ય રાખવામાં આવ્યા નહોતા.

યાદગાર પ્રસંગો

(૧) બજેટ સત્રના પ્રારંભે એટલે કે તા. ૨૭-૧-૮૯ ના રોજ નામદાર રાજ્યપાલશ્રીએ બપોરના ૧૨--૦૦ કલાકે પોતાનું સંબોધન શરુ કર્યું હતું. એ સાથે તુરત જ વિરોધપક્ષના સભ્યોએ ઉભા થઈને "પાક વીમા યોજનાના પૈસા ચૂકવી આપો." અને "ભ્રષ્ટાચાર નાબૂદ

કરો" વગેરેનો સામૂહિક સૂત્રોચ્ચાર ચાલુ કરી દીધો હતો. સત્તાધારી પક્ષના સભ્યો પણ ઘોંઘાટ કરી અવ્યવસ્થા ઉભી કરવામાં ભાગીદાર બન્યા. આ સૂત્રોચ્ચાર અને ઘોંઘાટ વચ્ચે પ્રવચનનો થોડોક ભાગ વાંચ્યા બાદ નામદાર રાજ્યપાલશ્રીએ પોતાનું પ્રવચન ટુંકાવી નાંખીને બાકીનું પ્રવચન વાંચી લીધેલું ગણી લેવા જણાવ્યું હતું.

(૨) રાજ્યપાલશ્રીના સંબોધન માટેના આભાર પ્રસ્તાવ ઉપર દર વખતે સુધારાની સૂચનાઓ આવે છે. પરંતુ આ વખતે એકપણ સૂચના આવી ન હતી અને પ્રસ્તાવ ઉપર કોઇ સુધારા રજૂ થયા ન હતા.

(૩) તા. ૬--૨--૮૯ના રોજ વિરામ બાદ શ્રી અશોક ભટ્ટે સભાગૃહની લોબ્જમાં કેટલાક સભ્યોને અન્ય સભ્યો દ્વારા અપાતી ધમકીના બનાવ અંગે ગૃહમાં મુદ્દો ઉપસ્થિત કરતાં માન. અધ્યક્ષશ્રીએ તે અંગે અવલોકન કરતાં જણાવ્યું હતું કે લોબ્જમાં જે કાંઇ બનાવો બન્યા છે. તેવા બનાવો ભવિષ્યમાં બને નહીં તે માટે દરેક પક્ષના આગેવાનો કાળજી રાખે.

(૪) તા. ૨૭--૨--૮૯ ના રોજ પ્રશ્નોત્તરી પછી તરત જ વિરોધપક્ષના સભ્યોએ વ્યવસાય વેરા અંગે ગુજરાત બંધના અનુસંધાને નાણા મંત્રીશ્રીને નિવેદન કરવા વિનંતી કરી હતી અને વિરોધપક્ષના સભ્યોએ પોતાના સ્થાન ઉપર ઉભા થઈને "વ્યવસાય વેરો નાબૂદ કરો" નો સૂત્રોચ્ચાર કર્યો હતો. ત્યારબાદ અંદાજપત્ર પરની સામાન્ય ચર્ચા વખતે ફરી સૂત્રોચ્ચાર કર્યા અને ઉપાધ્યક્ષશ્રી સિવાય વિરોધપક્ષના તમામ સભ્યોએ સભાત્યાગ કર્યો. અંદાજપત્ર પરની સામાન્ય ચર્ચા ઉપર ગૃહમાં હાજર રહેલા સભ્યોએ ભાગ ન લેતાં ગૃહની બેઠક વહેલી પૂરી થઇ.

(૫) તા. ૨૮--૨--૮૯ ના રોજ વિરોધપક્ષના મોટાભાગના સભ્યશ્રીઓએ "વ્યવસાય વેરો નાબૂદ કરો" ના સતત સૂત્રોચ્ચાર કરતાં અધ્યક્ષશ્રીએ તેમને સભાગૃહ છોડી જવા આદેશ આપ્યો. તેમ છતાં તેનો અમલ કરવાને બદલે સૂત્રોચ્ચાર ચાલુ રહેતાં અધ્યક્ષશ્રીએ ગૃહમાં ઉભા થઈને સૂત્રોચ્ચાર કરીને ગેરવર્તાવ દાખવનાર ૨૧ સભ્યોને નામથી સંબોધન કર્યું. ત્યારબાદ સંસદીય બાબતોના મંત્રી. શ્રી નલિન પટેલે પ્રસ્તાવ રજૂ કર્યો કે,

"અધ્યક્ષશ્રીએ નામથી સંબોધેલા સભ્યોનેઆજના એક દિવસ પૂરતા સભાગૃહની સેવા બજાવવામાંથી સસ્પેન્ડ કરવામાં આવે."

પ્રસ્તાવ મત ઉપર મૂકવામાં આવ્યો અને તેનો સ્વીકાર કરવામાં આવ્યો.

પ્રસ્તાવના અનુસંધાનમાં સૂત્રોચ્ચાર કરનાર સભ્યોએ ગૃહમાંથી બહાર જવાને બદલે સૂત્રોચ્ચાર ચાલુ રાખીને ગૃહના મધ્યભાગમાં આવતાં અને સતત ઘોંઘાટ ચાલુ રહેતાં અધ્યક્ષશ્રીએ બપોરના ૩--૦૬ વાગ્યે સભાગૃહ એક કલાક માટે મુલતવી રાખ્યું.

(૬) તા. ૧૫--૩--૮૯ ના રોજ પ્રશ્નોત્તરી દરમિયાન પ્રશ્ન અગ્રતાક્રમ--૭ ઉપરની ચર્ચા ચાલતી હતી તે દરમિયાન પ્રેક્ષક દીર્ઘામાંથી દશ પ્રેક્ષકોએ સૂત્રોચ્ચાર કરતાં, સલામતીદળના સભ્યોએ તેમની ધરપકડ કરી અને તેમને અધ્યક્ષશ્રીની સૂચનાથી દીર્ઘામાંથી દૂર કર્યા. ત્યારબાદ સંસદીય બાબતોના મંત્રી શ્રી નલિન પટેલે સભાગૃહનું અવમાન કરનાર પ્રેક્ષકોને સાત દિવસની જેલની સજા કરવા પ્રસ્તાવ રજૂ કર્યો.

સજા વધુ પડતી છે અને ઓછી કરવી જોઈએ તેવી રજૂઆતો થઈ. છેવટે ૨ દિવસની સજા કરવાનો પ્રસ્તાવ સ્વીકારવામાં આવ્યો.

(૭) તા. ૨૭--૩--૮૯ ના રોજ સભ્ય શ્રી જીતેન્દ્ર શાહે અધ્યક્ષશ્રીની પૂર્વ મંજૂરીથી એવો મુદ્દો ઉપસ્થિત કર્યો કે, પોલીસ ખાતા દ્વારા ધારાસભ્યોનું રક્ષણ કરવાને બદલે તેઓ શું રાજકીય પ્રવૃત્તિ કરે છે તે અંગે વોચ રાખવામાં આવે છે. આના મારી પાસે લેખિતે પુરાવા છે. તેમ જણાવી તેમણે એક કાગળ ગૃહને બતાવ્યો.

અધ્યક્ષશ્રીએ તે કાગળ સભ્ય શ્રી પાસેથી મંગાવીને વાંચ્યા પછી તે રાજ્યકક્ષાના ગૃહ મંત્રીશ્રીને મોકલાવ્યો. ત્યારબાદ આ અંગે અધ્યક્ષશ્રીએ અવલોકન કરતાં જણાવ્યું કે, આમાં સામાન્ય વિવેકનો ભંગ થતો દેખાય છે. પત્ર જો સાચો હોવાનું નીકળે તો એ ઘણી ગંભીર બાબત છે. તેમણે પત્ર સંબંધમાં તપાસ કરી જરુરી પગલાં લેવા અવલોકન કર્યું.

(૮) તા. ૨૯--૩--૮૯ ના રોજ મા. અધ્યક્ષશ્રીએ ગૃહમાં જાહેરાત કરી કે, તા. ૨૮મી માર્ચ, ૧૯૮૯ ના રોજ સભાગૃહ પૂરું થયું ત્યારે પ્રેક્ષક દીર્ઘામાંથી સૂત્રોચ્ચાર કરીને પત્રિકા ફેંકનાર વ્યકિતને તેમણે કચેરી સમય સુધી અટકાયતમાં રાખવાના આદેશ આપ્યા હતા.

ઉલ્લેખનીય છે કે ગૃહની બેઠક પૂરી થયા બાદ સૂત્રોચ્ચાર થયો હોવાનો આ સૌ પ્રથમ બનાવ છે.

(૯) તા. ૩૧--૩--૮૯ ના રોજ અધ્યક્ષશ્રીએ હાલના જનતાપક્ષના ૧૩ સભ્યો નવરચિત "જનતાદળમાં જોડાયા છે" તેની અને ગૃહમાં તેને માન્યતા આપવા અંગેની જાહેરાત કરી.

સભાગૃહની ચાલુ સમિતિઓની મુદત વધારવા તથા ખાલી પડેલી જગ્યાઓ પર નિમણુંક.

૩૬. ગૃહના નેતાનો સભાગૃહની ૧૯૮૮--૮૯ ના વર્ષની સમિતિઓ ૧૯૮૯—૯૦ માં પણ ચાલુ રાખવાનો તથા સમિતિઓ પર ખાલી પડેલ જગ્યાઓ પર સભ્યો નિયુકત કરવાની સત્તા આપતો તા. ૨૧--૩-૮૯ નો પ્રસ્તાવ સભાગૃહે સર્વાનુમતે સ્વીકારતાં ગૃહની બધી સમિતિઓ ૧૯૮૯-૯૦ માટે ચાલુ રાખવામાં આવી. સભાગૃહે આપેલી સત્તાની રુએ જુદી જુદી સમિતિઓમાં ખાલી પડેલી જગા ઉપર મા. અધ્યક્ષશ્રીએ નીચે પ્રમાણે સભ્યોની નિમણુંક કરી હતી.

અ. નં.	સમિતિનું નામ	સભ્યોના નામ
૧.	અંદાજ સમિતિ	૧. શ્રી ચંદરભાઈ પટેલ ૨. શ્રી ચંદ્રકાંત વાઘેલા
૨.	જાહેર સાહસો માટેની સમિતિ	૧. શ્રી રણમલભાઈ વારોતરીયા ૨. શ્રી વિરસિંહભાઈ પસાયા
૩.	પંચાયતી રાજ સમિતિ	૧. શ્રી વાલજીભાઈ ખોખરીયા
૪.	ગૃહના મેજ ઉપર મુકાયેલા કાગળો માટેની સમિતિ.	શ્રી પોપટભાઈ રામાણી
૫.	અનુસૂચિત જાતિઓના કલ્યાણ માટેની સમિતિ	શ્રી મગનભાઈ ઝાલા
૬.	સભ્યોના ભથ્થા બાબતના નિયમો માટેની સમિતિ.	શ્રી ભદ્રસિંહ વાજા
૭.	ગૃહની બેઠકોમાંથી સભ્યોની ગેરહાજરી બાબતની સમિતિ.	શ્રી નારણભાઈ રાઠોડ

૩૭. જુદી જુદી સંસ્થાઓ પર સભ્યોની ચૂંટણી.

ક્રમાંક	સંસ્થાનું નામ	ચૂંટાયેલા સભ્યશ્રીનું નામ	ચૂંટણીના પરિણામની જાહેરાતની તારીખ
૧	૨	૩	૪
૧.	ગુજરાત માધ્યમિક શિક્ષણ બોર્ડ.	૧. શ્રી કલજીભાઈ રત્નાજી કટારા ૨. શ્રી દિલીપભાઈ નાનુભાઈ સંઘાણી ૩. શ્રીમતી જશુબેન અર્જુનભાઈ પટેલ ૪. શ્રી દિગંત દિલીપભાઈ ઓઝા ૫. શ્રી કેશાજી શંકરજી ઠાકોર	૩૧--૩--૮૯

સમિતિની બેઠકો

૩૮. સત્ર દરમિયાન નીચે જણાવેલ સમિતિઓની બેઠકો મળી હતી.

આ. નં.	સમિતિનું નામ	બેઠકની તારીખ
૧	૨.	૩
૧.	અંદાજ સમિતિ	૧૪--૩--૮૯
૨.	જાહેર હિસાબ સમિતિ	૯--૩--૮૯
		૨૭--૩--૮૯
૩.	પંચાયતી રાજ સમિતિ	૧૪--૩--૮૯
૪.	કામકાજ સલાહકાર સમિતિ	૨૭--૧--૮૯
		૬--૨--૮૯
		૯--૨--૮૯
		૧૩--૨--૮૯
		૨૦--૨--૮૯
		૨૪--૨--૮૯
		૨૮--૨--૮૯
		૭--૩--૮૯
		૯--૩--૮૯
		૧૩--૩--૮૯
		૨૦--૩--૮૯
		૨૭--૩--૮૯
		૨૮--૩--૮૯
		૨૯--૩--૮૯
		૩૦--૩--૮૯
૫.	બિન-સરકારી સભ્યોના કામકાજ માટેની સમિતિ	૭--૨--૮૯
		૧૪--૨--૮૯
		૨૧--૨--૮૯
		૨૮--૨--૮૯
		૭--૩--૮૯
		૧૪--૩--૮૯
		૧૬--૩--૮૯
		૨૮--૩--૮૯

૧	૨	૩
૬.	અનુસૂચિત જાતિઓના કલ્યાણ માટેની સમિતિ	૨–૩–૮૯ ૨૯–૩–૮૯
૭.	સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગો તથા વિચરતી અને વિમુકત જાતિઓના કલ્યાણ માટેની સમિતિ	૨૮–૩–૮૯
૮.	સભાગૃહની બેઠકોમાંથી સભ્યોની ગેરહાજરી બાબતની સમિતિ	૨૮–૩–૮૯
૯.	વિશેષાધિકાર સમિતિ	૨૧–૨–૮૯ ૧૪–૩–૮૯
૧૦.	ગુજરાત પ્રવેશ વેરા વિધેયક પરની પ્રવર સમિતિ	૧૫–૩–૮૯
૧૧.	અનુસૂચિત જનજાતિઓના કલ્યાણ માટેની સમિતિ	૧૫–૨–૮૯

વિધાનસભામાં રજૂ થયેલા/ચર્ચાયેલા ગૃહની સમિતિઓના અહેવાલો

૩૯. સત્ર દરમિયાન નીચે જણાવેલા અહેવાલો સભાગૃહમાં રજૂ થયા/ચર્ચાયા હતા.

અ.નં.	અહેવાલ	રજુ થયા તારીખ	ચર્ચાયા તારીખ
૧	૨	૩	૪
૧. અંદાજ સમિતિ			
(૧)	અગિયારમો અહેવાલ	૨૮--૩--૮૯	...
૨. જાહેર હિસાબ સમિતિ			
(૧)	તેરમો અહેવાલ	૧૫--૩--૮૯	...
(૨)	ચૌદમો અહેવાલ	૨૯--૩--૮૯	...
(૩)	પંદરમો અહેવાલ	૩૦--૩--૮૯	...
૩. જાહેર સાહસો માટેની સમિતિ			
(૧)	સોળમો અહેવાલ	૧૪--૨--૮૯	...
(૨)	સત્તરમો અહેવાલ	૧૪--૨--૮૯	...
(૩)	અઢારમો અહેવાલ	૧૪--૨--૮૯	...
૪. પંચાયતી રાજ સમિતિ			
(૧)	દસમો અહેવાલ	૨૦--૩--૮૯	...
૫. કામકાજ સલાહકાર સમિતિ			
(૧)	બેતાળીસમો અહેવાલ	૩૦--૧--૮૯	૩૦--૧--૮૯
(૨)	તેતાળીસમો અહેવાલ	૬--૨--૮૯	૬--૨--૮૯
(૩)	ચુવાળીસમો અહેવાલ	૧૫--૨--૮૯	૧૫--૨--૮૯
(૪)	પીસ્તાળીસમો અહેવાલ	૨૧--૨--૮૯	૨૧--૨--૮૯
(૫)	છેતાળીસમો અહેવાલ	૨૭--૨--૮૯	૨૭--૨--૮૯
(૬)	સુડતાળીસમો અહેવાલ	૧--૩--૮૯	૧--૩--૮૯
(૭)	અડતાલીસમો અહેવાલ	૮--૩--૮૯	૮--૩--૮૯
(૮)	ઓગણપચ્ચાસમો અહેવાલ	૨૦--૩--૮૯	૨૦--૩--૮૯
(૯)	પચ્ચાસમો અહેવાલ	૨૯--૩--૮૯	૨૯--૩--૮૯

૧	૨	૩	૪
૬. નિયમો માટેની સમિતિ			
(૧)	ચોથો અહેવાલ	૧૬--૩--૮૯	...
૭. ગૌણ વિધાન સમિતિ			
(૧)	બારમો અહેવાલ	૧--૩--૮૯	...
૮. બિન-સરકારી સભ્યોના કામકાજ માટેની સમિતિ			
(૧)	આડત્રીસમો અહેવાલ	૮--૨--૮૯	૮--૨--૮૯
(૨)	ઓગણચાલીસમો અહેવાલ	૧૫--૨--૮૯	૧૫--૨--૮૯
(૩)	ચાલીસમો અહેવાલ	૨૨--૨--૮૯	૨૨--૨--૮૯
(૪)	એકતાલીસમો અહેવાલ	૧--૩--૮૯	૧--૩--૮૯
(૫)	બેતાલીસમો અહેવાલ	૮--૩--૮૯	૮--૩--૮૯
(૬)	તેતાલીસમો અહેવાલ	૧૫--૩--૮૯	૧૫--૩--૮૯
(૭)	ચુંવાલીસમો અહેવાલ	૧૭--૩--૮૯	૧૭--૩--૮૯
(૮)	પિસતાલીસમો અહેવાલ	૨૯--૩--૮૯	૨૯--૩--૮૯
૯. અનુસૂચિત જાતિઓના કલ્યાણ માટેની સમિતિ			
(૧)	તેરમો અહેવાલ	૧૦--૩--૮૯	...
(૨)	ચૌદમો અહેવાલ	૩૧--૩--૮૯	...
૧૦. અનુસૂચિત જનજાતિઓના કલ્યાણ માટેની સમિતિ			
(૧)	ત્રેવીસમો અહેવાલ	૨૧--૨--૮૯	...
૧૧. સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગો તથા વિચરતી અને વિમુકત જાતિઓના કલ્યાણ માટેની સમિતિ			
(૧)	ચોવીસમો અહેવાલ	૩૧--૩--૮૯	...
(૨)	પચ્ચીસમો અહેવાલ	૩૧--૩--૮૯	...
૧૨. ગૃહની બેઠકોમાં સભ્યોની ગેરહાજરી બાબતની સમિતિ.			
(૧)	આઠમો અહેવાલ	૩૧--૩--૮૯	...

વિધાનસભાના મેજ ઉપર મૂકાયેલા કાગળો (અધિસૂચના સિવાય)

૪૦. સત્ર દરમિયાન નીચેના કાગળો (અધિસૂચના સિવાય) વિધાનસભાના મેજ ઉપર મૂકવામાં આવ્યા હતા.

અ. નં.	વિગત	મેજ ઉપર મૂકાયા તારીખ
૧	૨	૩
૧.	ગુજરાત ફિલ્મ વિકાસ નિગમ લિમિટેડની સન ૧૯૮૭-૮૮ની વાર્ષિક અહેવાલ, હિસાબો, ઓડિટ અહેવાલ, ભારતના કોમ્પ્ટ્રોલર અને ઓડિટર જનરલની ટિપ્પણ તથા નિગમની કામગીરી અંગેનો સરકારનો અહેવાલ.	૩૦-૧-૮૯
૨.	ગુજરાત મેરી ટાઈમ બોર્ડનું સન ૧૯૮૬-૮૭નું વાર્ષિક હિસાબ પત્રક તથા આ પત્રકને વિધાનસભાના મેજ ઉપર મૂકવામાં થયેલ વિલંબ અંગેનું નિવેદન.	૩૦-૧-૮૯
૩.	ગુજરાત ટ્રેક્ટર નિગમ લિ. નો સન ૧૯૮૭નો વાર્ષિક અહેવાલ, હિસાબો, ઓડિટ અહેવાલ, ભારતના કોમ્પ્ટ્રોલર અને ઓડિટર જનરલની ટિપ્પણ તથા નિગમની કામગીરી અંગેની સરકારની સમીક્ષા.	૭-૨-૮૯
૪.	ગુજરાત ઘેટાં અને ઉન વિકાસ નિગમ લિ.નાં સન ૧૯૮૩-૮૪નો વાર્ષિક અહેવાલ, હિસાબો, ઓડિટ અહેવાલ, ભારતના કોમ્પ્ટ્રોલર અને ઓડિટર જનરલની ટિપ્પણ, નિગમની કામગીરી અંગેની સરકારની સમીક્ષા તથા આ અહેવાલને વિધાનસભાના મેજ ઉપર મૂકવામાં થયેલ વિલંબ અંગેનું નિવેદન.	૭-૨-૮૯
૫.	ગુજરાત ઔદ્યોગિક વિકાસ નિગમનો સન ૧૯૮૬-૮૭નો ઓડિટ અહેવાલ, હિસાબો તથા આ પ્રકાશનોને વિધાનસભાના મેજ ઉપર મૂકવામાં થયેલ વિલંબ અંગેનું નિવેદન.	૯-૨-૮૯
૬.	ગુજરાત રાજ્ય પેટ્રો-રસાયણ નિગમ લિ.નો સન ૧૯૮૭-૮૮નો વાર્ષિક અહેવાલ, હિસાબો, ઓડિટ અહેવાલ, ભારતના કોમ્ ટ્રોલર અને ઓડિટર જનરલની ટિપ્પણ તથા નિગમની કામગીરી અંગેની સરકારની સમીક્ષા.	૯-૨-૮૯
૭.	ગુજરાત લઘુ ઉદ્યોગ નિગમ લિ.નો સન ૧૯૮૭નો વાર્ષિક અહેવાલ, હિસાબો, ઓડિટ અહેવાલ, ભારતના કોમ્પ્ટ્રોલર અને ઓડિટર જનરલની ટિપ્પણ તથા નિગમની કામગીરી અંગેની સરકારની સમીક્ષા.	૯-૨-૮૯

૧	૨	૩
૮.	ગુજરાત રાજ્ય નાણાકીય નિગમનો સન ૧૯૮૭-૮૮નો વાર્ષિક અહેવાલ.	૯-૨-૮૯
૯.	ગુજરાત રાજ્ય વન વિકાસ નિગમ લિમિટેડનો સન ૧૯૮૫-૮૬નો વાર્ષિક અહેવાલ, હિસાબો. ઓડિટ અહેવાલ, ભારતના કોમ્પ્ટ્રોલર અને ઓડિટર જનરલની ટિપ્પણ, નિગમની કામગીરી અંગેની સરકારની સમીક્ષા તથા આ પ્રકાશનોને વિધાનસભાના મેજ ઉપર મૂકવામાં થયેલ વિલંબ અંગેનું નિવેદન.	૯-૨-૮૯
૧૦ અને ૧૧	ગુજરાત કામદાર કલ્યાણ બોર્ડના સન ૧૯૮૫-૮૬ તથા ૧૯૮૬-૮૭ના વાર્ષિક અહેવાલ તથા આ અહેવાલોને વિધાનસભાના મેજ ઉપર મૂકવામાં થયેલ વિલંબ અંગેનાં નિવેદન.	૧૦-૨-૮૯
૧૨. અને ૧૩.	ગુજરાત ગૃહનિર્માણ બોર્ડના સન ૧૯૮૫-૮૬ના હિસાબો, ઓડિટ અહેવાલ અને સરકારી હુકમો તથા સન ૧૯૮૭-૮૮નો વાર્ષિક વહીવટી અહેવાલ તેમજ સન ૧૯૮૫-૮૬ના હિસાબો, ઓડિટ અહેવાલ અને સરકારી હુકમો વિધાનસભાના મેજ ઉપર મૂકવામાં થયેલ વિલંબ અંગેનું નિવેદન.	૧૫-૨-૮૯
૧૪.	ગુજરાત કોમ્યુનિકેશન્સ એન્ડ ઈલેકટ્રોનિક્સ લિ.નો સન ૧૯૮૭-૮૮નો વાર્ષિક અહેવાલ, હિસાબો, ઓડિટ અહેવાલ, ભારતના કોમ્પ્ટ્રોલર અને ઓડિટર જનરલની ટિપ્પણ તથા નિગમની કામગીરી અંગેની સરકારની સમીક્ષા.	૧૬-૨-૮૯
૧૫.	ગુજરાત મ્યુનિસિપલ નાણા બોર્ડનો સન ૧૯૮૬-૮૭નો વાર્ષિક વહીવટી અહેવાલ, વાર્ષિક હિસાબો અને ઓડિટ અહેવાલ તેમજ ઉપરોકત પ્રકાશનોને વિધાનસભાના મેજ ઉપર મૂકવામાં થયેલ વિલંબ અંગેના કારણો સમજાવતું નિવેદન.	૧૭-૨-૮૯
૧૬.	ગુજરાત જાહેર સેવા આયોગનો સન ૧૯૮૬-૮૭નો વાર્ષિક અહેવાલ અને જે કિસ્સામાં આયોગની સલાહ રાજ્ય સરકારે સ્વીકારી ન હોય તેવા કિસ્સાની યાદી તથા આ અહેવાલ અને યાદીને વિધાનસભાના મેજ ઉપર મૂકવામાં થયેલ વિલંબ અંગેનું નિવેદન.	૨૦-૨-૮૯
૧૭.	ઈન્ડિયન ઓઈલ કોરપોરેશન લિમિટેડનો સન ૧૯૮૭-૮૮નો વાર્ષિક અહેવાલ, હિસાબો, ઓડિટ અહેવાલ, ભારતના કોમ્પ્ટ્રોલર અને ઓડિટર જનરલની ટિપ્પણ તથા નિગમની કામગીરી અંગેની ભારત સરકારની સમીક્ષા.	૨૩-૨-૮૯

૧	૨	૩
૧૮.	ગુજરાત રાજ્ય નિકાસ નિગમ લિમિટેડનો સન ૧૯૮૬-૮૭નો વાર્ષિક અહેવાલ, હિસાબો, ઓડિટ અહેવાલ ભારતના કોમ્પ્ટ્રોલર અને ઓડિટર જનરલની ટિપ્પણ નિગમની કામીગીરી અંગેની સરકારની સમીક્ષા તથા આ પ્રકાશનોને વિધાનસભાના મેજ ઉપર મૂકવામાં થયેલ વિલંબ અંગેનું નિવેદન.	૨૩-૨-૮૯
૧૯.	ગુજરાત પ્રદૂષણ નિયંત્રણ બોર્ડનો સન ૧૯૮૬-૮૭નો ઓડિટ અહે-- વાલ તથા આ અહેવાલને વિધાનસભાના મેજ ઉપર મૂકવામાં થયેલ વિલંબ અંગેનું નિવેદન:	૨૩-૨-૮૯
૨૦. અને ૨૧.	ગુજરાત રાજ્ય વેરહાઉસીંગ કોરપોરેશનના સન ૧૯૮૬-૮૭ તથા સન ૧૯૮૭-૮૮ના વાર્ષિક અહેવાલો, હિસાબો અને ઓડિટ અહેવાલો તથા સન ૧૯૮૬-૮૭ના અહેવાલને વિધાનસભાના મેજ ઉપર મૂકવામાં થયેલ વિલંબ અંગેનું નિવેદન.	૨૪-૨-૮૯
૨૨.	ગુજરાત રાજ્ય બીજ નિગમ લિમિટેડનો સન ૧૯૮૬-૮૭નો વાર્ષિક અહેવાલ, હિસાબો, ઓડિટ અહેવાલ, ભારતના કોમ્પ્ટ્રોલર અને ઓડિટર જનરલની ટિપ્પણ, નિગમની કામગીરી અંગેની સરકારની સમીક્ષા તથા આ પ્રકાશનોને વિધાનસભાના મેજ ઉપર મૂકવામાં થયેલ વિલંબ અંગેનું નિવેદન:	૨૮-૨-૮૯
૨૩.	ગુજરાત રાજ્ય ગ્રામ વિકાસ નિગમ લિમિટેડનો સન ૧૯૮૬-૮૭નો વાર્ષિક અહેવાલ, હિસાબો, ઓડિટ અહેવાલ, ભારતના કોમ્પ્ટ્રોલર અને ઓડિટર જનરલની ટિપ્પણ, નિગમની કામગીરી અંગેની સરકારની સમીક્ષા તથા આ પ્રકાશનોને વિધાનસભાના મેજ ઉપર મૂકવામાં થયેલ વિલંબ અંગેનું નિવેદન.	૨૮-૨-૮૯
૨૪.	ગુજરાત એગ્રો ઈન્ડસ્ટ્રીઝ કોરપોરેશન લિમિટેડનો સન ૧૯૮૫-૮૬નો વાર્ષિક અહેવાલ, હિસાબો, ઓડિટ અહેવાલ, ભારતના કોમ્પ્ટ્રોલર અને ઓડિટરની ટિપ્પણ, નિગમની કામગીરી અંગેની સરકારની સમીક્ષા તથા આ પ્રકાશનોને વિધાનસભાના મેજ ઉપર મૂકવામાં થયેલ વિલંબ અંગેનું નિવેદન.	૨૮-૨-૮૯
૨૫.	ગુજરાત ઘેટાં અને ઉન વિકાસ નિગમ લિમિટેડનો સન ૧૯૮૪-૮૫નો વાર્ષિક અહેવાલ, હિસાબો, ઓડિટ અહેવાલ, ભારતના કોમ્પ્ટ્રોલર અને ઓડિટર જનરલની ટિપ્પણ, નિગમની કામગીરી અંગેની સરકારની સમીક્ષા તથા આ પ્રકાશનોને વિધાનસભાના મેજ ઉપર મૂકવામાં થયેલ વિલંબ અંગેનું નિવેદન.	૨૮-૨-૮૯

૧	૨	૩
૨૬.	ગુજરાત ડેરી વિકાસ નિગમ લિમિટેડનો સન ૧૯૮૫-૮૬નો વાર્ષિક અહેવાલ, હિસાબો, ઓડિટર અહેવાલ, ભારતના કોમ્પ્ટ્રોલર અને ઓડિટર જનરલની ટિપ્પણ, નિગમની કામગીરી અંગેની સરકારની સમીક્ષા તથા આ પ્રકાશનોને વિધાનસભાના મેજ ઉપર મૂકવામાં થયેલ વિલંબ અંગેનું નિવેદન.	૨૮-૨-૮૯
૨૭. અને ૨૮	ગુજરાત ઔદ્યોગિક વિકાસ કોરપોરેશનના સન ૧૯૮૫-૮૬ તથા સન ૧૯૮૬-૮૭ના વાર્ષિક અહેવાલો તથા આ અહેવાલ ને વિધાનસભાના મેજ ઉપર મૂકવામાં થયેલ વિલંબ અંગેના નિવેદન.	૨-૩-૮૯
૨૯.	ગુજરાત જળ સંપત્તિ વિકાસ નિગમ લિમિટેડનો સન ૧૯૮૨-૮૩નો વાર્ષિક અહેવાલ, હિસાબ, ઓડિટ અહેવાલ, ભારતના કોમ્પ્ટ્રોલર અને ઓડિટર જનરલની ટિપ્પણ, નિગમની કામગીરી અંગેની સરકારની સમીક્ષા તથા આ પ્રકાશનોને વિધાનસભાના મેજ ઉપર મૂકવામાં થયેલ વિલંબ અંગેનું નિવેદન.	૨-૩-૮૯
૩૦.	ગુજરાત રાજ્ય ખાદી ગ્રામોદ્યોગ બોર્ડનો સન ૧૯૮૭-૮૮નો વાર્ષિક અહેવાલ અને હિસાબો.	૩-૩-૮૯
૩૧.	ગુજરાત મત્સ્યોદ્યોગ વિકાસ નિગમ લિમિટેડનો સન ૧૯૮૭-૮૮નો વાર્ષિક અહેવાલ, હિસાબો, ઓડિટ અહેવાલ, ભારતના કોમ્પ્ટ્રોલર અને ઓડિટર જનરલની ટિપ્પણ તેમજ નિગમની કામગીરી અંગેની સરકારની સમીક્ષા.	૧૪-૩-૮૯
૩૨.	ગુજરાત રાજ્ય બાંધકામ નિગમ લિમિટેડનો સન ૧૯૮૪-૮૫નો વાર્ષિક અહેવાલ, હિસાબ, ઓડિટ અહેવાલ, ભારતના કોમ્પ્ટ્રોલર અને ઓડિટર જનરલની ટિપ્પણ, નિગમની કામગીરી અંગેની સરકારની સમીક્ષા તથા આ પ્રકાશનોને વિધાનસભાના મેજ ઉપર મૂકવામાં થયેલ વિલંબ અંગેનું નિવેદન.	૧૬-૩-૮૯
૩૩.	ગુજરાત રાજ્ય માર્ગ વાહન વ્યવહાર નિગમનો સન ૧૯૮૭-૮૮નો વાર્ષિક વહીવટી અહેવાલ.	૨૦-૩-૮૯
૩૪.	ગુજરાત રાજ્ય નાગરિક પૂરવઠા નિગમ લિમિટેડનો સન ૧૯૮૩-૮૪ નો વાર્ષિક અહેવાલ, હિસાબો, ઓડિટ અહેવાલ, ભારતના કોમ્પ્ટ્રોલર અને ઓડીટર જનરલની ટિપ્પણ, નિગમની કામગીરી અંગેની સરકારની સમીક્ષા તથા આ પ્રકાશનોને વિધાનસભાના મેજ ઉપર મૂકવામાં થયેલ વિલંબ અંગેનું નિવેદન.	૨૦-૩-૮૯

૧	૨	૩
૩૫.	ગુજરાત ગ્રામોદ્યોગ બજાર નિગમ લિમિટેડનો સન ૧૯૮૩-૮૪નો વાર્ષિક અહેવાલ, હિસાબો, ઓડિટ અહેવાલ, ભારતના કોમ્પ્ટ્રોલર અને ઓડિટર જનરલની ટિપ્પણ, નિગમની કામગીરી અંગેની સરકારની સમીક્ષા તથા આ પ્રકાશનોને વિધાનસભાના મેજ ઉપર મૂકવામાં વિલંબ થયેલ અંગેનું નિવેદન.	૨૦-૩-૮૯
૩૬.	ગુજરાત રાજ્ય તકેદારી આયોગનો સન ૧૯૮૬-૮૭નો વાર્ષિક અહેવાલ, જે કિસ્સામાં સરકારે આયોગની ભલામણ સ્વીકારી ન હોય અથવા તે ઉપર પગલાં લીધાં ન હોય તેની વિગતો જણાવતી યાદી તથા આ અહેવાલને વિધાનસભાના મેજ ઉપર મૂકવામાં થયેલ વિલંબ અંગેનું નિવેદન.	૨૧-૩-૮૯
૩૭.	ગુજરાત ગ્રામ ગૃહ નિર્માણ બોર્ડનું સન ૧૯૮૮-૮૯નુ અંદાજપત્ર તથા આ અંદાજપત્રને વિધાનસભાના મેજ ઉપર મૂકવામાં થયેલ વિલંબ અંગેનું નિવેદન.	૨૭-૩-૮૯
૩૮.	ગુજરાત વિદ્યુત બોર્ડનો સન ૧૯૮૭-૮૮નો પ્રશાસકીય અહેવાલ અને તથા વાર્ષિક હિસાબી પત્રક.	૧૮-૩-૮૯
૩૯.		
૪૦.	ગુજરાત મિનરલ ડેવલપમેન્ટ કોરપોરેશન લિમિટેડનો સન ૧૯૮૭-૮૮નો વાર્ષિક અહેવાલ/હિસાબો/ઓડિટ અહેવાલ ભારતના કોમ્પ્ટોલર અને ઓડિટર જનરલની ટિપ્પણ તથા નિગમની કામગીરી અંગેની સરકારની સમીક્ષા.	૨૮-૩-૮૯
૪૧.	એમ. એસ. યુનિવર્સિટીના એમ.બી. બી.એસ. ના દ્વિતીય વર્ષના વિદ્યાર્થીઓને આપેલા કૃપાગુણ બાબતમાં તપાસ કરવા માટે નિમાયેલ જસ્ટીસ એસ. એ. શાહ તપાસ પંચનો અહેવાલ અને અહેવાલના સંક્ષિપ્ત તારણો.	૨૮-૩-૮૯
૪૨.	ગુજરાત રાજ્ય માર્ગ વાહનવ્યવહાર નિગમના સન ૧૯૮૭-૮૮ના વાર્ષિક હિસાબ અને ઓડિટ અહેવાલ.	૨૯-૩-૮૯
૪૩.	ગુજરાત મ્યુનિસિપલ નાણા બોર્ડનો સન ૧૯૮૭-૮૮નો વાર્ષિક વહીવટી અહેવાલ.	૨૯-૩-૮૯
૪૪.	ગુજરાત ગંદા વસવાટ નાબુદી બોર્ડનો સન ૧૯૮૯-૯૦નો કાર્યક્રમ.	૨૯-૩-૮૯

૧	૨	૩
૪૫.	ગુજરાત રાજ્ય માર્ગ વાહનવ્યવહાર નિગમના સન ૧૯૮૮-૮૯ના સુધારેલા અંદાજો તથા સન ૧૯૮૯-૯૦ના અંદાજો.	૩૦-૩-૮૯
૪૬.	ગુજરાત વિદ્યુત બોર્ડનું સન ૧૯૮૯-૯૦નું વાર્ષિક નાણાકીય વિવરણ પત્રક.	૩૦-૩-૮૯
૪૭.	ગુજરાત સ્લમ ક્લીયરન્સ બોર્ડના સન ૧૯૮૬-૮૭ના વાર્ષિક હિસાબો અને ઓડિટ અહેવાલ તથા તેને વિધાનસભાના મેજ ઉપર મૂકવામાં થયેલ વિલંબ અંગેનું નિવેદન.	૩૧-૩-૮૯
૪૮.	ગુજરાત અનુસૂચિત જાતિ આર્થિક વિકાસ નિગમ લિમિટેડનો સન ૧૯૮૪-૮૫ના વાર્ષિક હિસાબો, ઓડિટ અહેવાલ, ભારતના કોમ્પ્ટ્રોલર અને ઓડિટર જનરલની ટિપ્પણ, નિગમની કામગીરી અંગેનો સરકારનો અહેવાલ અને આ પ્રકાશનોને વિધાનસભાના મેજ ઉપર મૂકવામાં થયેલ વિલંબ અંગેનું નિવેદન.	૩૧-૩-૮૯
૪૯.	ગુજરાત ગ્રામ ગૃહનિર્માણ બોર્ડના સન ૧૯૮૪-૮૫ના વાર્ષિક હિસાબો અને ઓડિટ અહેવાલ તથા તેને વિધાનસભાના મેજ ઉપર મૂકવામાં થયેલ વિલંબ અંગેનું નિવેદન.	૩૧-૩-૮૯
૫૦.	ગુજરાત રાજ્ય નાણાકીય નિગમનો સન ૧૯૮૭-૮૮નો ઓડિટ અહેવાલ.	૩૧-૩-૮૯
૫૧. થી ૫૩.	ગુજરાત પાણી પુરવઠા અને ગટર વ્યવસ્થા બોર્ડના ૧૯૮૫-૮૬, ૧૯૮૬-૮૭ અને ૧૯૮૭-૮૮ના વાર્ષિક વહીવટી અહેવાલ તથા સન ૧૯૮૫-૮૬ તથા ૧૯૮૬-૮૭ના અહેવાલોને વિધાનસભાના મેજ ઉપર મૂકવામાં થયેલ વિલંબ અંગેનું નિવેદન.	૩૧-૩-૮૯

વિધાનસભામાં પક્ષોની પરિસ્થિતિ

૪૧. સત્ર દરમ્યાન વિધાનસભામાં પક્ષોની પરિસ્થિતિની માહિતી આ સાથેના પત્રકમાં આપવામાં આવી છે. (પત્રક ક્રમાંક--૨૩)

સત્ર દરમયાન ખરેખર થયેલા કામ પ્રમાણેની સભાઓની તારીખવાર યાદી

૪૨. સત્ર દરમિયાન જુદા જુદા કામ ખરેખર કઈ તારીખે હાથ પર લેવાયા તે બતાવતી સભાઓની તારીખવાર યાદી પત્રક ક્રમાંક--૨૪માં આપવામાં આવી છે.

રોજેરોજના કામકાજનો સારાંશ

૪૩. સત્ર દરમિયાન વિધાનસભાએ રોજેરોજ કરેલા કામકાજનો સારાંશ પત્રક ક્રમાંક-૨૫ માં આપવામાં આવેલ છે.

વિધાનસભાની ચર્ચાઓમાં જુદા જદા સભ્યોનો ફાળો

૪૪. સત્ર દરમિયાન જુદા જુદા કામમાં સભ્યોએ કેટલી વખત ભાગ લીધો તે પત્રક ક્રમાંક-૨૬માં આપવામાં આવેલ છે.

શોકદર્શક ઉલ્લેખ

૪૫. સાતમી ગુજરાત વિધાનસભાના નવમાં સત્ર દરમિયાન અગિયાર શોકદર્શક ઉલ્લેખ કરવામાં આવ્યા હતા. જેમાં ત્રણ માજી મંત્રીશ્રીઓ, ૫ માજી સભ્યશ્રીઓ, એક ચાલુ સભ્યશ્રી, ૧ ભૂતપૂર્વ મુંબઈ વિધાનસભાના માજી સભ્યશ્રી અને ૧ માજી સંસદ સભ્ય અને મૂર્ધન્ય કવિ છે (પત્રક ક્રમાંક--૨૭)

વિભાજન

૪૬. સત્ર દરમિયાન થયેલ વિભાજનને લગતી માહિતી પત્રક ક્રમાંક--૨૮માં આપવામાં આવી છે.

સભાત્યાગ

૪૭. (૧) તારીખ-૨૧મી ફેબ્રુઆરી, ૧૯૮૯ના રોજ પ્રશ્ન ક્રમાંક ૨૭૩૪૮ (અગ્રતાક્રમાંક-૧૫) ના પેટા પ્રશ્નોના સંદર્ભ મગફળીની ખરીદીને લગતા પૂરક પ્રશ્નોના જવાબથી સંતોષ નહી થતાં ઉપાધ્યક્ષશ્રી સિવાયના વિરોધપક્ષના તમામ સભ્યશ્રીઓએ સભાત્યાગ કર્યો.

(૨) તારીખ -૨૭મી ફેબ્રુઆરી,૧૯૮૯ના રોજ અંદાજપત્ર પરની સામાન્ય ચર્ચાના બીજા દિવસની શરૂઆતમાં વિરોધપક્ષના સભ્યશ્રીઓએ બ્યવસાય વેરો નાબૂદ કરોનાસુત્રોચ્ચાર કરી

નાણામંત્રીશ્રીને તેમની સ્પષ્ટતા કરવા વિનંતી કરી પરંતુ નાણામંત્રીશ્રી ખુલાસો કરવા તૈયાર નહી થતા તેના વિરોધમાં ઉપાધ્યક્ષશ્રી સિવાયના વિરોધપક્ષના તમામ સભ્યો સભાત્યાગ કરી ગયા.

(૩) તારીખ ૧લી માર્ચ, ૧૯૮૯ના રોજ ગૃહની બીજી બેઠક દરમિયાન અંદાજપત્ર પરની સામાન્ય ચર્ચાના નાણા મંત્રીશ્રીના જવાબ પછી વિરોધપક્ષના નેતાશ્રી તરફથી નાણા મંત્રીશ્રીને પ્રશ્ન પૂછવામાં આવતાં, તેના જવાબથી સંતોષ નહી થતાં હાજર રહેલા વિરોધપક્ષના તમામ સભ્યોએ સભાત્યાગ કર્યો.

(૪) તારીખ ૭મી માર્ચ,૧૯૮૯ના રોજ વડોદરામાં લઠ્ઠો પીવાને કારણે મોટી સંખ્યામાં થયેલા મૃત્યુ અંગેના આમાં મોકૂફીના પ્રસ્તાવ પરની ચર્ચા પછી વિરોધપક્ષના સભ્યોએ "મુખ્યમંત્રી રાજીનામું આપે" ના સૂત્રોચ્ચાર કર્યા વિરોધપક્ષના નેતા શ્રી ચીમનભાઈ પટેલ" આ સરકારમાં થી માનવતા પરવારી ચૂકી છે તેથી અમે વિરોધમાં સભાની કાર્યવાહીમાં ભાગ લેવા માગતા નથી." એવું જણાવીને ઉપાધ્યક્ષશ્રી સિવાયના હાજર રહેલા વિરોધપક્ષના તમામ સભ્યોએ સભાત્યાગ કર્યો.

(૫) તારીખ ૧૫મી માર્ચ, ૧૯૮૯ના રોજ પ્રેક્ષકદીર્ઘામાં પ્રેક્ષકોએ કરેલા સૂત્રોચ્ચાર બાદ તેમને કરાયેલી સજાના પ્રસ્તાવના સ્વીકાર બાદ ભા.જ.પ.ના હાજર રહેલા સભ્યો સભાગૃહ છોડી ગયા.

વિધાનસભાની કાર્યવાહીજોવા આવેલ પ્રેક્ષકો

૪૮: સત્ર દરમિયાન નીચે જણાવ્યા મુજબના પ્રેક્ષકો વિધાનસભાની કાર્યવાહી જોવા માટે આવ્યા હતા:

(૧) અધ્યક્ષ દીર્ઘા	૬૨૯૬
(૨) અતિથિવિશેષ દીર્ઘા	૧૭૮૦
(૩) પ્રેક્ષકદીર્ઘા	૧૫૬૨૯
(૪) ૨૦૧ શૈક્ષણિક તેમજ સામાજિક સંસ્થાઓ અને શાળાઓમાંથી વિધાનસભાની કાર્યવાહી જોવાં આવેલા મુલાકાતીઓ.	૧૬૪૬૭
કુલ	૪૦૧૭૨

પત્રકો

પત્રક ક્રમાંક—૧

(જુઓ ફકરા ક્રમાંક ૧)

સત્રમાં થયેલ જુદા જુદા કામકાજે લીધેલ સમય અને તેની ટકાવારી

કલાક મિનિટ

દિવસોની સંખ્યા : ૩૮ — કુલ કલાક ૧૬૭–૦૬

		કલાક મિનિટ	ટકાવારી
૧	પ્રશ્નોત્તરી	૩૬–૪૫	૨૧.૮૨
૨	વિધેયકો		
	(અ) સરકારી	૩૨–૧૫	૧૯.૪૯
	(બ) બિન સરકારી	૦૩–૦૮	૦૧.૮૪
૩	અંદાજપત્ર પર ચર્ચા	૪૯–૪૦	૨૯.૬૯
૪	પ્રસ્તાવો—		
	(અ) સભામોકુફીના પ્રસ્તાવો	૦૨–૧૫	૦૧.૨૯
	(બ) મંત્રીમંડળમાં અવિશ્વાસ વ્યકત કરતા પ્રસ્તાવો.	...	...
	(ક) બીજા પ્રસ્તાવો : (સરકારી તેમજ બિન સરકારી સભ્યોના તેમજ બીજા પ્રસ્તાવો.	૦૩–૧૬	૦૧.૮૯
૫	રાજ્યપાલશ્રીનાં સંબોધન પર ચર્ચા	૧૩–૨૭	૦૮.૯૪
૬	(૧) સરકારી સંકલ્પો	...	...
	(૨) બિન સરકારી સંકલ્પો	૦૮–૨૬	૦૪.૯૪
૭	વૈધાનિક મંડળોના કામકાજ પર ચર્ચા	૪–૦૦	૦૨.૩૯
૮	વિધાનસભાની સમિતિઓના અહેવાલો અને બીજા અહેવાલો પર ચર્ચા	૦૦–૨૭	૦૦.૧૬
૯	અન્ય બાબતો	૧૨–૪૭	૦૭.૫૭
		૧૬૭–૦૬	૧૦૦.૦૦

પત્રક ક્રમાંક—૨

(જુઓ ફકરા ક્રમાંક--૨)

ગૃહની બેઠકોની તારીખ અને સમય

કામકાજના દિવસો—૩૮ સભાગૃહની બેઠકો—૪૨

વાર	તારીખ	બેઠક શરૂ થવાનો અને પૂરી થવાનો સમય	વિશ્રાંતિ	બેઠકનો ખરેખર સમય
			ક. મિ.	ક. મિ.
૧	૨	૩	૪	૫
૧ શુક્રવાર,	તા. ૨૭મી જાન્યુઆરી, ૧૯૮૯.	૧૨.૨૨ થી ૧.૫૬	... ...	૧--૩૪
૨ સોમવાર,	તા. ૩૦મી જાન્યુઆરી ૧૯૮૯	૧૨.૦૦ થી ૨.૨૭	... ...	૨--૨૭
૩ સોમવાર,	તા. ૬ઠ્ઠી ફેબ્રુઆરી, ૧૯૮૯	૧૨.૦૦ થી ૫.૩૧	૦--૪૫	૪--૪૬
૪ મંગળવાર,	તા. ૭મી ફેબ્રુઆરી ૧૯૮૯	૧૨.૦૦ થી ૫.૧૫	૦--૪૫	૪--૩૦
૫ બુધવાર,	તા. ૮મી ફેબ્રુઆરી, ૧૯૮૯	૧૨.૦૦ થી ૫.૧૫	૦--૪૫	૪--૩૦
૬ ગુરુવાર,	તા. ૯મી ફેબ્રુઆરી ૧૯૮૯	૧૨.૦૦ થી ૫.૧૬	૦--૪૫	૪--૩૧
૭ શુક્રવાર,	તા. ૧૦મી ફેબ્રુઆરી, ૧૯૮૯	૮.૩૦ થી ૧૨.૨૮	૦--૩૫	૩--૨૮
૮ સોમવાર,	તા. ૧૩મી ફેબ્રુઆરી, ૧૯૮૯	૧૨.૦૦ થી ૫.૧૫	૦--૪૫	૪--૩૦
૯ મંગળવાર,	તા. ૧૪મી ફેબ્રુઆરી, ૧૯૮૯	૨.૦૦ થી ૬.૫૪	૦--૩૦	૪--૨૪

૧	૨	૩	૪	૫
૧૦	બુધવાર, તા. ૧૫મી ફેબ્રુઆરી, ૧૯૮૯	૮.૩૦ થી ૧.૦૮	૦--૩૦	૪--૦૮
૧૧	ગુરુવાર, તા. ૧૬મી ફેબ્રુઆરી ૧૯૮૯	૧૨.૦૦ થી ૬.૧૭	૦--૪૫	૫--૩૨
૧૨	શુક્રવાર, તા. ૧૭મી ફેબ્રુઆરી ૧૯૮૯	૮.૩૦ થી ૧૧.૧૩	... ...	૨--૪૩
૧૩	સોમવાર, તા. ૨૦મી ફેબ્રુઆરી, ૧૯૮૯	૧૨.૦૦ થી ૫.૨૦	૦--૪૫	૪--૩૫
૧૪	મંગળવાર, તા. ૨૧મી ફેબ્રુઆરી, ૧૯૮૯	૧૨.૦૦ થી ૧.૧૭	... ...	૧--૧૭
૧૫	બુધવાર, તા. ૨૨મી ફેબ્રુઆરી, ૧૯૮૯	૧૨.૦૦ થી ૫.૩૧	૦--૪૫	૪--૪૬
૧૬	ગુરુવાર, તા. ૨૩મી ફેબ્રુઆરી, ૧૯૮૯	૧૨.૦૦ થી ૫.૨૦	૦--૩૭	૪--૪૩
૧૭	શુક્રવાર, તા. ૨૪મી ફેબ્રુઆરી, ૧૯૮૯	૮.૩૦ થી ૧.૦૦	૦--૩૦	૪--૦૦
૧૮	સોમવાર, તા. ૨૭મી ફેબ્રુઆરી, ૧૯૮૯	૧૨.૦૦ થી ૧.૧૭	... ...	૧--૧૭
૧૯	મંગળવાર, તા. ૨૮મી ફેબ્રુઆરી, ૧૯૮૯	(૧) ૮.૩૦ થી ૧૨.૩૨ (૨) ૨.૦૦ થી ૪.૧૧	૧--૩૦	૪--૪૩
૨૦	બુધવાર, તા. ૧લી માર્ચ, ૧૯૮૯	(૧) ૮.૩૦ થી ૧૨.૩૨ (૨) ૨.૦૦ ૬.૦૯	૧--૦૦	૭--૧૧
૨૧	ગુરુવાર, તા. ૨જી માર્ચ, ૧૯૮૯	૧૨.૦૦ થી ૪.૪૧	૧--૧૫	૩--૨૬
૨૨	શુક્રવાર, તા. ૩જી માર્ચ, ૧૯૮૯	૮.૩૦ થી ૧.૦૨	૦--૩૦	૪.૦૨

૧	૨	૩	૪	૫
૨૩	મંગળવાર, તા. ૭મી માર્ચ, ૧૯૮૯	૧૨.૦૦ થી ૬.૩૫	૦--૪૫	૫--૫૦
૨૪	બુધવાર, તા. ૮મી માર્ચ, ૧૯૮૯	(૧) ૮.૩૦ થી ૧૨.૩૯ (૨) ૨.૦૦ થી ૭.૩૭	૧--૦૦	૮--૪૬
૨૫	ગુરુવાર, તા. ૯મી માર્ચ, ૧૯૮૯	૧૨.૦૦ થી ૭.૧૬	૦--૩૯	૬--૩૭
૨૬	શુક્રવાર, તા. ૧૦ મી માર્ચ, ૧૯૮૯	૮.૩૦ થી ૧૨.૫૩	૦--૩૦	૩--૫૩
૨૭	સોમવાર, તા. ૧૩મી માર્ચ, ૧૯૮૯	૧૨.૦૦ થી ૪.૫૭	૦--૪૫	૪--૧૨
૨૮	મંગળવાર, તા. ૧૪મી માર્ચ, ૧૯૮૯	(૧) ૮.૩૦ થી ૧૨.૪૪ (૨) ૨.૩૦ થી ૭.૧૬	૧.૦૦	૮--૦૦
૨૯	બુધવાર, તા. ૧૫મી માર્ચ, ૧૯૮૯	૧૨.૦૦ થી ૩.૧૯	૦--૪૫	૨--૩૪
૩૦	ગુરુવાર, તા. ૧૬મી માર્ચ, ૧૯૮૯	૧૨.૦૦ થી ૫.૨૬	૦--૪૫	૪--૪૧
૩૧	શુક્રવાર, તા. ૧૭મી માર્ચ, ૧૯૮૯	૮.૩૦ થી ૧.૦૯	૦--૩૦	૪--૦૯
૩૨	સોમવાર, તા. ૨૦મી માર્ચ, ૧૯૮૯	૧૨.૦૦ થી ૫.૨૮	૦--૪૫	૪--૪૩
૩૩	મંગળવાર, તા. ૨૧મી માર્ચ, ૧૯૮૯	૮.૩૦ થી ૧૨.૧૦	૦--૩૦	૩--૧૦
૩૪	સોમવાર, તા. ૨૭મી માર્ચ, ૧૯૮૯	૧૨.૦૦ થી ૭.૧૮	૦--૫૦	૬--૨૮
૩૫	મંગળવાર, તા. ૨૮મી માર્ચ, ૧૯૮૯	૧૨.૦૦ થી ૪.૧૯	૦--૪૫	૩--૩૪
૩૬	બુધવાર, તા. ૨૯મી માર્ચ, ૧૯૮૯	૧૨.૦૦ થી ૫.૪૮	૧--૦૦	૪--૪૮
૩૭	ગુરુવાર, તા. ૩૦મી માર્ચ, ૧૯૮૯	૧૨.૦૦ થી ૬.૧૧	૦--૪૦	૫--૩૧
૧૬.	સન ૧૯૮૯નું વિધેયક ક્રમાંક-૧૯ સન ૧૯૮૯નું ગુજરાત પંચાયત (સુધારા) વિધેયક	પંચાયત અને ગ્રામ ગૃહનિર્માણ	શ્રી મહંમદભાઈ પટેલ	સમયના અભાવે વિધેયક હાથ ધરી શકાયું નહિ.
૧૭.	સન ૧૯૮૯નું વિધેયક ક્રમાંક-૨૧ સન ૧૯૮૯નું ગુજરાત સહકારી મંડળી (સુધારા) વિધેયક	સહકાર	શ્રી ઉદેસિંહ દરબાર	”
૧૮.	સને ૧૯૮૯નું વિધેયક ક્રમાંક-૨૨ સન ૧૯૮૯નું મુંબઈ દીવાની કોર્ટ (ગુજરાત સુધારા) વિધેયક	કાયદા	શ્રી ઉદેસિંહ દરબાર	”

પત્રક ક્રમાંક—૨૨

(જુઓ ફકરા ક્રમાંક-૩૦)

બિન-સરકારી સંકલ્પો (નિયમ—૧૧૭)

અ. નં.	સૂચનાનો વિષય	સૂચના આપનાર સભ્યશ્રીનું નામ	ચર્ચા માટેની તારીખ	પરિણામ
૧	૨	૩	૪	૫
૧.	જનાગઢ જિલ્લાના ઘેડ વિસ્તારનો વિકાસ કરવા અંગે	શ્રી પરબતભાઈ ચાવડા	૯-૨-૮૯	સંકલ્પની સૂચના નિયમ મુજબ નહીં હોવાથી સંકલ્પ દાખલ થયો નહિ.
૨.	બક્ષીપંચની જાતિઓના સર્વાંગી વિકાસ અંગે	શ્રી ઉદેસિંહભાઈ દરબાર	૯-૨-૮૯	ચર્ચાને અંતે સંકલ્પ સભાગૃહની અનુમતિથી સભ્યશ્રીએ પાછો ખેંચ્યો.
૩.	ઉત્તર ગુજરાતમાં ગેસ આધારિત પાવર સ્ટેશન બાંધવા અંગે	શ્રી જોઈતાભાઈ પટેલ	૯-૨-૮૯	" " "
૪.	બનાસકાંઠા જિલ્લાનો નર્મદા યોજનામાં સમાવેશ કરવા અંગે	શ્રી પરબતભાઈ પટેલ	૨૩-૨-૮૯	ચર્ચાને અંતે સંકલ્પ સભાગૃહની અનુમતિથી સભ્યશ્રીએ પાછો ખેંચ્યો.
૫.	આદિવાસી તેમ જ પ્રજાના અન્ય વર્ગોની સમકક્ષ લાવવા આયોજન કરવા અંગે	શ્રી માલસિંહ ડામોર	૨૩-૨-૮૯	" " "
૬.	કડાણા, પાનમ, હડફ તથા વણાકબોરી સિંચાઈ યોજનાના અસરગ્રસ્તોને સુવિધા તો આપવા અંગે	શ્રી જશવંતસિંહ પરમાર	૨૩-૨-૮૯	આગળના બે સંકલ્પો પર ચર્ચા થઈ હોવાથી અને આ સંકલ્પનો અગ્રતાક્રમ ત્રીજો હોવાથી નિયમ-૧૧૭ (૫)ના પરંતુક અન્વયે તે સભાગૃહમાં રજૂ થઈ શક્યો નહીં.

૧	૨	૩	૪	૫
૭.	રાજ્યની પછાત જાતિઓ તથા પછાત વિસ્તારનો વિકાસ કરવા બાબત	શ્રી માલસિંહ ડામોર	૯-૩-૮૯	ચર્ચાને અંતે સંકલ્પ સભાગૃહની અનુમતિથી સભ્યશ્રીએ પાછો ખેંચ્યો.
૮.	ખેડૂતોનાં દેવાં માફ કરવા અંગે	શ્રી મૂળરાજસિંહ પરમાર	૯-૩-૮૯	ચર્ચાને અંતે સંકલ્પ સભાગૃહની અનુમતિથી સભ્યશ્રીએ પાછો ખેંચ્યો.
૯.	રાજ્યના આદિવાસી વિસ્તારોમાં સિંચાઈના બંધો અને ઔદ્યોગિક એકમોથી અસર પામેલા ખેડૂતોની સ્થિતિ સુધારવા અંગે	શ્રી વસનજીભાઈ ગામીત	૯-૩-૮૯	આગળના બે સંકલ્પો પર ચર્ચા થઈ હોવાથી અને આ સંકલ્પનો અગ્રતાક્રમ ત્રીજો હોવાથી, નિયમ-૧૧૭ (૫)ના પરંતુક અન્વયે તે સભાગૃહમાં રજૂ થઈ શક્યો નહીં.
૧૦.	બેકારીની સમસ્યા હલ કરવા કમિશન નીમવા અંગે	શ્રી દિલીપભાઈ પટેલ	૨૭-૩-૮૯	ચર્ચાને અંતે સંકલ્પ સભાગૃહની અનુમતિથી સભ્યશ્રીએ પાછો ખેંચ્યો.
૧૧.	કચ્છ-સૌરાષ્ટ્ર માટે બીજ ઉત્પાદન અને વિસ્તરણ માટે અલગ તંત્ર ઉભું કરવા અંગે	શ્રીમતી ચંદ્રિકાબેન ચુડાસમા	૨૭-૩-૮૯	" " "
૧૨.	ખેડા જિલ્લા અને તેના તાલુકાઓની પુનઃરચના અંગે	શ્રી મૂળરાજસિંહ પરમાર	૨૭-૩-૮૯	આગળના બે સંકલ્પો પર ચર્ચા થઈ હોવાથી અને આ સંકલ્પનો અગ્રતાક્રમ ત્રીજો હોવાથી, નિયમ-૧૧૭ (૫)ના પરંતુક અન્વયે તે સભાગૃહમાં રજૂ થઈ શક્યો નહિ.

પત્રક ક્રમાંક—૨૩

(જુઓ ફકરા ક્રમાંક—૪૧)

વિધાનસભામાં પક્ષવાર સભ્ય સંખ્યા

તારીખ	કુલ સંખ્યા	કોંગ્રેસ	*જનતા પક્ષ	ભા. જ. પ.	અપક્ષો	ખાલી
૨૭—૧—૧૯૮૯ થી ૩૧—૩—૧૯૮૯	૧૮૨	૧૪૫	૧૩	૧૨	૮	૪

*તા. ૩૧-૩-૧૯૮૯ના રોજ જનતા પક્ષને જનતા દળ તરીકે મા. અધ્યક્ષશ્રીએ માન્યતા આપી હતી.

પત્રક ક્રમાંક—૨૪

(જુઓ ફકરા ક્રમાંક-૪૨)

ખરેખર થયેલા કામકાજ પ્રમાણેની સભાઓની તારીખવાર યાદી

જાન્યુઆરી, ૧૯૮૯

શુક્રવાર, તા. ૨૭મી	૧. રાજ્યપાલશ્રીના સંબોધન માટેના આભાર પ્રસ્તાવની રજૂઆત. ૨. શોકદર્શક ઉલ્લેખો
શનિવાર, તા. ૨૮મી	રજા
રવિવાર, તા. ૨૯મી	રજા
સોમવાર, તા. ૩૦મી	સરકારી વિધેયક સન ૧૯૮૯નું વિધેયક ક્રમાંક-૪ સન ૧૯૮૯નું મુંબઈ દીવાની કોર્ટ (ગુજરાત સુધારા) વિધેયક
મંગળવાર, તા. ૩૧મી જાન્યુ-આરીથી શનિવાર, તા. ૪થી ફેબ્રુઆરી, સુધી બેઠકો ન હતી.	

ફેબ્રુઆરી, ૧૯૮૯

રવિવાર, તા. ૫મી	રજા
સોમવાર, તા. ૬ઠ્ઠી	વટહુકમ નામંજૂર કરતો પ્રસ્તાવ અને સરકારી વિધેયકો (૧) સન ૧૯૮૮નો વટહુકમ ક્રમાંક-૮ સન ૧૯૮૮નો ગુજરાત શેરડી ઉપર ખરીદ વેરા વટહુકમ નામંજૂર કરવા માટેનો સભ્યશ્રી બાબુભાઈ વાસણવાળા (દિલીપભાઈ સંઘાણી તથા અશોક ભટ્ટ)નો પ્રસ્તાવ (૨) સન ૧૯૮૯નું વિધેયક ક્રમાંક-૧૦-સન ૧૯૮૯નું ગુજરાત શેરડી ઉપર ખરીદ વેરા વિધેયક (પહેલું વાંચન)
મંગળવાર, તા. ૭મી	૧. શોકદર્શક ઉલ્લેખ ૨. સરકારી વિધેયકો અને વટહુકમ નામંજૂર કરતા પ્રસ્તાવો

(૧) સન ૧૯૮૯નું વિધેયક ક્રમાંક-૧૦-સન ૧૯૮૯નું ગુજરાત શેરડી ઉપર ખરીદ વેરા વિધેયક (પહેલું વાંચન)

(૨) (ક) સન ૧૯૮૯નો વટહુકમ ક્રમાંક-૬-સન ૧૯૮૯નો ગુજરાત આદિજાતિ વિકાસ કોરપોરેશન (સુધારા) વટહુકમ નામંજૂર કરવા માટેનો સભ્યશ્રી દિલીપભાઈ સંઘાણીનો પ્રસ્તાવ (ચર્ચા ચાલુ)

(ખ) સન ૧૯૮૯નું વિધેયક ક્રમાંક-૬-સન ૧૯૮૯નું ગુજરાત આદિજાતિ વિકાસ કોરપોરેશન (સુધારા) વિધેયક (પહેલું વાંચન ચાલુ)

બુધવાર, તા. ૮મી — વટહુકમ નામંજૂર કરતા પ્રસ્તાવો અને સરકારી વિધેયકો

(૧) (ક) સન ૧૯૮૮નો વટહુકમ ક્રમાંક-૬-સન ૧૯૮૮નો ગુજરાત આદિજાતિ વિકાસ કોરપોરેશન (સુધારા) વટહુકમ નામંજૂર કરવા માટેનો સભ્યશ્રી દિલીપભાઈ સંઘાણીનો પ્રસ્તાવ

(ખ) સન ૧૯૮૯નું વિધેયક ક્રમાંક-૬-સન ૧૯૮૯નું ગુજરાત આદિજાતિ વિકાસ કોરપોરેશન (સુધારા) વિધેયક

(૨) (ક) સન ૧૯૮૯નો વટહુકમ ક્રમાંક-૧૦-સન ૧૯૮૯નો ગુજરાત ખાનગી શસ્ત્રધારી દળ નિભાવ પ્રતિબંધ વટહુકમ નામંજૂર કરવા માટેનો સભ્યશ્રી સુરેશચંદ્ર રૂ. મહેતા (દિલીપ-ભાઈ સંઘાણી)નો પ્રસ્તાવ (ચર્ચા ચાલુ)

(ખ) સન ૧૯૮૯નું વિધેયક ક્રમાંક-૭-સન ૧૯૮૯નું ગુજરાત ખાનગી શસ્ત્રધારી દળ નિભાવ પ્રતિબંધ વિધેયક (પહેલું વાંચન ચાલુ)

ગુરૂવાર, તા. ૯મી — ૧. વટહુકમ નામંજૂર કરતો પ્રસ્તાવ અને સરકારી વિધેયકો

(ક) સન ૧૯૮૯નો વટહુકમ ક્રમાંક-૧૦-સન ૧૯૮૯નો ગુજરાત ખાનગી શસ્ત્રધારી દળ નિભાવ પ્રતિબંધ વટહુકમ નામંજૂર કરવા માટેનો સભ્યશ્રી સુરેશચંદ્ર રૂ. મહેતા (દિલીપભાઈ સંઘાણી)નો પ્રસ્તાવ (ચર્ચા ચાલુ)

(ખ) સન ૧૯૮૯નું વિધેયક ક્રમાંક-૭-સન ૧૯૮૯નું ગુજરાત ખાનગી શસ્ત્રધારી દળ નિભાવ પ્રતિબંધ વિધેયક (પહેલું વાંચન ચાલુ)

૨. બિન-સરકારી સંકલ્પો

શુક્રવાર, તા. ૧૦મી	વટહુકમ નામંજૂર કરતો પ્રસ્તાવ અને સરકારી વિધેયક (ક) સન ૧૯૮૯નો વટહુકમ ક્રમાંક-૧૦-સન ૧૯૮૯નો ગુજરાત ખાનગી શસ્ત્રધારી દળ નિભાવ પ્રતિબંધ વટહુકમ નામંજૂર કરવા માટેનો સભ્યશ્રી સુરેશચંદ્ર રૂ. મહેતા (દિલીપભાઈ સંઘાણી)નો પ્રસ્તાવ
	(ખ) સન ૧૯૮૯નું વિધેયક ક્રમાંક-૭-સન ૧૯૮૯નું ગુજરાત ખાનગી શસ્ત્રધારી દળ નિભાવ પ્રતિબંધ વિધેયક (પહેલું વાંચન)
શનિવાર, તા. ૧૧મી	રજા
રવિવાર, તા. ૧૨મી	રજા
સોમવાર, તા. ૧૩મી	(૧) સન ૧૯૮૮-૮૯ના વર્ષ માટેના ખર્ચના પૂરક પત્રકની રજૂઆત
	(૨) રાજ્યપાલશ્રીના સંબોધન માટેના આભાર પ્રસ્તાવ ઉપર ચર્ચા (પહેલો દિવસ)
મંગળવાર, તા. ૧૪મી	રાજ્યપાલશ્રીના સંબોધન માટેના આભાર પ્રસ્તાવ ઉપર ચર્ચા (બીજો દિવસ)
બુધવાર, તા. ૧૫મી	રાજ્યપાલશ્રીના સંબોધન માટેના આભાર પ્રસ્તાવ ઉપર ચર્ચા (ત્રીજો દિવસ)
ગુરુવાર, તા. ૧૬મી	૧. રાજ્યપાલશ્રીના સંબોધન માટેના આભાર પ્રસ્તાવ ઉપર ચર્ચા (ચોથો અને છેલ્લો દિવસ)
	૨. બિન-સરકારી વિધેયકો
શુક્રવાર, તા. ૧૭મી	સન ૧૯૮૯-૯૦ના વર્ષ માટેના અંદાજપત્રની રજૂઆત
શનિવાર, તા. ૧૮મી	બેઠક ન હતી
રવિવાર, તા. ૧૯મી	રજા

સોમવાર, તા. ૨૦મી	પૂરક માગણીઓ ઉપર ચર્ચા અને મતદાન (પહેલો દિવસ)
મંગળવાર, તા. ૨૧મી	પૂરક માગણીઓ પર ચર્ચા અને મતદાન (બીજો અને છેલ્લો દિવસ)
બુધવાર, તા. ૨૨મી	સરકારી વિધેયક સન ૧૯૮૯નું વિધેયક ક્રમાંક-૧૧—સન ૧૯૮૯નું ગુજરાત ખેત ઉત્પન્ન બજાર (સુધારા) સુધારતું વિધેયક.
ગુરૂવાર, તા. ૨૩મી	૧. સરકારી વિધેયક સન ૧૯૮૯નું વિધેયક ક્રમાંક-૧૭—સન ૧૯૮૯નું ગુજરાત (પૂરક) વિનિયોગ વિધેયક ૨. બિન-સરકારી સંકલ્પો
શુક્રવાર, તા. ૨૪મી	અંદાજપત્ર ઉપર સામાન્ય ચર્ચા (પહેલો દિવસ)
શનિવાર, તા. ૨૫મી	રજા
રવિવાર, તા. ૨૬મી	રજા
સોમવાર, તા. ૨૭મી	અંદાજપત્ર ઉપર સામાન્ય ચર્ચા (બીજો દિવસ)
મંગળવાર, તા. ૨૮મી	**પહેલી બેઠક** વટહુકમ નામંજૂર કરતા પ્રસ્તાવો અને સરકારી વિધેયકો (૧) (ક) સન ૧૯૮૮નો વટહુકમ ક્રમાંક-૭—સન ૧૯૮૮નો ગુજરાત રાજ્ય બાંયધરી (સુધારા) વટહુકમ નામંજૂર કરવા માટેનો સભ્યશ્રી સુરેશચંદ્ર રૂ. મહેતા (શ્રી બાબુભાઈ વાસણવાણા અને શ્રી દિલીપભાઈ સંઘાણી)નો પ્રસ્તાવ (ખ) સન ૧૯૮૯નું વિધેયક ક્રમાંક-૨ સન ૧૯૮૯નું ગુજરાત રાજ્ય બાંયેધરી (સુધારા) વિધેયક (૨) (ક) સન ૧૯૮૮નો વટહુકમ ક્રમાંક-૧૧—સન ૧૯૮૮નો ગુજરાત વેચાણવેરા (દ્વિતીય સુધારા) વટહુકમ નામંજૂર કરવા માટેનો સભ્યશ્રી અશોક ભટ્ટ (દિલીપભાઈ સંઘાણી)નો પ્રસ્તાવ. (ખ) સન ૧૯૮૯નું વિધેયક ક્રમાંક-૫ સન ૧૯૮૯નું ગુજરાત વેચાણવેરા (સુધારા) વિધેયક **બીજી બેઠક** અંદાજપત્ર ઉપર સામાન્ય ચર્ચા (ત્રીજો દિવસ)

માર્ચ, ૧૯૮૯

બુધવાર, તા. ૧લી — પહેલી બેઠક

૧. શોકદર્શક ઉલ્લેખ

૨. વટહુકમ નામંજૂર કરતા પ્રસ્તાવો અને સરકારી વિધેયકો

(૧) (ક) સન ૧૯૮૮નો વટહુકમ ક્રમાંક-૯—સન ૧૯૮૮નો મુંબઈ પોલીસ (ગુજરાત સુધારા) વટહુકમ નામંજુર કરવા માટેનો સભ્યશ્રી અશોક ભટ્ટ (દિલીપભાઈ સંઘાણી)નો પ્રસ્તાવ

(ખ) સન ૧૯૮૯નું વિધેયક ક્રમાંક-૧—સન ૧૯૮૯નું મુંબઈ પોલીસ (ગુજરાત સુધારા) વિધેયક

(૨) (ક) સન ૧૯૮૮નો વટહુકમ ક્રમાંક -૧૨—સન ૧૯૮૮નો ગુજરાત (હોટલ અને નિવાસગૃહ) સુખ-સુવિધા કર (સુધારા) વટહુકમ નામંજુર કરવા માટેનો સભ્યશ્રી અશોક ભટ્ટ (પ્રકાશ-ચંદ્ર બ્રહ્મભટ્ટ)નો પ્રસ્તાવ

(ખ) સન ૧૯૮૯નું વિધેયક ક્રમાંક-૯ સન—૧૯૮૯નું ગુજરાત (હોટલ અને નિવાસગૃહ) સુખ સુવિધા કર (સુધારા) વિધેયક

(૩) (ક) સન ૧૯૮૮નો વટહુકમ ક્રમાંક-૧૩—સન ૧૯૮૮નો ગુજરાત મનોરંજન કર (સુધારા) વટહુકમ નામંજૂર કરવા માટેનો સભ્યશ્રી દિલીપભાઈ સંઘાણી (બાબુભાઈ વાસણવાળા)નો પ્રસ્તાવ

(ખ) સન ૧૯૮૯નું વિધેયક ક્રમાંક-૮—સન ૧૯૮૯નું ગુજરાત મનોરંજન કર (સુધારા) વિધેયક (બીજું વાંચન ચાલુ)

(૪) (ક) સન ૧૯૮૮નો વટહુકમ ક્રમાંક-૪—સન ૧૯૮૮નો ગુજરાત માધ્યમિક શિક્ષણ (સુધારા) વટહુકમ નામંજૂર કરવા માટેનો સભ્યશ્રી અશોક ભટ્ટ (બાબુભાઈ વાસણવાળા, પ્રબોધ-કાન્ત પંડયા અને દિલીપભાઈ સંઘાણી)નો પ્રસ્તાવ (ચર્ચા ચાલુ)

(ખ) સન ૧૯૮૯નું વિધેયક ક્રમાંક-૩ સન—૧૯૮૯નું ગુજરાત માધ્યમિક શિક્ષણ (સુધારા) વિધેયક (પહેલું વાંચન ચાલુ)

બીજી બેઠક

અંદાજપત્ર ઉપર સામાન્ય ચર્ચા (ચોથો અને છેલ્લો દિવસ)

ગુરૂવાર, તા. ૨જી

૧. સરકારી વિધેયકો અને વટહુકમ નામંજૂર કરતા પ્રસ્તાવો

(ક) સન ૧૯૮૯નું વિધેયક ક્રમાંક-૭—સન ૧૯૮૯નું ગુજરાત ખાનગી શસ્ત્રધારી દળ નિભાવ પ્રતિબંધ વિધેયક

૨. સન ૧૯૮૯નું વિધેયક ક્રમાંક-૮—સન ૧૯૮૯નું ગુજરાત મનોરંજન કર (સુધારા) વિધેયક

૩. (ક) સન ૧૯૮૮નો વટહુકમ ક્રમાંક-૪—સન ૧૯૮૮નો ગુજરાત માધ્યમિક શિક્ષણ (સુધારા) વટહુકમ નામંજૂર કરવા માટેનો સભ્યશ્રી અશોક ભટ્ટ (બાબુભાઈ વાસણવાળા પ્રબોધકાન્ત પંડયા અને દિલીપભાઈ સંઘાણી)નો પ્રસ્તાવ

(ખ) સન ૧૯૮૯નું વિધેયક ક્રમાંક-૩—સન ૧૯૮૯નું ગુજરાત માધ્યમિક શિક્ષણ (સુધારા) વિધેયક (વિધેયક પ્રવર સમિતિને સોપાયું)

૨. બિન-સકારી વિધેયકો

શુક્રવાર, તા. ૩જી

માગણીઓ પર ચર્ચા અને મતદાન (પહેલો દિવસ)

શનિવાર, તા. ૪થી

બેઠક ન હતી

રવિવાર, તા. ૫મી

રજા

સોમવાર, તા. ૬ઠ્ઠી

રજા (મહાશિવરાત્રી)

મંગળવાર, તા. ૭મી

૧. વડોદરા શહેરમાં સર્જાયેલા લઠ્ઠાકાંડના કારણે ઉભી થયેલી તાકીદની જાહેર અગત્યની બાબત ઉપર ચર્ચા કરવા માટે સભ્યોકૂફીનો પ્રસ્તાવ

૨. માગણીઓ ઉપર ચર્ચા અને મતદાન (બીજો દિવસ)

બુધવાર, તા. ૮મી	પહેલી બેઠક માગણીઓ પર ચર્ચા અને મતદાન (ત્રીજો દિવસ) બીજી બેઠક માગણીઓ ઉપર ચર્ચા અને મતદાન (ચોથો દિવસ)
ગુરૂવાર, તા. ૯મી	૧. માગણીઓ પર ચર્ચા અને મતદાન (પાંચમો દિવસ) ૨. ખેડૂતોને પાક વીમાની રકમ ચૂકવવા અંગેનો સભ્યશ્રી દિલીપભાઈ સંઘાણીનો નિયમ-૧૦૧ અન્વયેનો પ્રસ્તાવ ૩. બિન-સરકારી સંકલ્પો
શુક્રવાર, તા. ૧૦મી	માગણીઓ પર ચર્ચા અને મતદાન (છઠ્ઠો દિવસ)
શનિવાર, તા. ૧૧મી	રજા
રવિવાર, તા. ૧૨મી	રજા
સોમવાર, તા. ૧૩મી	માગણીઓ ઉપર ચર્ચા અને મતદાન (સાતમો દિવસ)
મંગળવાર, તા. ૧૪મી	પહેલી બેઠક માગણીઓ પર ચર્ચા અને મતદાન (આઠમો દિવસ) બીજી બેઠક માગણીઓ ઉપર ચર્ચા અને મતદાન (નવમો દિવસ)
બુધવાર, તા. ૧૫મી	માગણીઓ ઉપર ચર્ચા અને મતદાન (દશમો દિવસ)
ગુરૂવાર, તા. ૧૬મી	માગણીઓ ઉપર ચર્ચા અને મતદાન (અગિયારમો દિવસ)
શુક્રવાર, તા. ૧૭મી	માગણીઓ ઉપર ચર્ચા અને મતદાન (બારમો દિવસ)
શનિવાર, તા. ૧૮મી	બેઠક ન હતી
રવિવાર, તા. ૧૯મી	રજા
સોમવાર, તા. ૨૦મી	માગણીઓ ઉપર ચર્ચા અને મતદાન (તેરમો દિવસ) ૨. બિન-સરકારી વિધેયક

મંગળવાર, તા. ૨૧મી	માગણીઓ પર ચર્ચા અને મતદાન (ચૌદમો અને છેલ્લો દિવસ)
બુધવાર, તા. ૨૨મી	રજા (હોળીનો બીજો દિવસ)
ગુરૂવાર, તા. ૨૩મી	બેઠક ન હતી
શુક્રવાર, તા. ૨૪મી	રજા (ગુડ ફ્રાઈડે)
શનિવાર, તા. ૨૫મી	રજા
રવિવાર, તા. ૨૬મી	રજા
સોમવાર, તા. ૨૭મી	૧. વધારાની માગણીઓ ઉપર ચર્ચા અને મતદાન ૨. વૈધાનિક પ્રસ્તાવો સંવિધાન (બાસઠમા સુધારા) વિધેયક ૧૯૮૮ને બહાલી રાખવા અંગેનો માન. મુખ્યમંત્રીશ્રીનો નિયમ-૧૦૦ અન્વયેનો પ્રસ્તાવ ૩. બિન-સરકારી સંકલ્પો
મંગળવાર, તા. ૨૮મી	સરકારી વિધેયકો ૧. સન ૧૯૮૯નું વિધેયક ક્રમાંક-૨૬—સન ૧૯૮૯નું ગુજરાત વિનિયોગ વિધેયક ૨. સન ૧૯૮૯નું વિધેયક ક્રમાંક-૨૦—સન ૧૯૮૯નું ગુજરાત પંચાયત (સુધારા) વિધેયક
બુધવાર, તા. ૨૯મી	૧. શોકદર્શક ઉલ્લેખ ૨. સરકારી વિધેયકો (૧) સન ૧૯૮૯નું વિધેયક ક્રમાંક-૨૭—સન ૧૯૮૯નું ગુજરાત વિનિયોગ (વધારાનાં ખર્ચ) વિધેયક (૨) સન ૧૯૮૯નું વિધેયક ક્રમાંક-૨૩—સન ૧૯૮૯નું ગુજરાત રાજ્ય વ્યવસાય વ્યાપાર, ધંધા અને રોજગાર વેરા (સુધારા) વિધેયક
ગુરૂવાર, તા. ૩૦મી	સરકારી વિધેયક

૧ સન ૧૯૮૯નું વિધેયક ક્રમાંક-૨૪—સન ૧૯૮૯નું ગુજરાત વેચાણવેરા (દ્વિતીય સુધારા) વિધેયક

૨. ગુજરાત વિદ્યુત બોર્ડને નાણા ઉછીના લેવાની મહત્તમ મર્યાદા વધારવા માટેનો ઉર્જા મંત્રીશ્રીનો નિયમ-૧૦૦ અન્વયેનો વૈધાનિક પ્રસ્તાવ

૩. અંદાજ સમિતિના દસમા અહેવાલની ભલામણ ક્રમાંક-૧૧ને વિચારણામાં લેવા માટેનો સભ્યશ્રી અશોક ભટ્ટનો નિયમ-૧૦૧ અન્વયેનો પ્રસ્તાવ

શુક્રવાર, તા. ૩૧મી

સરકારી વિધેયકો

૧. સન ૧૯૮૯નું વિધેયક ક્રમાંક-૨૪—સન ૧૯૮૯નું ગુજરાત વેચાણવેરા (દ્વિતીય સુધારા) વિધેયક

૨. સન ૧૯૮૯નું વિધેયક ક્રમાંક-૨૫—સન ૧૯૮૯નું મુંબઈ જમીન મહેસુલ (ગુજરાત સુધારા) વિધેયક

પત્રક ક્રમાંક—૨૫

(જુઓ ફકરા ક્રમાંક-૪૩)

રોજેરોજના કામકાજનો સારાંશ

શુક્રવાર, તા. ૨૭મી જાન્યુઆરી, ૧૯૮૯.

૧. સચિવશ્રીએ રાજ્યપાલશ્રીના સંબોધનની પ્રમાણિત નકલ વિધાનસભાના મેજ ઉપર મૂકી.

૨. શ્રી લક્ષ્મણભાઈ પટણીએ નીચેનો પ્રસ્તાવ રજૂ કર્યો—

"રાજ્યપાલશ્રીને નીચે મુજબનો સંદેશો પાઠવવો—
અમો, આ સત્રમાં એકત્ર થયેલા ગુજરાત વિધાનસભાના સભ્યો, રાજ્યપાલશ્રીએ આ સભાગૃહ સમક્ષ કરેલા સંબોધન બદલ તેમનો આભાર માનીએ છીએ."

શ્રીમતી કુમુદિનીબહેન પંચોલીએ શ્રી લક્ષ્મણભાઈ પટણીના ઉપર્યુકત પ્રસ્તાવનું અનુમોદન કર્યું. પ્રસ્તાવ રજૂ થયો.

૩. મુખ્ય મંત્રી, શ્રી અમરસિંહ ચૌધરીએ ગુજરાત વિધાનસભાના સભ્ય, શ્રી પોપટલાલ લાખાભાઈ સોરઠિયાના અવસાન અંગે શોકદર્શક ઉલ્લેખ કર્યો અને સ્વર્ગસ્થને અંજલિ આપી.

ત્યારબાદ વિરોધ પક્ષના નેતા, શ્રી ચીમનભાઈ પટેલે તેમજ શ્રી સુરેશચંદ્ર રૂ. મહેતા, શ્રી અશોક ભટ્ટ, શ્રી ભોળાભાઈ પટેલ, શ્રીમતી (ડો.) સુશીલાબહેન શેઠ અને શ્રી મનુભાઈ કોટડિયાએ સ્વર્ગસ્થને અંજલિ આપ્યા બાદ, અધ્યક્ષશ્રીએ પણ તેમાં સૂર પુરાવ્યો.

ત્યારબાદ સભ્યશ્રીઓએ થોડીવાર ઉભા થઈને મૌન પાળ્યું.

મુખ્યમંત્રી, શ્રી અમરસિંહ ચૌધરીએ ગુજરાત વિધાનસભાના માજી સભ્ય અને રાજ્યના માજી મંત્રીશ્રી ફત્તેસિંહરાવ પ્રતાપસિંહરાવ ગાયકવાડ, શ્રી માધવલાલ ભાઈલાલભાઈ શાહ, શ્રી ગોરધનદાસ રણછોડદાસ ચોખાવાલા, ગુજરાત વિધાનસભાના માજી સભ્ય શ્રી દીપસિંહ જવાનસિંહ રાઠોડ, શ્રી જશભાઈ ચુનીભાઈ પટેલ, શ્રી હરગોવિંદદાસ ખુશાલદાસ નાગર અને ગુજરાતના માજી સંસદ સભ્ય તથા કવિ શ્રી ઉમાશંકર જોઠાલાલ જોશીના અવસાન અંગે શોકદર્શક ઉલ્લેખો કર્યા અને સ્વર્ગસ્થને અંજલિ આપી.

ત્યારબાદ વિરોધ પક્ષના નેતા, શ્રી ચીમનભાઈ પટેલે તેમજ શ્રી સુરેશચંદ્ર રૂ. મહેતા, શ્રી શંકરજી ઓ. ઠાકોર, શ્રી જશપાલસિંહ, શ્રી મહેન્દ્રભાઈ પટેલ, શ્રી ભીખાભાઈ રબારી, શ્રી વીરજીભાઈ મુનિયા, ડો. કરસનદાસ સોનેરી, શ્રીમતી મહાશ્વેતાબહેન ચૌહાણ, શ્રી ગાભાજી ઠાકોર, શ્રી બાબુભાઈ વાસણવાળા અને શ્રી મૂળરાજસિંહ પરમારે સ્વર્ગસ્થોને અંજલિ આપ્યા બાદ, અધ્યક્ષશ્રીએ પણ તેમાં સૂર પુરાવ્યો.

ત્યારબાદ સભ્યશ્રીઓએ થોડીવાર ઉભા થઈને મૌન પાળ્યું.

૪. ત્યારબાદ વિરોધપક્ષના નેતા, શ્રી ચીમનભાઈ પટેલે પ્રસ્તાવ રજૂ કરતાં જણાવ્યું કે વિરોધપક્ષના માજી સભ્યશ્રીઓ તેમજ વર્તમાન સભ્યના માનમાં સભાગૃહની બેઠક મુલતવી રાખવામાં આવે, જેનું મુખ્ય મંત્રી, શ્રી અમરસિંહ ચૌધરીએ સમર્થન કરતાં, અધ્યક્ષશ્રીએ, સભાગૃહની સર્વસંમતિથી ગૃહની બેઠક મુલતવી રાખી.

સોમવાર તા. ૩૦મી જાન્યુઆરી. ૧૯૮૯

૧. પ્રશ્નો પૂછવામાં આવ્યા અને તેના જવાબો આપવામાં આવ્યા.

૨. શ્રી સુરેશચંદ્ર રૂ. મહેતાએ નિયમ-૧૧૬ અન્વયે તાકીદની જાહેર અગત્યની બાબત પર કૃષિ મંત્રીશ્રીનું ધ્યાન દોર્યું—

રાજ્ય કક્ષાના કૃષિ મંત્રી, શ્રી કરસનજી ઠાકોરે તેમનું લેખિત નિવેદન રજૂ કર્યું અને ઉપસ્થિત થયેલા પ્રશ્નોના જવાબ આપ્યા.

૩. નીચેના કાગળો તેની સામે દર્શાવેલાં મંત્રીશ્રીઓએ વિધાનસભાના મેજ ઉપર મૂકયા—

(૧) સન ૧૯૮૮નો વટહુકમ ક્રમાંક-૪, સન ૧૯૮૮નો ગુજરાત માધ્યમિક શિક્ષણ (સુધારા (દ્વિતીય) વટહુકમ

શિક્ષણ મંત્રીશ્રી, અરવિંદ સંઘવી

(૨) સન ૧૯૮૮નો વટહુકમ ક્રમાંક-૫, સન ૧૯૮૮નો મુંબઈ દિવાની કોર્ટ (ગુજરાત સુધારા) વટહુકમ

ન્યાયતંત્ર મંત્રી, શ્રી બાબુભાઈ સોપારીવાળા

(૩) સન ૧૯૮૮નો વટહુકમ ક્રમાંક-૬, સન ૧૯૮૮નો ગુજરાત આદિજાતિ વિકાસ કોરપોરેશન (સુધારા) વટહુકમ

રાજ્યકક્ષાના આદિજાતિ વિકાસ મંત્રી,

શ્રી લલિતકુમાર પટેલ

(૪) સન ૧૯૮૮નો વટહુકમ ક્રમાંક-૭, સન ૧૯૮૮નો ગુજરાત રાજ્ય બાંયધરી (સુધારા) વટહુકમ

નાણાં મંત્રી, શ્રી અરવિંદ સંઘવી

(૫) સન ૧૯૮૮નો વટહુકમ ક્રમાંક-૮, સન ૧૯૮૮નો ગુજરાત શેરડી ઉપર ખરીદ વેરા વટહુકમ

નાણાં મંત્રી, શ્રી અરવિંદ સંઘવી

(૬) સન ૧૯૮૮નો વટહુકમ ક્રમાક-૯, સન ૧૯૮૮નો મુંબઈ પોલીસ (ગુજરાત સુધારા) વટહુકમ

મુખ્ય મંત્રી, શ્રી અમરસિંહ ચૌધરી

(૭) સન ૧૯૮૮નો વટહુકમ ક્રમાંક-૧૦, સન ૧૯૮૮નો ગુજરાત ખાનગી શસ્ત્રધારી દળ નિભાવ પ્રતિબંધ વટહુકમ

મુખ્ય મંત્રી, શ્રી અમરસિંહ ચૌધરી

(૮) સન ૧૯૮૮નો વટહુકમ ક્રમાંક-૧૧, સન ૧૯૮૮નો ગુજરાત વેચાણવેરા (દ્વિતીય સુધારા) વટહુકમ

નાણા મંત્રી, શ્રી અરવિંદ સંઘવી

(૯) સન ૧૯૮૮નો વટહુકમ ક્રમાંક-૧૨, સન ૧૯૮૮નો ગુજરાત (હોટેલ અને નિવાસ ગૃહ સુખ સુવિધા કર (સુધારા) વટહુકમ

મુખ્ય મંત્રી, શ્રી અમરસિંહ ચૌધરી

(૧૦) સન ૧૯૮૮નો વટહુકમ ક્રમાંક-૧૩, સન ૧૯૮૮નો ગુજરાત મનોરંજન કર (સુધારા) વટહુકમ

મુખ્યમંત્રી, શ્રી અમરસિંહ ચૌધરી

(૧૧) ગુજરાત ફિલ્મ વિકાસ નિગમ લિમિટેડનો સન ૧૯૮૭-૮૮નો વાર્ષિક અહેવાલ

મુખ્યમંત્રી, શ્રી અમરસિંહ ચૌધરી

(૧૨) ગુજરાત મેરી ટાઈમ બોર્ડનૂ સન ૧૯૮૬-૮૭નું વાર્ષિક હિસાબ પત્રક

રાજ્યકક્ષાના બંદરો અને મત્સ્યોદ્યોગ મંત્રી,
પ્રો. હસમુખભાઈ પટેલ

(૧૩) સામાન્ય વહીવટ વિભાગની—

(ક) તા. ૨૬-૯-૮૮ની અધિસૂચના
(ખ) તા. ૨૧-૧૨-૮૮ની અધિસૂચના

મુખ્યમંત્રી, શ્રી અમરસિંહ ચૌધરી

(૧૪) માહિતી, પ્રસારણ અને પ્રવાસન વિભાગની

(ક) તા. ૨૧-૯-૮૮ની અધિસૂચના
(ખ) તા. ૫-૧૦-૮૮ની અધિસૂચના
(ગ) તા. ૮-૧૦-૮૮ની અધિસૂચના

મુખ્યમંત્રી, શ્રી અમરસિંહ ચૌધરી

૪. સચિવશ્રીએ સાતમી ગુજરાત વિધાનસભાના આઠમા સત્રમાં વિધાનસભાએ પસાર કરેલાં અને જેને રાજ્યપાલશ્રીની અનુમતી મળી છે તેવા સન ૧૯૮૮ના વિધેયક ક્રમાંક-૧૧, ૧૯, ૨૫, ૨૭, ૨૯, અને ૩૦ વિધાનસંભાના મેજ ઉપર મૂક્યાં.

૫. અધ્યક્ષશ્રીએ કામકાજ સલાહકાર સમિતિનો બેતાળીસમો અહેવાલ રજૂ કર્યો.

૬. સંસદીય બાબતોના મંત્રી, શ્રી નલિનભાઈ પટેલ "આ સભાગૃહ, કામકાજ સલાહકાર સમિતિના બેતાળીસમા અહેવાલ સાથે સંમત થાય"એવો પ્રસ્તાવ રજૂ કર્યો અને તેનો સ્વીકાર કરવામાં આવ્યો.

૭. સન ૧૯૮૯નું વિધેયક ક્રમાંક-૪ સન ૧૯૮૯નું મુંબઈ દિવાની કોર્ટ (ગુજરાત સુધારા) વિધેયક, ત્રણેય વાંચનમાંથી પસાર કરવામાં આવ્યું.

સોમવાર, તા. ૬ ઠ્ઠી ફેબ્રુઆરી, ૧૯૮૯

૧. પ્રશ્નો પૂછવામાં આવ્યા અને તેના જવાબ આપવામાં આવ્યા.

૨. શ્રી દિનશા પટેલે નિયમ ૧૧૬ અન્વયે "નડિયાદમાં ગંજ બજારની દુકાનોમાં તોડફોડ અને ચોરી અંગે" તાકીદની જાહેર અગત્યની બાબત પર ગૃહ મંત્રીશ્રીનું ધ્યાન દોર્યું.

રાજ્યકક્ષાના ગૃહ મંત્રી, શ્રી વજુભાઈ જાનીએ તેમનું લેખિત નિવેદન રજૂ કર્યું. અને ઉપસ્થિત થયેલા પ્રશ્નોના જવાબ આપ્યા.

૩. શ્રી અશોક ભટ્ટે અધ્યક્ષશ્રીની પૂર્વમંજૂરીથી "રાજ્યમાં નર્મદા યોજના ઉપર કામ કરતા મજૂરોની હડતાળ" અંગેનો મુદ્દો ઉપસ્થિત કરી શ્રમ મંત્રીશ્રીનું ધ્યાન દોર્યું.

શ્રમ મંત્રી, શ્રી મનુભાઈ પરમારે ખુલાસાત્મક મૌખિક સ્પષ્ટતા કરી.

૪. નીચેના કાગળો તેની સામે દર્શાવેલા મંત્રીશ્રીએ વિધાનસભાના મેજ ઉપર મૂક્યા.

સન ૧૯૮૮ના વટહુકમ ક્રમાંક-૧૦ સન ૧૯૮૮ના ગુજરાત ખાનગી શસ્ત્રધારી દળ નિભાવ પ્રતિબંધ વટહુકમને બહાર પાડવા અંગેના સંજોગો સમજાવતું નિવેદન.

મુખ્યમંત્રી, શ્રી અમરસિંહ ચૌધરી

૫. સરકારી વિધેયકો અને વટહુકમો નામંજૂર કરતા પ્રસ્તાવો—

(૧) (ક) ગુજરાત વિધાનસભાના નિયમોના નિયમ ૧૫૨(ક) અન્વયે શ્રી બાબુભાઈ વાસણ-વાળાએ નીચેનો પ્રસ્તાવ રજૂ કર્યો—

"આ સભાગૃહ, સન ૧૯૮૮નો વટહુકમ ક્રમાંક-૮, સન ૧૯૮૮નો ગુજરાત શેરડી ઉપર ખરીદ વેરા વટહુકમ નામંજૂર કરે."

(ખ) સન ૧૯૮૯નું વિધેયક ક્રમાંક-૧૦ સન ૧૯૮૯નું ગુજરાત શેરડી ઉપર ખરીદ વેરા વિધેયક

નાણા મંત્રી, શ્રી અરવિંદ સંઘવીએ ઉક્ત વિધેયક દાખલ કર્યું અને વિધેયકના પહેલા વાચનનો પ્રસ્તાવ રજૂ કર્યો—

૧૧ સભ્યોએ ચર્ચામાં ભાગ લીધો. વિધેયકનું પ્રથમ વાચન કરવામાં આવ્યું.

૬. અધ્યક્ષશ્રીનું અવલોકન

વિરામબાદ શ્રી અશોક ભટ્ટે સભાગૃહની લોન્જમાં સભ્યોને અપાતી ધમકીના બનાવ અંગે મુદ્દો ઉપસ્થિત કર્યો.

અધ્યક્ષશ્રીએ અવલોકન કરતાં જણાવ્યું કે, લોન્જમાં જે કાંઈ બનાવો બન્યા છે તેવા બનાવો ભવિષ્યમાં બને નહીં તે માટે દરેક પક્ષના આગેવાનો કાળજી રાખે.

૭. અધ્યક્ષશ્રીએ કામકાજ સલાહકાર સમિતિનો તેતાળીસમો અહેવાલ રજૂ કર્યો.

૮. સંસદીય બાબતોના મંત્રી, શ્રી નલિનભાઈ પટેલ

"આ સભાગૃહ, કામકાજ સલાહકાર સમિતિના તેતાળીસમા અહેવાલ સાથે સંમત થાય." એવો પ્રસ્તાવ રજૂ કર્યો અને તેનો સ્વીકાર કરવામાં આવ્યો.

મંગળવાર, તા. ૭મી ફેબ્રુઆરી, ૧૯૮૯

૧. પ્રશ્નો પૂછવામાં આવ્યા અને તેના જવાબ આપવામાં આવ્યાં.

૨. જળસંપતિ અને નર્મદા વિકાસ મંત્રીશ્રી મહંત શ્રી વિજયદાસજીએ ગુજરાત વિધાનસભાના માજી સભ્યશ્રી મથુરાદાસ ગોરધનદાસ ગુપ્તાના અવસાન અંગે શોકદર્શક ઉલ્લેખ કર્યો અને સ્વર્ગસ્થને અંજલિ આપી.

ત્યાર બાદ વિરોધપક્ષના નેતા, શ્રી ચીમનભાઈ પટેલે તેમજ શ્રી અશોક ભટ્ટ અને શ્રી લક્ષ્મણભાઈ આગઠે સ્વર્ગસ્થને અંજલિ આપ્યા બાદ અધ્યક્ષશ્રીએ પણ તેમાં સુર પુરાવ્યો.

ત્યાર બાદ સભ્યશ્રીઓએ થોડીવાર ઉભા થઈને મૌન પાળ્યું.

૩. શ્રી કરમશીભાઈ મકવાણાએ નિયમ ૧૧૬ અન્વયે ખેડૂતોના જૂનાં બાકી દેવાની, આકરી વસૂલાતના પગલાં અંગે તાકીદની જાહેર અગત્યની બાબત પર સહકાર મંત્રીશ્રીનું ધ્યાન દોર્યું.

સહકાર મંત્રી, શ્રી મનુભાઈ પરમારે તેમનું લેખિત નિવેદન રજૂ કર્યું અને ઉપસ્થિત થયેલા પ્રશ્નોના જવાબ આપ્યાં.

૪. શ્રી અશોક ભટ્ટે અધ્યક્ષશ્રીનું પૂર્વ મંજૂરીથી "અમરાઈવાડી પોલીસ વિસ્તારની કાંકરી જાતિના લોકોએ બોટાદ ગઢડામાં કરેલી સશસ્ત્ર લૂંટ અંગે" નો મુદ્દો ઉપસ્થિત કરી ગૃહ—મંત્રીશ્રીનું ધ્યાન દોર્યું.

રાજ્યકક્ષાના ગૃહ મંત્રીશ્રી, વજુભાઈ જાનીએ ખુલાસાત્મક મૌખિક સ્પષ્ટતા કરી.

૫. નીચેના કાગળો તેની સામે દર્શાવેલા મંત્રીશ્રીઓએ વિધાસભાના મેજ ઉપર મૂકયા—

(૧) સન ૧૯૮૮ના વટ હુકમ ક્રમાંક—૯, સન ૧૯૮૮ના મુંબઈ પોલીસ (ગુજરાત સુધારા) વટહુકમને બહાર પાડવા અંગેના સંજોગો સમજાવતું નિવેદન.

રાજ્યકક્ષાના ગૃહ મંત્રી, શ્રી વજુભાઈ જાની.

(૨) ગુજરાત ટ્રેકટર નિગમ લિમિટેડનો સન ૧૯૮૯નો વાર્ષિક અહેવાલ,

રાજ્યકક્ષાના કૃષિ મંત્રી, શ્રી કરસનજી ઠાકોર.

(૩) ગુજરાત ઘેટાં અને ઉન વિકાસ નિગમ લિમિટેડનો સન ૧૯૮૩-૮૪નો વાર્ષિક અહેવાલ.

રાજ્યકક્ષાના કૃષિ મંત્રીશ્રી કરસનજી ઠાકોર.

૬. સરકારી વિધેયકો અને વટહુકમ નામંજૂર કરતા પ્રસ્તાવો.

(૧) સન ૧૯૮૯નું વિધેયક ક્રમાંક—૧૦.

સન ૧૯૮૯નું ગુજરાત શેરડી ઉપર ખરીદવેરા વિધેયકનું બીજું અને ત્રીજું વાંચન કરવામાં આવ્યું અને વિધેયક પસાર કરવામાં આવ્યું.

(૨) (ક) ગુજરાત વિધાનસભાના નિયમોના નિયમ ૧૫૨(૨) અન્વયેનો પ્રસ્તાવ—

શ્રી દિલીપભાઈ સંઘાણીએ નીચેનો પ્રસ્તાવ રજૂ કર્યો—

"આ સભાગૃહ, સન ૧૯૮૮ના વટહુકમ ક્રમાંક—૬, સન ૧૯૮૮નો ગુજરાત આદિજાતિ વિકાસ કોર્પોરેશન (સુધારા) વટહુકમ નામંજૂર કરે." ત્યાર બાદ

(ખ) સન ૧૯૮૯નું વિધેયક ક્રમાંક—૬,

સન ૧૯૮૯નું ગુજરાત આદિજાતિ વિકાસ કોર્પોરેશન (સુધારા) વિધેયક, રાજ્યકક્ષાના આદિજાતિ વિકાસ મંત્રી, શ્રી લલિતકુમાર પટેલ દાખલ કરવા ઉપસ્થિત થયાં.

૭. પોઈન્ટ ઓફ ઓર્ડર

વિધેયક દાખલ કરવાના તબક્કે શ્રી સુરેશચંદ્ર ૨. મહેતા એ એવો મુદ્દો ઉપસ્થિત કર્યો કે મંત્રીશ્રી અત્યારે જે વિધેયક દાખલ કરવા માગે છે તે જ વિષયને લગતાં બે વિધેયકો અગાઉ ગૃહમાં દાખલ થયેલાં છે. અને એ ગૃહ સમક્ષ નિકાલ માટે બાકી પડયાં છે. તે સંજોગોમાં આ વિધેયક ગૃહમાં દાખલ થઈ શકે નહી અને વટહુકમનું સ્થાન લેવા માટેના સૂચિત વિધેયક પર વિચારણા થઈ શકે નહીં.

વિરોધપક્ષના નેતા, શ્રી ચીમનભાઈ પટેલે, શ્રી સુરેશચંદ્ર ૨. મહેતાના મુદ્દાના અનુસંધાને ઔચિત્યનો એવો મુદ્દો ઉપસ્થિત કર્યો કે, સરકાર ગૃહની બેઠક જરૂરિયાત કરતાં ઓછો સમય માટે બોલાવે છે. પરિણામે વટહુકમનું સ્થાન લેતાં વિધેયકની વિચારણા કરી ગૃહ પસાર કરી શકતું નથી તે પરિસ્થિતિ વાજબી નથી. તેથી સરકારે જરૂરિયાત કરતાં ઓછા સમય માટે ગૃહની બેઠક બોલાવવાની વૃત્તિ રાખવી જોઈએ નહીં.

અધ્યક્ષશ્રી કૌલ અને શકદારના પુસ્તક પાર્લામેન્ટરી પ્રેકટિસ એન્ડ પ્રોસીજરના પાન ૧૨૪ અને ૧૨૬ પરના અવતરણ ટાંકીને સભ્ય શ્રી સુરેશચંદ્ર ર. મહેતાનો મુદ્દો ટકતો ન હોઈને નામંજૂર કર્યો અને વિરોધપક્ષના નેતા, શ્રી ચીમનભાઈ પટેલના ઔચિત્ય અંગેના મુદ્દા સાથે સંમત થઈ વટહુકમોનું સ્થાન લેતા વિધેયકો સત્રમાં નિયત સમયમર્યાદામાં પસાર થાય તે પરિસ્થિતિ વાસ્તવિક ગણવી જોઈએ. તેવું અવલોકન કર્યું. ઉપરાંત વિધેયક ગૃહ સમક્ષ પડતર હોય તેવી બાબતમાં વટહુકમ બહાર પાડવાના પ્રસંગો નિવારવા જોઈએ અને તેમ થાય તેની સરકારે કાળજી લેવી જોઈએ અને ચિંતીત રહેવું જોઈએ તેવું પણ અવલોકન કર્યું.

ત્યારબાદ રાજ્યકક્ષાના આદિજાતિ વિકાસ મંત્રીશ્રી લલિતકુમાર પટેલે વિધેયક ક્રમાંક—૬ દાખલ કર્યું અને વિધેયકના પહેલા વાંચનનો પ્રસ્તાવ રજૂ કર્યો. નવ સભ્યશ્રીઓએ ચર્ચામાં ભાગ લીધો. ચર્ચા અધુરી રહી.

બુધવાર, તા. ૮મી ફેબ્રુઆરી, ૧૯૮૯

૧. પ્રશ્નો પૂછવામાં આવ્યાં અને તેના જવાબ આપવામાં આવ્યાં.

૨. શ્રી ખોડીદાસ દક્કરે નિયમ—૧૧૬ અન્વયે "માર્ચ—૮૯માં વાણિજ્ય વિદ્યાશાખાની ધોરણ—૧૨ની પરીક્ષા માટેના ફોર્મ બોર્ડે રદ કરવા અંગે" તાકીદની જાહેર અગત્યની બાબત પર શિક્ષણ મંત્રીશ્રીનું ધ્યાન દોર્યું.

શિક્ષણ મંત્રી, શ્રી અરવિંદ સંઘવીએ તેમનું લેખિત નિવેદન રજૂ કર્યું અને ઉપસ્થિત થયેલા પ્રશ્નોના જવાબ આપ્યાં.

૩. શ્રી સુરેશચંદ્ર ર. મહેતાએ અધ્યક્ષશ્રીની પૂર્વ મંજૂરીથી જેલમાંથી કેદીઓને પેરોલ ઉપર છોડવા અંગેની નીતિ અંગેનો મુદ્દો ઉપસ્થિત કરી ગૃહ મંત્રીશ્રીનું ધ્યાન દોર્યું.

રાજ્યકક્ષાના ગૃહ મંત્રી, શ્રી વજુભાઈ જાનીએ ખુલાસાત્મક મૌખિક સ્પષ્ટતા કરી.

૪. નીચેના કાગળો તેની સામે દર્શાવેલા મંત્રીશ્રીઓએ વિધાનસભાના મેજ ઉપર મૂકયા—

(૧) કાયદા વિભાગની તા. ૨૩-૧-૮૯ની બે અધિસૂચનાઓ.

સંસદીય બાબતોના મંત્રી,

શ્રી નલિનભાઈ પટેલ.

૫. બિનસરકારી સભ્યોના કામકાજની સમિતિના સભ્યશ્રી સુરેશભાઈ સા. મહેતા એ—સમિતિનો આડત્રીસમો અહેવાલ રજૂ કર્યો.

૬. બિન-સરકારી સભ્યોના કામકાજ માટેની સમિતિના સભ્ય સુરેશભાઈ સા. મહેતાઓ

"આ સભાગૃહ બિનસરકારી સભ્યોના કામકાજ માટેની સમિતિના આઠત્રીસમા અહેવાલ સાથે સમંત થાય." એવો પ્રસ્તાવ રજૂ કર્યો અને તેનો સ્વીકાર કરવામાં આવ્યો.

૭. સરકારી વિધેયકો અને વટહુકમ નામંજુર કરતા પ્રસ્તાવો.

(૧) (ક) ગુજરાત વિધાનસભાના નિયમોના નિયમ ૧૧૨(૨) અન્વયે શ્રી દિલીપભાઈ સંઘાણીનો પ્રસ્તાવ એટલે કે—

"આ સભાગૃહ, સન ૧૯૮૮નો વટહુકમ ક્રમાંક—૬, સન ૧૯૮૮નો ગુજરાત, આદિ-જાતિ વિકાસ કોર્પોરેશન (સુધારા) વટહુકમ નામંજૂર કરે."

(ખ) સન ૧૯૮૯નું વિધેયક ક્રમાંક—૬. સન ૧૯૮૯નું ગુજરાત આદિજાતિ વિકાસ કોર્પો-રેશન (સુધારા) વિધેયકના પ્રથમ વાંચનનો પ્રસ્તાવ—

ઉપર્યુકત બન્ને બાબતો પર મંગળવાર, તા. ૭મી ફેબ્રુઆરી, ૧૯૮૯ના રોજ અધુરી રહેલી ચર્ચા આગળ ચાલી. ૩ સભ્યોએ ચર્ચામાં ભાગ લીધો.

ચર્ચાનો જવાબ રાજયકક્ષાના આદિજાતિ વિકાસ મંત્રીશ્રી, લલિતકુમાર પટેલે આપ્યો.

નિયમ ૧૧૨(૨) અન્વયેના પ્રસ્તાવનો અસ્વીકાર કરવામાં આવ્યો અને વિધેયક પસાર કરવામાં આવ્યું.

(૨) (ક) ગુજરાત વિધાનસભાના નિયમોના નિયમ ૧૧૨(૨) અન્વયે પ્રસ્તાવ.

શ્રી સુરેશચંદ્ર રુ. મહેતાએ નીચેનો પ્રસ્તાવ રજૂ કર્યો—

"આ સભાગૃહ, સન ૧૯૮૮નો વટહુકમ ક્રમાંક—૧૦, સન ૧૯૮૮નો ગુજરાત ખાનગી શસ્ત્રધારી દળ નિભાવ પ્રતિબંધ વટહુકમ નામંજૂર કરે."

(ખ) સન ૧૯૮૯નું વિધેયક ક્રમાંક—૭.

સન ૧૯૮૯નું ગુજરાત ખાનગી શસ્ત્રધારી દળ નિભાવ પ્રતિબંધ વિધેયક.

રાજયકક્ષાના ગૃહ મંત્રીશ્રી, વજુભાઈ જાનીએ ઉકત વિધેયક દાખલ કર્યું અને વિધેયકના પહેલા વાંચનનો પ્રસ્તાવ રજુ કર્યો. ચાર સભ્યોએ ચર્ચામાં ભાગ લીધો.

ગુરૂવાર, તા. ૯મી ફેબ્રુઆરી, ૧૯૮૯

૧. પ્રશ્નો પૂછવામાં આવ્યાં અને તેના જવાબ આપવામાં આવ્યાં.

૨. શ્રી કરમશીભાઈ મકવાણાએ નિયમ ૧૧૬ અન્વયે "રાજ્યમાં જીવાતના કારણે નિષ્ફળ ગયેલા કપાસના પાક અંગે" તાકીદની જાહેર અગત્યની બાબત પર કૃષિ મંત્રીશ્રીનું ધ્યાન દોર્યું.

કૃષિ મંત્રીશ્રી દોલતભાઈ પરમારે તેમનું લેખિત નિવેદન રજૂ કર્યું અને ઉપસ્થિત થયેલા પ્રશ્નોના જવાબ આપ્યાં.

૩. નીચેના કાગળો તેની સામે દર્શાવેલા મંત્રીશ્રીઓએ સભાગૃહમાંના મેજ ઉપર મૂકયા—

(૧) ગુજરાત ઔદ્યોગિક વિકાસ નિગમનો સન ૧૯૮૬—૮૭નો ઓડિટ અહેવાલ

રાજ્યકક્ષાના ઉદ્યોગ મંત્રી,

શ્રી ભીખાભાઈ રબારી.

(૨) ગુજરાત રાજ્ય પેટ્રો-રસાયણ, નિગમ લિમિટેડનો સન ૧૯૮૭—૮૮નો વાર્ષિક અહેવાલ.

—રાજ્યકક્ષાના ઉદ્યોગ મંત્રી, શ્રી ભીખાભાઈ રબારી.

(૩) ગુજરાત લઘુ ઉદ્યોગ નિગમ લિમિટેડનો સન ૧૯૮૭નો વાર્ષિક અહેવાલ.

—રાજ્યકક્ષાના ઉદ્યોગ મંત્રી, શ્રી ભીખાભાઈ રબારી.

(૪) ગુજરાત રાજ્ય નાણાંકીય નિગમનો સન ૧૯૮૭—૮૮નો વાર્ષિક અહેવાલ.

—રાજ્યકક્ષાના ઉદ્યોગ મંત્રી, શ્રી ભીખાભાઈ રબારી.

(૫) ગુજરાત રાજ્ય વન વિકાસ નિગમ લિમિટેડનો સન ૧૯૮૫—૮૬નો વાર્ષિક અહેવાલ.

—રાજ્યકક્ષાના વન મંત્રી, શ્રી લલિતકુમાર પટેલ.

(૬) સન ૧૯૮૮ના ગુજરાત વીજ વેચાણ કર નિયમો ઘડતી, ઉદ્યોગ, ખાણ અને ઉર્જા વિભાગની તા. ૫-૧૨-૮૮ની અધિસૂચના.

રાજ્યકક્ષાના ઉદ્યોગ મંત્રી, શ્રી ભીખાભાઈ રબારી.

(૭) સન ૧૯૬૨ના ગુજરાત ઔદ્યોગિક વિકાસ નિગમ અધિનિયમ અન્વયેની,

(૧) ગુજરાત ઔદ્યોગિક વિકાસ નિગમની—૬ અધિસૂચનાઓ.

(૨) ઉદ્યોગ, ખાણ અને ઉર્જા વિભાગ—બે અધિસૂચનાઓ.

—રાજ્યકક્ષાના ઉદ્યોગ મંત્રી, શ્રી ભીખાભાઈ રબારી.

(૮) સન ૧૯૬૧ના ગુજરાત પંચાયત અધિનિયમ અન્વયેની પંચાયત અને ગ્રામ ગૃહ નિર્માણ વિભાગની અધિસૂચનાઓ.

—પંચાયત મંત્રી, શ્રી હરિસિંહ મહિડા.

૪. સરકારી વિધેયકો અને વટહુકમ નામંજુર કરતા પ્રસ્તાવો

(ક) ગુજરાત વિધાનસભાના નિયમોના નિયમ ૧૫૨(૨) અન્વયે શ્રી સુરેશચંદ્ર રુ. મહેતાનો પ્રસ્તાવ એટલે કે—

"આ સભાગૃહ, સન ૧૯૮૮ના વટહુકમ ક્રમાંક—૬, સન ૧૯૮૮ના ગુજરાત ખાનગી શસ્ત્રધારી દળ નિભાવ પ્રતિબંધ વટહુકમ નામંજૂર કરે."

(ખ) સન ૧૯૮૯નું વિધેયક ક્રમાંક—૭.

સન ૧૯૮૯નું ગુજરાત ખાનગી શસ્ત્રધારી દળ નિભાવ પ્રતિબંધ વિધેયકના પ્રથમ—વાંચનનો પ્રસ્તાવ—

ઉપર્યુકત બન્ને બાબતો પર બુધવાર, તા. ૮મી ફેબ્રુઆરી, ૧૯૮૯ના રોજ અધૂરી રહેલી ચર્ચા આગળ ચાલી—૪ સભ્યોએ ચર્ચામાં ભાગ લીધો. ચર્ચા અધૂરી રહી.

૫. બિન-સરકારી સંકલ્પો—

(ક) શ્રી ઉદેસિંહ દરબારનો સંકલ્પ—

"રાજ્યમાં બક્ષીપંચની જાતિઓના સર્વાંગી વિકાસ માટે પગલાં ભરવા બાબત.

ઉપર્યુકત સંકલ્પ ઉપર શ્રી કેશાજી ઠાકારે અને દિલીપભાઈ સંઘાણીએ સુધારા રજૂ કર્યા.

સંકલ્પ અને તેના ઉપર રજૂ થયેલા સુધારા પર ભેગી ચર્ચા શરૂ થઈ—૫ સભ્યશ્રીઓએ અને ૧ મંત્રીશ્રીએ ચર્ચામાં ભાગ લીધો—

ત્યાર બાદ ઉપર્યુકત સંકલ્પ પાછો ખેંચી લેવાનો પ્રસ્તાવ મત ઉપર મૂકતા શ્રી સુરેશચંદ્ર રુ. મહેતાએ વિભાજનની માગણી કરી જે સ્વીકારવામાં આવી. સભ્યોને પોતાની જગ્યાએ

ઉભા કરીને વિભાજન કરતાં, પ્રસ્તાવની તરફેણમાં ૬૧ અને વિરૂદ્ધમાં ૧૨ મત પડયા, તેથી પ્રસ્તાવનો સ્વીકાર કરવામાં આવ્યો અને સભ્યશ્રીને તેમનો સંકલ્પ પાછો ખેંચી લેવાનો સભાગૃહની અનુમતિ મળી.

સંકલ્પ પાછો ખેંચી લેવામાં આવ્યો.

(ખ) શ્રી જોઈતાભાઈ પટેલનો સંકલ્પ—

"ઉત્તર ગુજરાતમાં વીજ ખેંચને દૂર કરવા ગેસ આધારિત પાવર સ્ટેશન બાંધવા બાબત."

(૧) શ્રી પરબતભાઈ પટેલ અને શ્રી દિલીપભાઈ સંઘાણીએ સુધારા રજૂ કર્યા—

સંકલ્પ અને તેના ઉપર રજૂ થયેલા સુધારા પરની ચર્ચામાં ૪ સભ્યશ્રીઓ અને ૧ મંત્રીશ્રીએ ચર્ચામાં ભાગ લીધો—

ત્યારબાદ સભાગૃહની અનુમતિથી ઉકત સંકલ્પ પાછો ખેંચી લેવામાં આવ્યો.

શુક્રવાર, તા. ૧૦મી ફેબ્રુઆરી, ૧૯૮૯

૧. પ્રશ્નો પૂછવામાં આવ્યાં અને તેના જવાબ આપવામાં આવ્યાં.

૨. શ્રી જયસિંહ વસાવાએ નિયમ ૧૧૬ અન્વયે "નેશનલ હાઈવે નંબર—૮ ઉપર ટ્રક ડાઈવરોની લૂંટ અને ખૂનના બનાવ અંગે" તાકીદની જાહેર અગત્યની બાબત પર મંત્રીશ્રીનું ધ્યાન દોર્યું.

રાજયકક્ષાના ગૃહ મંત્રી, શ્રી વજુભાઈ જાનીએ તેમનું લેખિત નિવેદન રજૂ કર્યું અને ઉપસ્થિત થયેલા પ્રશ્નોના જવાબ આપ્યા.

૩. શ્રી અશોક ભટ્ટે અધ્યક્ષશ્રીની પૂર્વ મંજૂરીથી "રાજયમાં આઈ. ઓ. સી.ના કર્મચારીઓની ગો-સ્લો હડતાળને કારણે ઉભી થયેલી પેટ્રોલની અછત અંગેનો" મુદ્દો ઉપસ્થિત કરી નાગરિક પુરવઠા મંત્રીશ્રીનું ધ્યાન દોર્યું.

નાગરિક પુરવઠા મંત્રી, શ્રી મગનભાઈ સોલંકીએ ખુલાસાત્મક મૌખિક સ્પષ્ટતા કરી.

૪. રાજય સરકારે ચોખાના વેચાણ ભાવમાં કરેલા વધારા અંગે નાગરિક પુરવઠા મંત્રી, શ્રી મગનભાઈ સોલંકીએ નિયમ-૪૪ હેઠળ નિવેદન કર્યું.

૫. નીચેના કાગળો તેની સામે દર્શાવેલા મંત્રીશ્રીઓએ સભાગૃહના મેજ ઉપર મૂકયા--

(૧) ગુજરાત કામદાર કલ્યાણ બોર્ડના સન ૧૯૮૫--૮૬ તથા ૧૯૮૬--૮૭ના વાર્ષિક અહેવાલો ...ક્રમ મંત્રીશ્રી મનુભાઈ પરમાર.

(૨) સન ૧૯૪૯ના મુંબઈ પ્રાથમિક શિક્ષણ નિયમો સુધારતી, શિક્ષણ વિભાગની તા. ૭-૯-૮૮ની અધિસૂચના

... રાજ્યકક્ષાના શિક્ષણમંત્રીશ્રી શ્રીમતી સુશીલાબેન શેઠ

(૩) નાણા વિભાગની-

(૧) સન ૧૯૬૯ના ગુજરાત વેચાણવેરા અધિનિયમની અન્વયેની ૧૧ અધિસૂચનાઓ.

(૨) સન ૧૯૫૮ના મુંબઈ મોટર સ્પીરીટ વેચાણ વેરા અધિનિયમ અન્વયેની તા.૧૮-૧૦-૮૮ની અધિસૂચના.

(૩) સન ૧૯૮૮ના ગુજરાત શેરડી ઉપર ખરીદવેરા વટહુકમ અન્વયેની તા. ૧૩-૧૨-૮૮ ની અધિસૂચના.

...નાણા મંત્રીશ્રીવતી સંસદીય બાબતોના મંત્રીશ્રી, નલિનભાઈ પટેલ.

(૪) સન ૧૯૭૬ના ગુજરાત રાજ્ય, વ્યવસાય, વ્યાપાર, ધંધા અને રોજગાર વેરા નિયમો સુધારતી, નાણા વિભાગની તા. ૧૮-૧-૮૯ની અધિસૂચના.

...નાણામંત્રીશ્રી વતી સંસદીય બાબતોના મંત્રીશ્રી નલિનભાઈ પટેલ.

(૫) સન ૧૯૬૫ના ગુજરાત સહકારી મંડળી નિયમો સુધારતી, સહકાર વિભાગની તા. ૪-૧-૮૯ની અધિસૂચના.

સહકાર મંત્રીશ્રી. મનુભાઈ પરમાર.

(૬) રેલ્વે યાર્ડમાં માલ ચઢાવતા અને ઉતારતા અરક્ષિત મજુર કામદારો માટે (રોજગાર અને કલ્યાણ નિયમન) યોજના, ૧૯૮૮ને ધડતી, શ્રમ અને રોજગાર વિભાગની તા. ૧૪-૬-૮૮ની અધિસૂચના ...શ્રમ મંત્રીશ્રી મનુભાઈ પરમાર.

(૭) સન ૧૯૪૬ના મુંબઈ ઔદ્યોગિક સંબંધ અધિનિયમની કલમ-૫૩એ(૧) તથા સન ૧૯૪૭ના ઔદ્યોગિક તકરાર અધિનિયમની કલમ ૩એ(૧) અનુસાર રાજ્ય સરકારે જે ઉદ્યોગોમાં જોઈન્ટ મેનેજમેન્ટ કાઉન્સિલની રચના માટે આદેશ બહાર પાડયા ન હોય તેવા ઉધોગોની સુચિઓ.

...શ્રમ મંત્રીશ્રી મનુભાઈ પરમાર.

(૮) સન ૧૯૮૮ના ગુજરાત ગ્રાહક સુરક્ષા નિયમો સુધારતી, અન્ન અને નાગરિક પુરવઠા વિભાગની તા. ૫-૧૨-૮૮ની અધિસૂચના

અન્ન અને નાગરિક પુરવઠા મંત્રીશ્રી મગનભાઈ સોલંકી.

(૯) બંદરો, વાહનવ્યવહાર અને મત્સ્યોદ્યોગ વિભાગની-

(૧) સન ૧૯૫૮ના મોટર વાહન કર અધિનિયમ અન્વયેની ૫ અધિસૂચનાઓ.

(૨) સન ૧૯૩૯ના મોટર વાહન અધિનિયમ અન્વયેની ૨ અધિસૂચનાઓ.

(૩) સન ૧૯૬૨ના ગુજરાત માલ હેરફેર વેરા અધિનિયમ અન્વયેની તા. ૪-૧૧-૮૮ની અધિસૂચના. ... વાહનવ્યવહાર મંત્રીશ્રી મગનભાઈ સોલંકી.

(૧૦) તા. ૩-૮-૮૮ના રોજ સભાગૃહમાં રજૂ થયેલ સભ્યશ્રી બાબુભાઈ વાસણવાળાના તારાંકિત પ્રશ્ન ક્રમાંક ૨૪૯૯૮ (અગ્રતાક્રમ-૪) અંગે એકત્રિત કરેલ માહિતી.

...રાજ્યકક્ષાના શિક્ષણમંત્રીશ્રી શ્રીમતી સુશીલાબેન શેઠ

૬. સરકારી વિધેયકો અને વટહુકમ નામંજૂર કરતા પ્રસ્તાવો

(ક) ગુજરાત વિધાનસભાના નિયમોના નિયમ ૧૧૨(૨) અન્વયે શ્રી સુરેશચંદ્ર રુ. મહેતાનો પ્રસ્તાવ એટલે કે—

"આ સભાગૃહ સન ૧૯૮૮ના વટહુકમ ક્રમાંક-૬ સન ૧૯૮૮નો ગુજરાત ખાનગી શસ્ત્રધારી દળ નિભાવ પ્રતિબંધ વટહુકમ નામંજૂર કરે.

(ખ) સન ૧૯૮૯નું વિધેયક ક્રમાંક-૭

સન ૧૯૮૯નું ગુજરાત ખાનગી શસ્ત્રધારી દળ નિભાવ પ્રતિબંધ વિધેયકના પ્રથમ વાચનનો પ્રસ્તાવ.

ઉપર્યુકત બન્ને બાબતો પર ગુરુવાર, તા. ૯મી ફેબ્રુઆરી, ૧૯૮૯ના રોજ અધૂરી રહેલી ચર્ચા આગળ ચાલી. ૬ સભ્યોએ ચર્ચામાં ભાગ લીધો.—

શ્રી સુરેશચંદ્ર રુ. મહેતાએ નિયમ ૧૧૨ (૨)ના પ્રસ્તાવ પરની ચર્ચાનો જવાબ આપ્યો.

ચર્ચાનો જવાબ રાજ્યકક્ષાના ગૃહ મંત્રીશ્રી, શ્રી વજુભાઈ જાનીએ આપ્યો.

નિયમ ૧૧૨(૨) અન્વયેનો ઉપર્યુકત પ્રસ્તાવનો અસ્વીકાર કરવામાં આવ્યો.

વિધેયકનું પહેલું વાચન કરવામાં આવ્યું.
ચર્ચા અધૂરી રહી.

સોમવાર, તા. ૧૩મી ફેબ્રુઆરી, ૧૯૮૯

૧. પ્રશ્નો પૂછવામાં આવ્યા અને તેના જવાબ આપવામાં આવ્યા.

૨. શ્રી પ્રકાશચંદ્ર બ્રહ્મભટ્ટે નિયમ ૧૧૬ અન્વયે "ધરોઈ કેનાલનું પાણી ખેતી માટે વડનગર નજીકના ગામોને આપવા અંગે" તાકીદની જાહેર અગત્યની બાબત પર જળસંપતિ મંત્રીશ્રીનું ધ્યાન દોર્યું.

જળસંપતિ મંત્રીશ્રી, મહંત શ્રી વિજયદાસજીએ તેમનું લેખિત નિવેદન રજુ કર્યું અને ઉપસ્થિત થયેલા પ્રશ્નોના જવાબ આપ્યા.

૩. નીચેના કાગળો તેની સામે દર્શાવેલ મંત્રીશ્રીએ સભાગૃહના મેજ ઉપર મૂક્યા.

સન ૧૯૭૩ના ગુજરાત મુલ્કી સેવા ટ્રિબ્યુનલ (અધ્યક્ષ અને સભ્યોની સેવાની શરતો) નિયમો સુધારતી સામાન્ય વહીવટ વિભાગની તા. ૨૯-૮-૮૮ની અધિસૂચના.

મુખ્ય મંત્રીશ્રી, અમરસિંહ ચૌધરી.

૪. નાણાં મંત્રી, શ્રી અરવિંદ સંઘવીએ સન ૧૯૮૮-૮૯ના વર્ષ માટેના ખર્ચનું પૂરક પત્રક રજૂ કર્યું.

૫. રાજ્યપાલશ્રીના સંબોધન માટેના આભાર પ્રસ્તાવ પર ચર્ચા (પહેલો દિવસ)

૧. અધ્યક્ષશ્રીએ શ્રી લક્ષ્મણભાઈ પટણીઆ શ્રીમતી કુમુદીનીબહેન પંચોલીના અનુ-મોદન થી તા. ૨૭મી જાન્યુઆરી, ૧૯૮૯ના રોજ કરેલ નીચેનો પ્રસ્તાવ ગૃહ સમક્ષ રજુ કર્યો-

"રાજ્યપાલશ્રીને નીચે મુજબનો સંદેશો પાઠવવો—

અમો, આ સત્રમાં એકત્ર થયેલા ગુજરાત વિધાનસભાના સભ્યો, રાજ્યપાલશ્રીએ આ સભાગૃહ સમક્ષ કરેલા સંબોધન બદલ તેમનો આભાર માનીએ છીએ.

ચર્ચામાં ૭ સભ્યોશ્રીઓએ ભાગ લીધો.

૬. પોઈન્ટ ઓફ ઓર્ડર

(અ) શ્રી સુરેશચંદ્ર રુ. મહેતાએ પોઈન્ટ ઓફ ઓર્ડર ઉઠાવીને એવો મુદ્દો ઉપસ્થિત કર્યો કે, રાજ્યપાલશ્રીના પ્રવચનમાં બંધારણની કલમ ૧૭૬ની જોગવાઈ મુજબ સત્ર બોલાવવાનાં કારણો હોવા જોઈએ. આ સત્ર મુખ્યત્વે અંદાજપત્ર પરની વિચારણા માટે બોલાવ્યુ હોવા છતાં પ્રવચનમાં તેનો ઉલ્લેખ નથી, તેથી તેમનું પ્રવચન આભાર પ્રસ્તાવને પાત્ર છે કે કેમ અને બજેટ પસાર કરી શકાય કે કેમ તે અંગેનું માર્ગદર્શન માગ્યુ.

ચર્ચાને અંતે અધ્યક્ષશ્રીએ પોઈન્ટ ઓફ ઓર્ડર નામંજૂર કર્યો અને જણાવ્યું કે તેનાં કારણો તેઓ પાછથી જણાવશે.

(બ) શ્રી સુરેશચંદ્ર રુ મહેતાએ બીજો મુદ્દો ઉઠાવીને જણાવ્યું કે ઠરાવના શબ્દોમાં "કરેલા સંબોધન" ને બદલે' "લેખિત સંબોધન" એવા શબ્દો હોવા જોઈએ કારણ કે રાજ્યપાલશ્રીએ તેમનું પ્રવચન ગૃહ સમક્ષ વાંચ્યુ નથી એ અંગે માર્ગદર્શન માગ્યુ.

અધ્યક્ષશ્રી આ મુદ્દો પણ નામંજૂર કરીને જણાવ્યું કે એના કારણો તેઓ પાછળથી જણાવશે.

મંગળવાર, તા. ૧૪ મી ફેબ્રુઆરી, ૧૯૮૯

૧. પ્રશ્નો પુછવામાં આવ્યા અને તેના જવાબ આપવામાં આવ્યા.

૨. દિગંત ઓઝા પોતાને મળેલા ધમકી પત્ર અંગે અધ્યક્ષશ્રીનું ધ્યાન દોરતા હતા તે દરમિયાન શ્રી અશોક ભટ્ટે એવો મુદ્દો ઉપસ્થિત કર્યો કે, અમુક મંત્રીશ્રીના ટેલીફોન ટેપ થાય છે અને તેની માહિતી મુખ્ય મંત્રીશ્રીને પહોંચાડવામાં આવે છે.

અધ્યક્ષશ્રીએ આ અંગે શ્રી અશોક ભટ્ટને એક અઠવાડિયામાં આ આક્ષેપ અંગે પુરાવા રજુ કરવા આદેશ આપ્યો.

૩. શ્રી મોતીભાઈ ચાવડાએ નિયમ ૧૧૬ અન્વયે "અમદાવાદ જિલ્લાના ધોળકા-ધંધુકા તાલુકામાં શિયાળુ પાકમાં જીવાતના ઉપદ્રવ અંગે તાકીદની જાહેર અગત્યની બાબત પર કૃષિ મંત્રીશ્રીનું ધ્યાન દોર્યું.

રાજ્યકક્ષાના કૃષિ મંત્રી, શ્રી કરસનજી ઠાકોરે તેમનું લેખિત નિવેદન રજૂ કર્યું અને ઉપસ્થિત થયેલા પ્રશ્નોના જવાબ આપ્યા.

૪. વિધાનસભાના નિયમોના નિયમ ૩૬(૧) અન્વયે સભાગૃહની તા. ૧૧-૭-૮૮ના રોજની કાર્યવાહીમાંથી શ્રી બાબુભાઇ વાસણવાળાના અમુક શબ્દો દુર કર્યા અંગેની અધ્યક્ષશ્રી જાહેરાત કરી.

૫. જાહેર સાહસો માટેની સમિતિના સભ્ય શ્રીમતી (ડો.) ઈન્દિરાબેન સોલંકીએ સમિતિના સોળમાં, સત્તરમાં અને અઢારમાં અહેવાલો રજૂ કર્યા.

૬. રાજ્યપાલશ્રીના સંબોધન માટેના આભાર પ્રસ્તાવ પર ચર્ચા. (બીજો દિવસ).

અધ્યક્ષશ્રીએ શ્રી લક્ષ્મણભાઇ પટ્ટણીએ શ્રીમતી કુમુદીનીબેન પંચોલીના અનુમોદનથી તા. ૨૭મી જાન્યુઆરી, ૧૯૮૯ના રોજ રજૂ કરેલ નીચેના પ્રસ્તાવ ગૃહ સમક્ષ રજુ કર્યો

"રાજ્યપાલશ્રીને નીચે મુજબનો સંદેશો પાઠવવો –
અમો, આ સત્રમાં એકત્ર થયેલા ગુજરાત વિધાનસભાના સભ્યો, રાજ્યપાલશ્રીએ આ સભાગૃહ સમક્ષ કરેલા સંબોધન બદલ તેમનો આભાર માનીએ છીએ.

સોમવાર, ૧૩ મી ફેબ્રુઆરી, ૧૯૮૯ના રોજ ઉપયુકત પ્રસ્તાવ પરની અધુરી રહેલી ચર્ચા આગળ ચાલી.

ચર્ચામાં ૧૫ સભ્યશ્રીઓએ ભાગ લીધો.

બુધવાર, તા. ૧૫ મી ફેબ્રુઆરી, ૧૯૮૯

૧. પ્રશ્નો પૂછવામાં આવ્યા અને તેના જવાબ આપવામાં આવ્યા.

૨. નીચેના કાગળો તેની સામે દર્શાવેલ મંત્રીશ્રીએ સભાગૃહના મેજ ઉપર મૂકયા—

ગુજરાત ગૃહનિર્માણ બોર્ડના સન ૧૯૮૫--૮૬ના હિસાબો, તથા સન ૧૯૮૭--૮૮નો વાર્ષિક વહીવટી અહેવાલ.

ગૃહ નિર્માણ મંત્રી, શ્રી અમરસિંહજી વાઘેલા

૩. (અ) ઉપાધ્યક્ષશ્રીએ કામકાજ સલાહકાર સમિતિનો ચુમાળીસમો અહેવાલ રજૂ કર્યો.

(બ) બિનસરકારી સભ્યોના કામકાજ માટેની સમિતિના સભ્ય શ્રી સુરેશભાઈ સા. મહેતાએ સમિતિનો ઓગણચાલીસમો અહેવાલ રજૂ કર્યો.

૪. સંસદીય બાબતોના મંત્રી, શ્રી નલિનભાઈ પટેલે

"આ સભાગૃહ, કામકાજ સલાહકાર સમિતિના ચુમાળીસમા અહેવાલ સાથે સંમત થાય." એવો પ્રસ્તાવ રજૂ કર્યો.

અને તેનો સ્વીકાર કરવામાં આવ્યો.

૫. બિનસરકારી સભ્યોના કામકાજ માટેની સમિતિના સભ્યો, શ્રી સુરેશભાઈ સા. મહેતાએ—

"આ સભાગૃહ બિનસરકારી સભ્યોનાં કામકાજ માટેની સમિતિના ઓગણચાળીસમા અહેવાલ સાથે સંમત થાય." એવો પ્રસ્તાવ રજૂ કર્યો, અને તેનો સ્વીકાર કરવામાં આવ્યો.

૬. રાજયપાલશ્રીના સંબોધન માટેના આભાર પ્રસ્તાવ પર ચર્ચા (ત્રીજો દિવસ)

ઉપાધ્યક્ષશ્રીએ શ્રી લક્ષ્મણભાઈ પટણીએ શ્રીમતી કુમુદીની બહેન પંચોલીના અનુમોદનથી, તા. ૨૭મી જાન્યુઆરી, ૧૯૮૯ના રોજ રજૂ કરેલ નીચેનો પ્રસ્તાવ ગૃહ સમક્ષ રજૂ કર્યો—

"રાજ્યપાલશ્રીને નીચે મુજબનો સંદેશો પાઠવવો—

અમો, આ સત્રમાં એકત્ર થયેલ ગુજરાત વિધાનસભાના સભ્યો, રાજ્યપાલશ્રીએ આ સભાગૃહ સમક્ષ કરેલા સંબોધન બદલ તેમનો આભાર માનીએ છીએ."

મંગળવાર, તા. ૧૪મી ફેબ્રુઆરી, ૧૯૮૯ના રોજ ઉપર્યુકત પ્રસ્તાવ પરની અધૂરી રહેલી ચર્ચા આગળ ચાલી.

૧૬ સભ્યશ્રીઓએ ચર્ચામાં ભાગ લીધો.

ગુરૂવાર, તા. ૧૬મી ફેબ્રુઆરી, ૧૯૮૯

૧. પ્રશ્નો પૂછવામાં આવ્યા અને તેના જવાબ આપવામાં આવ્યા.

૨. શ્રી કેશાજી ઠાકોરે નિયમ-૧૧૬ અન્વયે "અમદાવાદ જિલ્લાના ધોળકામાં પછાત કોમોના છાપરા તોડી પાડવા અંગે" તાકીદની જાહેર અગત્યની બાબત પર મહેસૂલ મંત્રીશ્રીનું ધ્યાન દોર્યું.

મહેસૂલ મંત્રી, શ્રી અમરસિંહજી વાઘેલાએ તેમનું લેખિત નિવેદન રજૂ કર્યું અને ઉપસ્થિત થયેલા પ્રશ્નોના જવાબ આપ્યા.

૩. નીચેના કાગળો તેની નીચે દર્શાવેલા મંત્રીશ્રીઓએ વિધાનસભાના મેજ ઉપર મૂકયા—

(૧) ગુજરાત કોમ્યુનિકેશનસ એન્ડ ઈલેકટ્રોનિકસ લિમિટેડનો સન ૧૯૮૭–૮૮નો વાર્ષિક અહેવાલ.

રાજ્ય કક્ષાના ઉદ્યોગ મંત્રીશ્રી,

શ્રી ભીખાભાઈ રબારી.

(૨) સન ૧૯૬૩ના ગુજરાત ઔદ્યોગિક વિકાસ નિગમ (કર્મચારી વર્ગ) વિનિયમો સુધારતી, ગુજરાત ઔદ્યોગિક વિકાસ નિગમની તા. ૯–૧૨–૮૮ની અધિસૂચના.

રાજ્યકક્ષાના ઉદ્યોગ મંત્રીશ્રી,

શ્રી ભીખાભાઈ રબારી.

૪. શહેરી વિકાસ મંત્રી, શ્રી મનુભાઈ પરમારે, "સન ૧૯૮૯નું મુંબઈ પ્રોવિન્શિયલ મ્યુનિસિપલ કોરપોરેશન (ગુજરાત સુધારા) વિધેયક" સભાગૃહની અનુમતિથી દાખલ કર્યું.

૫. રાજ્યપાલશ્રીના સંબોધન માટેના આભાર પ્રસ્તાવ પર ચર્ચા (ચોથો અને છેલ્લો દિવસ)

અધ્યક્ષશ્રીએ શ્રી લક્ષ્મણભાઈ પટણીએ શ્રીમતી કુમુદીનીબહેન પંચોલીના અનુમોદનથી તા. ૨૭મી જાન્યુઆરી, ૧૯૮૯ના રોજ રજૂ કરેલ નીચેનો પ્રસ્તાવ ગૃહ સમક્ષ રજૂ કર્યો—

"રાજ્યપાલશ્રીને નીચે મુજબની સંદેશો પાઠવવો—

અમો, આ સત્રમાં એકત્ર થયેલા ગુજરાત વિધાનસભાના સભ્યો, રાજ્યપાલશ્રીએ આ સભાગૃહ સમક્ષ કરેલા સંબોધન બદલ તેમનો આભાર માનીએ છીએ."

બુધવાર, તા. ૧૫મી ફેબ્રુઆરી, ૧૯૮૯ના રોજ ઉપર્યુક્ત પ્રસ્તાવ પરની અધૂરી રહેલી ચર્ચા આગળ ચાલી, અને વધુ ૮ સભ્યશ્રીઓ અને મુખ્ય મંત્રીશ્રીએ ચર્ચામાં ભાગ લીધો--

ચર્ચાનો જવાબ શ્રી લક્ષ્મણભાઈ પટણીએ આપ્યો.

ત્યારબાદ રાજ્યપાલશ્રીના સંબોધન માટેનો આભાર પ્રસ્તાવનો સ્વીકાર કરવામાં આવ્યો.

૬. બિન-સરકારી વિધેયકો

(૧) દાખલ કરવાના બિનસરકારી વિધેયકો

(ક) શ્રી મોહનભાઈ તળાવિયાએ "સન ૧૯૮૮નું ગુજરાત સહકારી મંડળીઓનાં ગેર-રીતિઓ અટકાવવા બાબત. વિધેયક" સભાગૃહની અનુમતિથી દાખલ કર્યું.

(ખ) શ્રી બાબુભાઈ વાસણવાળાએ (૧) "સન ૧૯૮૯નું ગુજરાત નગરપાલીકા (સુધારા) વિધેયક" તથા (૨) "સન ૧૯૮૯નું ગુજરાત મૈત્રી કરાર પ્રતિબંધ વિધેયક" સભાગૃહની અનુમતીથી દાખલ કર્યા.

નીચેના બિનસરકારી વિધેયકોના પહેલા વાંચનના પ્રસ્તાવો રજૂ થયા તેના પર ચર્ચા થઈ અને ચર્ચા બાદ સભાગૃહની અનુમતિથી તે વિધેયકો પાછા ખેંચી લેવામાં આવ્યા.

(૧) સન ૧૯૮૬નું વિધેયક ક્રમાંક ૨૩.
સન ૧૯૮૫નું ગુજરાત સ્ટેડીયમ સમિતિ વિધેયક.
—પ્રભારી સભ્ય શ્રીમતી મહાશ્વેતાબહેન ચૌહાણ.

(૨) સન ૧૯૮૭નું વિધેયક ક્રમાંક--૨૦.
સન ૧૯૮૮નું ગુજરાત પ્રચાર સાહિત્યના ફરજીયાત નિયંત્રણ બાબત વિધેયક.
—પ્રભારી સભ્યશ્રી હરિપ્રસાદ શુકલ.

(૩) સન ૧૯૮૬નું વિધેયક ક્રમાંક—૪૨.
સન ૧૯૮૫નું મુંબઈ પ્રોવિન્શિયલ કોરપોરેશન (ગુજરાત સુધારા) વિધેયક.
—પ્રભારી સભ્ય શ્રીમતી મહાશ્વેતાબહેન ચૌહાણ.

શુક્રવાર, તા. ૧૭મી ફેબ્રુઆરી, ૧૯૮૯

૧. પ્રશ્નો પૂછવામાં આવ્યા અને તેના જવાબ આપવામાં આવ્યા.

૨. "બંધ મિલો શરૂ કરવાવા માટે અમદાવાદના સંસદ સભ્ય શ્રી હરુભાઈ મહેતાના આમરણાંત ઉપવાસ અંગે" નિયમ ૧૧૬ અન્વયે તાકીદની જાહેર અગત્યની બાબત પ્રભારી સભ્ય શ્રીમતી મહાશ્વેતાબહેન ચૌહાણ સભાગૃહમાં હાજર નહીં હોવાથી હાથ ધરી શકાઈ નહીં

૩. શ્રી સુરેશચંદ્ર રુ. મહેતાએ અધ્યક્ષશ્રીની પૂર્વમંજૂરીથી "કચ્છ જિલ્લામાં બોગસ સર્ટીફીકેટના આધારે પ્રાથમિક શિક્ષકોની થયેલી ભરતી અંગે" મુો ઉપસ્થિત કરી શિક્ષણ મંત્રીશ્રીનું ધ્યાન દોર્યું.

શિક્ષણ મંત્રી, શ્રી અરવિંદ સંઘવીએ ખુલાસાત્મક મૌખિક સ્પષ્ટતા કરી,

૪. નીચેના કાગળો તેની નીચે દર્શાવેલા મંત્રીશ્રીઓએ વિધાનસભાના મેજ ઉપર મૂક્યા—

(૧) ગુજરાત મ્યુનિસિપલ નાણાં બોર્ડનો સન ૧૯૮૬--૮૭નો વાર્ષિક વહીવટી અહેવાલ.

શહેરી વિકાસ મંત્રી, શ્રી મનુભાઈ પરમાર,

(૨) સન ૧૯૪૮ના મુંબઈ દુકાનો અને સંસ્થા અધિનિયમ અન્વયેની, શ્રમ અને રોજગાર વિભાગની બે અધિસૂચનાઓ.

શ્રમ મંત્રી, શ્રી મનુભાઈ પરમાર,

૫. અધ્યક્ષશ્રીએ જાહેરાત કરી કે તા. ૧૩--૨--૧૯૮૯ના રોજ સાંજના ૪.૦૦ વાગ્યે અમદાવાદ મુકામે શ્રી અશોક ભટ્ટની ધરપકડ કરવામાં આવી હતી અને કોર્ટ સમક્ષ રજૂ કરતાં તે જ દિવસે તેમને છોડી મૂકવામાં આવ્યાં હતાં.

અધ્યક્ષશ્રીએ અવલોકન કરતાં જણાવ્યું કે સભ્યશ્રીની ધરપકડ થયે તાત્કાલિક એ અંગેની જાણ સભાગૃહને કરવી જોઈએ, આ અંગે ગૃહ મંત્રીશ્રી યોગ્ય સૂચનાઓ સંબંધિત અધિકારીઓને આપે.

૬. શ્રી દિલીપભાઈ સંઘાણીએ વિધાનસભાના નિયમોના નિયમ ૨૨૦ અન્વયે પોઈન્ટ ઓફ ઓર્ડર ઉઠાવીને જણાવ્યું કે રાજ્યપાલશ્રીએ અંદાજપત્ર રજૂ કરવા માટેની તારીખ ૧૬--૨--૮૯ ઠરાવેલી છે. જ્યારે નાણાં મંત્રીશ્રી આજે અંદાજપત્ર રજૂ કરવા ઉપસ્થિત થયા છે તે યોગ્ય નથી.

અધ્યક્ષશ્રીએ, રાજ્યપાલશ્રીએ તા. ૧૭--૨--૮૯ના રોજ અંદાજપત્ર રજૂ કરવાનું ઠરાવનો પત્ર વાંચી સંભળાવીને પોઈન્ટ ઓફ ઓર્ડર નામંજૂર કર્યો.

૭. નાણા મંત્રી, શ્રી અરવિંદ સંઘવીએ સન ૧૯૮૯--૯૦ના વર્ષ માટેના અંદાજપત્ર અંગેનું તેમનું પ્રવચન વાંચ્યું અને અંદાજપત્ર રજૂ કર્યું.

સોમવાર, તા. ૨૦ મી ફેબ્રુઆરી, ૧૯૮૯

૧. પ્રશ્નો પૂછવામાં આવ્યા અને તેના જવાબ આપવામાં આવ્યા.

૨. શ્રી કરમશીભાઈ મકવાણાએ નિયમ ૧૧૬ અન્વયે "રાજ્યમાં કપાસના નીચે જતા ભાવોને અંકુશમાં રાખવા અંગે" તાકીદની જાહેર અગત્યની બાબત પર કૃષિ મંત્રીશ્રીનું ધ્યાન દોર્યું.

રાજ્યકક્ષાના કૃષિ મંત્રી, શ્રી કરનસજી ઠાકોરે તેમનું લેખિત નિવેદન રજૂ કર્યું અને ઉપસ્થિત થયેલા પ્રશ્નોના જવાબ આપ્યા.

(૩) શ્રી કરમશીભાઈ મકવાણાએ અધ્યક્ષશ્રીની પૂર્વમંજૂરીથી જૂનાગઢ જિલ્લાના માંગરોળ તાલુકાના સીલ ગામે બોગસ મતદાન અને તેના કારણે થયેલી ઝપાઝપી અંગે" મુો ઉપસ્થિત કરી ગૃહ મંત્રીશ્રીનું ધ્યાન દોર્યું .

રાજ્યકક્ષાના ગૃહ મંત્રી, શ્રી વજુભાઈ જાતીએ ખુલાસાત્મક મૌખિક સ્પષ્ટતા કરી.

૪. નીચેના કાગળો તેની નીચે દર્શાવેલા મંત્રીશ્રીઓએ વિધાનસભાના મેજ ઉપર મૂક્યા—

(૧) ગુજરાત જાહેર સેવા આયોગનો સન ૧૯૮૬--૮૭નો વાર્ષિક અહેવાલ.

મુખ્ય મંત્રીશ્રી, શ્રી અમરસિંહ ચોધરી.

(૨) સન ૧૯૭૭ના ગુજરાત મનોરંજન કર અધિનિયમ અન્વયેની માહિતી, પ્રસારણ અને પ્રવાસન વિભાગની તા. ૩--૨--૧૯૮૯ની અધિસૂચના.

મુખ્ય મંત્રી, શ્રી અમરસિંહ ચૌધરી.

૫. શિક્ષણ મંત્રી, શ્રી અરવિંદ સંઘવીએ "સન ૧૯૮૯નું મહારાજા સયાજીરાવ વડોદરા યુનિવર્સિટી (સુધારા) વિધેયક" સભાગૃહની અનુમતિથી દાખલ કર્યું.

૬. પૂરક માંગણીઓ પર ચર્ચા અને મતદાન (પહેલો દિવસ)

શરુઆતમાં મુખ્ય મંત્રીશ્રી અમરસિંહ ચૌધરીએ સન ૧૯૮૮–૮૯ના વર્ષ માટેની પૂરક માંગણીઓની વિચારણા કરવા માટે સંવિધાનના અનુચ્છેદ ૨૦૩ (૩) સાથે વાંચતાં તેના અનુચ્છેદ ૨૦૫ અન્વયેની રાજ્યપાલશ્રીની ભલામણ વાંચી સંભળાવી.

ત્યારબાદ ગૃહ વિભાગને લગતી પૂરક માંગણી ક્રમાંક ૪૧ મુખ્ય મંત્રી, શ્રી અમરસિંહ ચૌધરીએ રજૂ કરી, જળસંપત્તિ વિભાગને લગતી પૂરક માંગણી ક્રમાંક : ૫૬ અને નર્મદા વિકાસ વિભાગને લગતી પૂરક માંગણી ક્રમાંક : ૬૬ જળસંપત્તિ અને નર્મદા વિકાસ મંત્રી, મહંત

શ્રી વિજયદાસજીએ રજૂ કરી. ઉદ્યોગ, ખાણ અને ઉર્જા વિભાગને લગતી પૂરક માગણી ક્રમાંક ૪૭ ઉદ્યોગ મંત્રી, શ્રી હરીસિંહ મહીડાએ રજૂ કરી. કૃષિ અને ગ્રામ વિકાસ વિભાગને લગતી પૂરક માગણી ક્રમાંક : ૨ કૃષિમંત્રી, શ્રી દોલતભાઈ પરમારે રજૂ કરી અને શિક્ષણ વિભાગને લગતી પૂરક માંગણી ક્રમાંક : ૧૦ અને નાણા વિભાગને લગતી પૂરક માગણી ક્રમાંક : ૧૫ નાણા અને શિક્ષણ મંત્રી, શ્રી અરવિંદ સંઘવીએ રજૂ કરી.

ઉપરોકત પૂરક માંગણી ક્રમાંક : ૪૧ ઉપરની કાપ દરખાસ્ત ક્રમાંક ૧, ૨, ૩, ૫ અને ૭ પૂરક માંગણી ક્રમાંક : ૫૬ ઉપરની કાપદરખાસ્ત ક્રમાંક : ૮, ૯ અને ૧૦, પૂરક માંગણી ક્રમાંક : ૪૭ ઉપરની કાપદરખાસ્ત ક્રમાંક : ૧૧ અને ૧૩, પૂરક માંગણી ક્રમાંક : ૨ ઉપરની કાપ દરખાસ્ત ક્રમાંક : ૧૪, ૧૫ અને ૧૬. પૂરક માંગણી ક્રમાંક : ૧૦ ઉપરની કાપદરખાસ્ત ક્રમાંક : ૧૭, ૧૮ અને ૧૯ તેમજ પૂરક માંગણી ક્રમાંક : ૧૫ ઉપરની કાપદરખાસ્ત ક્રમાંક : ૨૦, ૨૧ અને ૨૨ સભ્યશ્રીઓએ રજૂ કરી.

અધ્યક્ષશ્રીએ પૂરક માંગણીઓની ચર્ચાની મર્યાદા અંગે ગૃહને માર્ગદર્શન આપ્યું.

ત્યારબાદ ઉપરોકત માગણીઓ અને તેના ઉપરની રજૂ થયેલી કાપરખાસ્તો ઉપર ભેગી ચર્ચા શરૂ થઈ અને ૧૦ સભ્યો અને ૫ મંત્રીશ્રીઓએ ચર્ચામાં ભાગ લીધો.

ત્યારબાદ ઉપર્યુકત માંગણીઓ પર રજૂ થયેલી કાપદરખાસ્ત ક્રમાંક : ૧ થી ૩, ૫, ૭ થી ૧૧ અને ૧૩ થી ૨૨ નો અસ્વીકાર કરવામાં આવ્યો.

ત્યારબાદ માંગણી ક્રમાંક : ૪૧, ૫૬, ૬૬, ૪૭, ૨, ૧૦ અને ૧૫નો સ્વીકાર કરવામાં આવ્યો.

મંગળવાર, તા. ૨૧ મી ફેબ્રુઆરી, ૧૯૮૯

૬. પ્રશ્નો પૂછવામાં આવ્યા અને તેથા જવાબ આપવામા આવ્યા

૨. તારાંકિત પ્રશ્ન અગ્રતાક્રમ : ૧૫ના સંદર્ભે મગફળીની ખરીદીને લગતા પૂરક પ્રશ્નોના જવાબોથી સંતોષ ન થતાં ઉપાધ્યક્ષશ્રી સિવાય વિરોધપક્ષના તમામ સભ્યોએ સભાત્યાગ કર્યો.

૩. "રાજકોટ જિલ્લાના વાંકાનેર તાલુકાના પાંચ દુવારકા ગામે ભેલાણ અંગે બે જૂથો વચ્ચે થયેલ સશસ્ત્ર ધિંગાણા અંગે" નિયમ--૧૧૬ અન્વયે તાકીદની જાહેર અગત્યની બાબત પ્રભારી સભ્યો શ્રી દિનશા પટેલ, શ્રી બાબુભાઈ વાસણવાળા તેમજ શ્રી પ્રકાશચંદ્ર બ્રહ્મભટ્ટ સભાગૃહમાં હાજર નહીં હોવાથી હાથ ધરી શકાઈ નહીં.

૪. (૧) અધ્યક્ષશ્રીએ કામકાજ સલાહકાર સમિતિનો પિસ્તાળીસમો અહેવાલ રજૂ કર્યો.

(૨) અનુસૂચિત જનજાતિઓના કલ્યાણ માટેની સમિતિના પ્રમુખ શ્રી મોહનભાઈ તળાવિયાએ સમિતિનો ત્રેવીસમો અહેવાલ રજૂ કર્યો.

૫. સંસદીય બાબતોના મંત્રી, શ્રી નલિન પટેલે "આ સભાગૃહ, કામકાજ સલાહકાર સમિતિના પિસ્તાળીસમા અહેવાલ સાથે સંમત થાય." એવો પ્રશ્ન રજૂ કર્યો અને તેનો સ્વીકાર કરવામાં આવ્યો.

૬. પૂરક માંગણીઓ પર ચર્ચા અને મતદાન (બીજો અને છેલ્લો દિવસ)

આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગની પૂરક માંગણી ક્રમાંક : ૩૬ અને ૩૮ આરોગ્ય મંત્રી, શ્રી વલ્લભભાઈ પટેલે, મહેસૂલ વિભાગની પૂરક માંગણી ક્રમાંક : ૮૦, મહેસૂલ મંત્રી, શ્રી અમરસિંહજી વાઘેલાએ, બંદરો, વાહન વ્યવહાર અને મત્સ્યોદ્યોગ વિભાગની પૂરક માંગણી ક્રમાંક : ૭૪, વાહન વ્યવહાર મંત્રી, શ્રી મગનભાઈ સોલંકીએ, માર્ગ અને મકાન વિભાગની, પૂરક માંગણી ક્રમાંક : ૮૫ માર્ગ અને મકાન મંત્રી, શ્રી નલનભાઈ પટેલે, સહકાર વિભાગની પૂરક માંગણી ક્રમાંક : ૭ સહકાર મંત્રીશ્રી, મનુભાઈ પરમારે, શ્રમ અને રોજગાર વિભાગની પૂરક માંગણી ક્રમાંક : ૫૯ રાજ્યકક્ષાના રોજગાર મંત્રી, પ્રો. હસમુખ પટેલે અને આદિજાતિ વિકાસ વિભાગની પૂરક માંગણી ક્રમાંક : ૯૮ રાજ્યકક્ષાના વન મંત્રી, શ્રી લલિતકુમાર પટેલે રજૂ કરી.

ઉપરોકત માંગણીઓ પરની કાપદરખાસ્ત પ્રભારી સભ્યશ્રીઓ સભાગૃહમાં હાજર નહીં હોવાથી રજૂ થઈ શકી નહીં.

ઉપરોકત પૂરક માંગણીઓ પરની ચર્ચામાં ભાગ લેવાની કોઈ સભ્યશ્રીએ તત્પરતા નહીં બતાવતાં પૂરક માંગણી ક્રમાંક : ૩૬, ૩૮, ૮૦, ૭૪, ૮૫, ૭, ૫૯ અને ૯૮ મત માટે મૂકવામાં આવી અને તેનો સ્વીકાર કરવામાં આવ્યો.

૭. ગિલોટીન થયેલી માગણીઓ

ત્યારબાદ નાણા મંત્રી, શ્રી અરવિંદ સંઘવીએ પૂરક માંગણી ક્રમાંક : ૧, ૩, ૪, ૫, ૬, ૮, ૯, ૧૧, ૧૩, ૧૪, ૧૬, ૧૮, ૨૦, ૨૧, ૨૩, ૨૫, ૨૭, ૨૮, ૨૯, ૩૦, ૩૧, ૩૨, ૩૩, ૩૪, ૩૫, ૩૭, ૩૯, ૪૦, ૪૨, ૪૩, ૪૪, ૪૬, ૪૮, ૫૦, ૫૧, ૫૨, ૫૩, ૫૪, ૫૫, ૫૭, ૬૦, ૬૧, ૬૨, ૬૩, ૬૫, ૬૭, ૬૮, ૬૯, ૭૦, ૭૧, ૭૨, ૭૫, ૭૬, ૭૭, ૭૮, ૭૯, ૮૧, ૮૨, ૮૩, ૮૪, ૮૬, ૮૭, ૮૯, ૯૦, ૯૨, ૯૩, ૯૪, ૯૬, ૯૭, ૧૦૦, ૧૦૧ અને ૧૦૩ રજૂ કરી. બધી પૂરક માંગણીઓ એકી સાથે મત માટે મૂકવામાં આવી અને તેનો સ્વીકાર કરવામાં આવ્યો.

બુધવાર, તા. ૨૨ મી ફેબ્રુઆરી, ૧૯૮૯

૧. પ્રશ્નો પૂછવામાં આવ્યા અને તેના જવાબ અપવામાં આવ્યા.

૨. શ્રી દિલીપભાઈ પટેલે અધ્યક્ષશ્રીની પૂર્વમંજૂરીથી મગફળીની ખરીદી અને તેના ઘટતા ભાવો અંગે ચિંતા વ્યકત કરીને મુદ્દો ઉપસ્થિત કરી કૃષિ મંત્રીશ્રીનું ધ્યાન દોર્યું.

કૃષિ મંત્રી, શ્રી દોલતભાઈ પરમારે મૌખિક સ્પષ્ટતા કરતાં જણાવ્યું કે તેઓ આવતીકાલે આ અંગે નિવેદન કરશે.

૩. શ્રી લીલાધરભાઈ વાઘેલાએ નિયમ--૧૧૬ અન્વયે "બનાસકાંઠા જિલ્લાના ડીસા તાલુકાના સમો નાનાવાસ ગામમાં એકજ જૂથ વચ્ચેની અથડામણ અંગે" તાકીદની જાહેર અગત્યની બાબત પર ગૃહ મંત્રીશ્રીનું ધ્યાન દોર્યું.

રાજયકક્ષાના ગૃહ મંત્રી, શ્રી વજુભાઈ જાનીએ તેમનું લેખિત નિવેદન રજૂ કર્યું અને ઉપસ્થિત થયેલા પ્રશ્નોના જવાબ આપ્યા.

૪. નીચેના કાગળો તેની નીચે દર્શાવેલા મંત્રીશ્રીઓએ વિધાનસભાના મેજ ઉપર મૂકયા—

(૧) સન ૧૯૮૮ના વટહુકમ ક્રમાંક—૭ સન ૧૯૮૮ના ગુજરાત રાજય બાંયધરી (સુધારા) વટહુકમ બહાર પાડવા અંગેના સંજોગો સમજાવતું નિવેદન.

નાણા મંત્રી, શ્રી અરવિંદ સંઘવી.

(૨) સન ૧૯૮૮ના વટહુકમ ક્રમાંક--૧૧, સન ૧૯૮૮ના ગુજરાત વેચાણ વેરા (દ્વિતીય સુધારા) વટહુકમ બહાર પાડવા અંગેના સંજોગો સમજાવતું નિવેદન.

નાણાં મંત્રી, શ્રી અરવિંદ સંઘવી.

(૩) સન ૧૯૮૮ના વટ હુકમ ક્રમાંક--૧૩, સન ૧૯૮૮ના ગુજરાત મનોરંજન કર (સુધારા) વટહુકમને બહાર પાડવા અંગેના સંજોગો સમજાવતું નિવેદન.

મુખ્ય મંત્રી, શ્રી અમરસિંહ ચૌધરી.

૫. બિનસરકારી સભ્યોના કામકાજ માટેની સમિતિના પ્રમુખ શ્રીમતી મહાશ્વેતાબહેન ચૌહાણે સમિતિનો ચાળીસમો અહેવાલ રજૂ કર્યોઃ

૬. બિનસરકારી સભ્યોના કામકાજ માટેની સમિતિના પ્રમુખ, શ્રીમતી મહાશ્વેતાબહેન ચૌહાણે—

"આ સભાગૃહ બિનસરકારી સભ્યોના કામકાજ માટેની સમિતિના ચાળીસમા અહેવાલ સાથે સંમત થાય" એવો પ્રસ્તાવ રજૂ કર્યો અને તેનો સ્વીકાર કરવામાં આવ્યો.

૭. નીચેનું સરકારી વિધેયક ત્રણે વાંચનમાંથી પસાર કરવામાં આવ્યું.

(૧) સન ૧૯૮૯નું વિધેયક ક્રમાંક--૧૧.
સન ૧૯૮૯નું ગુજરાત ખેત ઉત્પન્ન બજાર (સુધારા) સુધારતું વિધેયક.

ગુરૂવાર, તા. ૨૩ મી ફેબ્રુઆરી, ૧૯૮૯

૧. પ્રશ્નો પૂછવામાં આવ્યા અને તેના જવાબ આપવામાં આવ્યા.

૨. "જૂનાગઢ જિલ્લાના વિસાવદર તાલુકાના વીરપુર ગામના ખેડૂત ખાતેદારોને પોલીસોએ માર મારવા અંગે" શ્રી અરશીભાઈ કાંબલિયા તથા શ્રી અમરતલાલ અઘારાની તાકીદની જાહેર અગત્યની બાબત સબ-જ્યુડીશ છે તેમ જણાવી સભ્યશ્રીઓએ ઉપસ્થિત કરી નહીં.

૩. શ્રી અશોક ભટ્ટ અધ્યક્ષશ્રીની પૂર્વમંજૂરીથી "સરદાર વલ્લભભાઈ પટેલના સુપુત્રી કુ. મણિબહેન પટેલના સ્વાસ્થ્ય અંગેના પ્રસિધ્ધ થયેલા સમાચાર અંગે" મુદ્દો ઉપસ્થિત કરી નાણા મંત્રીશ્રીનું ધ્યાન દોર્યું.

નાણા મંત્રી, શ્રી અરવિંદ સંઘવીએ ખુલાસાત્મક મૌખિક સ્પષ્ટતા કરી.

૪. મગફળીની ખરીદી અને તેના ગગડતા ભાવોને રોકવા અંગેના પગલાં અંગેનું કૃષિ મંત્રી, શ્રી દોલતભાઈ પરમારે નિયમ--૪૪ હેઠળનું નિવેદન કર્યું.

૫. નીચેના કાગળો તેની નીચે દર્શાવેલા મંત્રીશ્રીઓએ વિધાનસભાના મેજ ઉપર મૂકયા—

(૧) ઈન્ડિયન ઓઈલ કોર્પોરેશન લિમિટેડનો સન ૧૯૮૭--૮૮નો વાર્ષિક અહેવાલ.

રાજ્યકક્ષાના ઉદ્યોગ મંત્રી, શ્રી ભીખાભાઈ રબારી.

(૨) ગુજરાત રાજ્ય નિકાસ નિગમ લીમીટેડનો સન ૧૯૮૬--૮૭નો વાર્ષિક અહેવાલ.

રાજ્યકક્ષાના ઉદ્યોગ મંત્રી, શ્રી ભીખાભાઈ રબારી.

(૩) ગુજરાત પ્રદુષણ નિયંત્રણ બોર્ડનો સન ૧૯૮૬--૮૭નો ઓડિટ અહેવાલ.

રાજ્યકક્ષાના પર્યાવરણ મંત્રી, શ્રી લલિતકુમાર પટેલ.

૬. નીચેના સરકારી વિધેયક ત્રણેય વાંચનમાંથી પસાર કરવામાં આવ્યું.

સન ૧૯૮૯નું વિધેયક ક્રમાંક--૧૭.

સન ૧૯૮૯નું ગુજરાત (પૂરક) વિનિયોગ વિધેયક.

૭. બિન-સરકારી સંકલ્પો

શ્રી પરબતભાઈ પટેલે "બનાસકાંઠા જિલ્લાને નર્મદા નહેર સાથે સાંકળીને સિંચાઈની કાયમી સગવડો આપવા અંગે"નો પોતાનો સંકલ્પ રજૂ કર્યો.

શ્રી ભોળાભાઈ પટેલે ઉકત સંકલ્પ ઉપરનો તેમનો સુધારો રજૂ કર્યો. સંકલ્પ અને સુધારા પર ભેગી ચર્ચા શરૂ થઈ અને ૯ સભ્યો અને ૧ મંત્રીશ્રીએ ચર્ચામાં ભાગ લીધા બાદ પ્રભારી સભ્યે સભાગૃહની અનુમતિથી સંકલ્પ પાછો ખેંચી લીધો.

(૨) શ્રી માલસિંહ ડામોરે "ગુજરાતની આદિવાસી પ્રજાને આગામી ૧૦ વરસમાં રાજયની અન્યપ્રજા સમકક્ષ લાવવા માટેનું સંગીન આયોજન કરવા અંગે" નો પોતાનો સંકલ્પ રજૂ કર્યો.

શુકવાર, તા. ૨૪ મી ફેબ્રુઆરી, ૧૯૮૯

૧. પ્રશ્નો પૂછવામાં આવ્યા અને તેના જવાબ આપવામાં આવ્યા.

૨. શ્રી ભદ્રસિંહ વાજાએ નિયમ ૧૧૬ અન્વયે "મહુવા તાલુકાના કળસાર ગામે બિનઅધિકૃત ટેમ્પાના પેસેન્જરોને થયેલા અકસ્માત અંગે" તાકીદની જાહેર અગત્યની બાબત પર ગૃહ મંત્રીશ્રીનું ધ્યાન દોર્યું.

રાજયકક્ષાના ગૃહ મંત્રી, શ્રી વજુભાઈ જાનીએ તેમનું લેખિત નિવેદન રજૂ કર્યું અને ઉપસ્થિત થયેલા પ્રશ્નોના જવાબ આપ્યા.

૩. શ્રી બાબુભાઈ વાસણવાળાએ અધ્યક્ષશ્રીની પૂર્વ મંજૂરીથી "અમદાવાદના ઉસ્માનપુરા વિસ્તારની દર્પણ સોસાયટી નજીક થયેલા વિસ્ફોટ અંગે" મુદ્દો ઉપસ્થિત કરી ગૃહ મંત્રીશ્રીનું ધ્યાન દોર્યું. શ્રી અશોક ભટ્ટે તેમાં સૂર પુરાવી આ ધડાકો પોલીસે જપ્ત કરેલ ફટાકડા અને સ્ફોટક પદાર્થોનો નાશ કરવા માટે કરેલ પરંતુ સ્થળ પસંદગી ભૂલભરેલી હતી તેવી વિગતો આપી મંત્રીશ્રીને સ્પષ્ટતા કરવા વિનંતી કરી.

રાજયકક્ષાના ગૃહ મંત્રી, શ્રી વજુભાઈ જાનીએ ખુલાસાત્મક મૌખિક સ્પષ્ટતા કરી.

૪. નીચેના કાગળો તેની નીચે દર્શાવેલ મંત્રીશ્રીઓએ વિધાનસભાના મેજ ઉપર મૂકયા—

ગુજરાત રાજય વેરહાઉસીંગ કોરપોરેશનના સન ૧૯૮૬–૮૭ તથા સન ૧૯૮૭–૮૮ના વાર્ષિક અહેવાલો.

સહકાર મંત્રી, શ્રી મનુભાઈ પરમાર.

૫. અંદાજપત્ર પર સામાન્ય ચર્ચા (પહેલો દિવસ)

શરુઆતમાં સભાપતિ (શ્રી નવીનભાઈ શાસ્ત્રી)એ અંદાજપત્ર પરની ચર્ચાના અવકાશ અંગે ગૃહને માર્ગદર્શન આપ્યા બાદ સાત સભ્યશ્રીઓએ ચર્ચામાં ભાગ લીધો—

ચર્ચા અધૂરી રહી.

સોમવાર, તા. ૨૭મી ફેબ્રુઆરી, ૧૯૮૯

૧. પ્રશ્નો પૂછવામાં આવ્યા અને તેના જવાબ આપવામાં આવ્યા.

૨. વિરોધપક્ષના સભ્યોએ વ્યવસાય વેરા અંગે ગુજરાત બંધના અનુસંધાને નાણાં મંત્રીશ્રીને નિવેદન કરવા વિનંતી કરી અને વિરોધપક્ષના સભ્યો પોતાના સ્થાન ઉપર ઉભા થઈને "વ્યવસાય વેરો નાબૂદ કરો"ના સૂત્રોચ્ચાર કર્યા.

૩. અધ્યક્ષશ્રીએ પ્રમુખની પેનલ ઉપર શ્રી વજુભાઈ વાળાના સ્થાને શ્રી દિલીપભાઈ સંઘાણીની નિમણૂંકની જાહેરાત કરી.

૪. અધ્યક્ષશ્રીએ કામકાજ સલાહકાર સમિતિનો છેતાળીસમો અહેવાલ સુધારા સાથે રજૂ કર્યા.

૫. સંસદીય બાબતોના મંત્રી, શ્રી નલિન પટેલે, " આ સભાગૃહ, કામકાજ સલાહકાર સમિતિના છેતાળીસમા અહેવાલ સાથે સંમત થાય." એવો પ્રસ્તાવ રજૂ કર્યો અને તેનો સ્વીકાર કરવામાં આવ્યો.

૬. અંદાજપત્ર પર સામાન્ય ચર્ચા (બીજા દિવસે ચાલુ રહી)

ઉપરોકત વિષય પર શુક્રવાર તા. ૨૪મી ફેબ્રુઆરી, ૧૯૮૯ના રોજની અધૂરી રહેલી ચર્ચા આગળ ચાલે તે પહેલાં વિરોધપક્ષના તમામ સભ્યોએ ફરીથી "વ્યવસાય વેરો નાબૂદ કરો" ના સુત્રોચ્ચાર કર્યા અને ઉપાધ્યક્ષશ્રી સિવાયના ગૃહમાં હાજર તમામ વિરોધપક્ષના સભ્યો-એ સભાત્યાગ કર્યા.

ત્યારબાદ કોઈ સભ્યશ્રીએ અંદાજપત્ર પરની સામાન્ય ચર્ચામાં ભાગ લેવાની ઈચ્છા નહીં દર્શાવતાં ગૃહનું આજના દિવસનું કામકાજ પૂરું થયું.

ચર્ચા અધૂરી રહી.

મંગળવાર, તા. ૨૮ મી ફેબ્રુઆરી, ૧૯૮૯

પહેલી બેઠક

૧. શ્રી બાબુભાઈ વાસણવાળાએ નિયમ ૧૬ અન્વયે " અમદાવાદના એલીસબ્રીજ વિસ્તારના ગુલબાઈ ટેકરા મગજના તાવથી થયેલા મૃત્યુ અંગે" તાકીદની જાહેર અગત્યની બાબત પર આરોગ્ય મંત્રીશ્રીનું ધ્યાન દોર્યું.

રાજ્યકક્ષાના આરોગ્ય મંત્રી, શ્રીમતી શાન્તાબહેન મકવાણાએ તેમનું લેખિત નિવેદન રજૂ કર્યું અને ઉપસ્થિત થયેલા પ્રશ્નોના જવાબ આપ્યા.

૨. સરકારી વિધેયક અને વટહુકમ નામંજૂર કરતા પ્રસ્તાવો

(૧) (ક) ગુજરાત વિધાનસભાના નિયમોના નિયમ ૧૫૨ (૨) અન્વયેનો પ્રસ્તાવ શ્રી સુરેશચંદ્ર રૂ. મહેતાએ નીચેનો પ્રસ્તાવ રજૂ કર્યો. "આ સભાગૃહ, સન ૧૯૮૮નો વટહુકમ ક્રમાંક--૭ સન ૧૯૮૮નો ગુજરાત રાજ્ય બાંયધરી (સુધારા) વટહુકમ નામંજૂર કરે."

(ખ) સન ૧૯૮૯નું વિધેયક ક્રમાંક--૨,
સન ૧૯૮૯નું ગુજરાત રાજ્ય બાંયધરી (સુધારા) વિધેયક.

નાણાં મંત્રી, શ્રી અરવિંદ સંઘવીએ ઉકત વિધેયક દાખલ કર્યું અને વિધેયકના પહેલા વાંચનનો પ્રસ્તાવ રજૂ કર્યા અને ચર્ચામાં ૧૧ સભ્યોએ ભાગ લીધો.

ચર્ચાનો જવાબ નાણાં મંત્રીશ્રી અરવિંદ સંઘવીએ આપ્યો શ્રી સુરેશચંદ્ર રુ. મહેતાએ ૧૫૨(૨) ના પ્રસ્તાવ પરની ચર્ચાનો જવાબ આપ્યો.

નિયમ ૧૫૨(૨) અન્વયેનો ઉપરોકત પ્રસ્તાવનો અસ્વીકાર કરવામાં આવ્યો અને વિધેયક પસાર કરવામાં આવ્યું.

(૨) (ક) ગુજરાત વિધાનસભાના નિયમોના નિયમ ૧૫૨(૨) અન્વયેનો પ્રસ્તાવ શ્રી અશોક ભટ્ટે નીચેનો પ્રસ્તાવ રજૂ કર્યો.

"આ સભાગૃહ, સન ૧૯૮૮નો વટહુકમ ક્રમાંક--૧૧, સન ૧૯૮૮નો ગુજરાત વેચાણ વેરા (દ્વિતીય સુધારા) વટહુકમ નામંજૂર કરે."

(ખ) સન ૧૯૮૯નું વિધેયક ક્રમાંક-૫,
સન ૧૯૮૯નું ગુજરાત વેચાણવેરા (સુધારા) વિધેયક.

નાણાં મંત્રી, શ્રી અરવિંદ સંઘવીએ ઉકત વિધેયક દાખલ કર્યું અને વિધેયકના પહેલા વાંચનનો પ્રસ્તાવ રજૂ કર્યો. ચર્ચામાં ૪ સભ્યોએ ભાગ લીધો.

ચર્ચાનો જવાબ નાણાં મંત્રી, શ્રી અરવિંદ સંઘવીએ આપ્યો. બાદ શ્રી અશોક ભટ્ટે તેમના ૧૫૨(૨) ના પ્રસ્તાવ પરની ચર્ચાનો જવાબ આપ્યો.

નિયમ ૧૧૨(૨) અન્વયેનો ઉપરોકત પ્રસ્તાવનો અસ્વીકાર કરવામાં આવ્યો અને વિધેયક પસાર કરવામાં આવ્યું.

બીજી બેઠક

૧. પ્રશ્નો પૂછવામાં આવ્યા અને તેના જવાબ આપવામાં આવ્યા.

૨. શ્રી વીરાજી ઠાકોરે નિયમ--૧૧૬ અન્વયે " ઉત્તર ગુજરાતમાં જીરૂ, મેથી અને વરિયાળીના પાકમાં એકાએક રોગ પડતાં નિષ્ફળ ગયેલા પાક અંગે" તાકીદની જાહેર અગત્યની બાબત પર કૃષિ મંત્રીશ્રીનું ધ્યાન દોર્યું

રાજયકક્ષાના કૃષિ મંત્રી, શ્રી કરસનજી ઠાકોરે તેમનું લેખિત નિવેદન રજૂ કર્યું અને ઉપસ્થિત થયેલા પ્રશ્નોના જવાબ આપ્યા.

૩. વિરોધપક્ષના મોટાભાગના સભ્યશ્રીઓએ "વ્યવસાય વેરો નાબૂદ કરો" ના સતત સુત્રોચ્ચાર કરતા અધ્યક્ષશ્રીએ તેમને સભાગૃહ છોડી જવા આદેશ આપ્યો તેમ છતાં તેનો અમલ કરવાને બદલે સૂત્રોચ્ચાર ચાલુ રહેતા અધ્યક્ષશ્રીએ ગૃહમાં ઉભા થઈને સૂત્રોચ્ચાર કરીને ગેરવર્તાવ દાખવનાર નીચેના સભ્યોને નામથી સંબોધન કર્યું—

(૧) શ્રી કરમશીભાઈ મકવાણા

(૨) શ્રી લીલાધરભાઈ વાઘેલા

(૩) શ્રી દિનશા પટેલ

(૪) શ્રી પ્રકાશ બ્રહ્મભટ્ટ

(૫) શ્રી સુરેશચંદ્ર રુ. મહેતા

(૬) શ્રી બાબુભાઈ વાસણવાળા

(૭) શ્રી મોહનસિંહ રાઠવા

(૮) શ્રી અશોક ભટ્ટ

(૯) શ્રી ગાભાજી ઠાકોર

(૧૦) શ્રી વીરાજી ઠાકોર

(૧૧) શ્રી દિલીપભાઈ સંઘાણી

(૧૨) શ્રી હરગોવિંદ ઉપાધ્યાય

(૧૩) શ્રી પ્રબોધકાન્ત પંડયા

(૧૪) શ્રી અરશીભાઈ ઝાલા

(૧૫) શ્રી (ડો.) વસંત સંઘવી

(૧૬) શ્રી પ્રભાતસિંહ હા. ચૌહાણ

(૧૭) શ્રી સોમાભાઈ પટેલ

(૧૮) શ્રી અમરતલાલ અધારા

(૧૯) શ્રી ભોળાભાઈ પટેલ

(૨૦) શ્રી દેવાણંદભાઈ સોલંકી

(૨૧) શ્રી જસપાલસીંગ.

ત્યારબાદ સંસદીય બાબતોના મંત્રી, શ્રી નલિન પટેલે

"અધ્યક્ષશ્રીએ નામથી સંબોધેલા સભ્યોને આજના એક દિવસ પૂરતા સભાગૃહની સેવા બજાવવામાંથી સસ્પેન્ડ કરવામાં આવે." એવો પ્રસ્તાવ રજૂ કર્યો અને તેનો સ્વીકાર કરવામાં આવ્યો.

પ્રસ્તાવના અનુસંધાને સૂત્રોચ્ચાર કરનાર સભ્યોએ ગૃહમાંથી બહાર જવાને બદલે સૂત્રોચ્ચાર ચાલુ રાખીને ગૃહના મધ્યભાગમાં આવતા અને સતત ધોંધાટ ચાલુ રહેતા અધ્યક્ષશ્રીએ બપોરના ૩.૦૬ વાગ્યે સભાગૃહ એક કલાક માટે મુલતવી રાખ્યું.

૪. નીચેના કાગળો તેની નીચે દર્શાવેલા મંત્રીશ્રીઓએ વિધાનસભાના મેજ ઉપર મૂક્યા-

(૧) ગુજરાત રાજ્ય બીજ નિગમ લિમિટેડનો સન ૧૯૮૬--૮૭નો વાર્ષિક અહેવાલ.

રાજ્યકક્ષાના કૃષિમંત્રી, શ્રી કરસનજી ઠાકોર.

(૨) ગુજરાત રાજ્ય ગ્રામ વિકાસ નિગમ લિમિટેડની સન ૧૯૮૬--૮૭નો વાર્ષિક અહેવાલ.

કૃષિ મંત્રીશ્રી. દોલતભાઈ પરમાર

(૩) ગુજરાત એગ્રો ઈન્ડસ્ટ્રીઝ કોરપોરેશન લિમિટેડનો સન ૧૯૮૫--૮૬નો વાર્ષિક અહેવાલ

રાજ્યકક્ષાના કૃષિ મંત્રીશ્રી કરસનજી ઠાકોર.

(૪) ગુજરાત ઘેટા અને ઉન વિકાસ નિગમ લિમિટેડની સન ૧૯૮૪--૮૫નો વાર્ષિક અહેવાલ.

રાજ્યકક્ષાના કૃષિ મંત્રીશ્રી કરસનજી ઠાકોર.

(૫) ગુજરાત ડેરી વિકાસ નિગમ લિમિટેડનો સન ૧૯૮૫--૮૬નો વાર્ષિક અહેવાલ.

રાજ્યકક્ષાના કૃષિ મંત્રીશ્રી કરસનજી ઠાકોર.

(૬) સન ૧૯૪૯ના મુંબઈ નશાબંધી અધિનિયમ અન્વયેની, સમાજ કલ્યાણ વિભાગની ચાર અધિસૂચનાઓ.

રાજ્યકક્ષાના નશાબંધી મંત્રી શ્રીમતી નૂરજહાંબખ્ત બાબી.

૫. અંદાજપત્ર પર સામાન્ય ચર્ચા (ત્રીજો દિવસ)

ઉપરોકત વિષય ઉપર સોમવાર, તા. ૨૭મી ફેબ્રુઆરી, ૧૯૮૯ના રોજની અધૂરી રહેલી ચર્ચા આગળ ચાલી.

કોઈ સભ્યશ્રીએ અંદાજપત્ર પરની સામાન્ય ચર્ચામાં ભાગ લેવાની ઈચ્છા નહીં દર્શાવતાં ગૃહનું આજના દિવસનું કામકાજ પુરું થયું.

ચર્ચા અધૂરી રહી.

બુધવાર, તા. ૧ લી માર્ચ, ૧૯૮૯

પહેલી બેઠક :

૧. મુખ્ય મંત્રી, શ્રી અમરસિંહ ચૌધરીએ ગુજરાત વિધાનસભાના માજી સભ્ય શ્રી જશાભાઈ હાથીભાઈ અમીનના અવસાન અંગે શોકદર્શક ઉલ્લેખ કર્યો અને સ્વર્ગસ્થને અંજલિ આપી.

ત્યારબાદ વિરોધપક્ષના નેતા, શ્રી ચીમનભાઈ પટેલે તેમજ શ્રી અશોક ભટ્ટે સ્વર્ગસ્થને અંજલિ આપ્યા બાદ અધ્યક્ષશ્રીએ પણ તેમાં સૂર પૂરાંવ્યો.

ત્યારબાદ સભ્યશ્રીઓએ થોડીવાર ઉભા થઈને મૌન પાળ્યું.

૨. ડો. વસંતભાઈ સંઘવીએ નિયમ ૧૧૬ અન્વયે " જામનગરની ઈરવિન ગૃપ ઓફ હોસ્પિટલમાં એકાએક ડોકટરોની પડેલી હડતાળ અંગે" તાકીદની જાહેર અગત્યની બાબત પર આરોગ્ય મંત્રીશ્રીનું ધ્યાન દોર્યું.

રાજ્યકક્ષાના આરોગ્ય મંત્રી, શ્રીમતી શાન્તાબહેન મકવાણાએ તેમનું લેખિત નિવેદન રજૂ કર્યું. અને ઉપસ્થિત થયેલા પ્રશ્નોના જવાબ આપ્યા.

૩. સરકારી વિધેયકો અને વટહુકમ નામંજૂર કરતા પ્રસ્તાવો

(૧) (ક) ગુજરાત વિધાનસભાના નિયમોના નિયમ ૧૧૨(૨) અન્વયેનો પ્રસ્તાવ.

શ્રી અશોક ભટ્ટે નીચેનો પ્રસ્તાવ રજૂ કર્યો.

" આ સભાગૃહ, સન ૧૯૮૮ના વટહુકમ ક્રમાંક-૯, સન ૧૯૮૮નો મુંબઈ પોલીસ (ગુજરાત સુધારા) વટહુકમ નામંજૂર કરે."

(ખ) સન ૧૯૮૯નું વિધેયક ક્રમાંક--૧.

સન ૧૯૮૯નો મુંબઈ પોલીસ (ગુજરાત સુધારા) વિધેયક .

રાજ્યકક્ષાના ગૃહ મંત્રી, શ્રી વજુભાઈ જાનીએ ઉકત વિધેયક દાખલ કર્યું અને વિધેયકના પહેલા વાચનનો પ્રસ્તાવ રજૂ કર્યો, અને ચાર સભ્યોએ ચર્ચામાં ભાગ લીધો —

ચર્ચાનો જવાબ રાજ્યકક્ષાના ગૃહ મંત્રીશ્રી વજુભાઈ જાનીએ આપ્યો. શ્રી અશોક ભટ્ટે તેમના નિયમ ૧૧૨ (૨) ના પ્રસ્તાવ પરની ચર્ચાનો જવાબ આપ્યો.

નિયમ ૧૧૨ (૨) અન્વયેના પ્રસ્તાવનો અસ્વીકાર કરવામાં આવ્યો અને વિધેયક પસાર કરવામાં આવ્યું.

(૨) (ક) ગુજરાત વિધાનસભાના નિયમોના નિયમ ૧૧૨(૨) અન્વયેનો પ્રસ્તાવ.

શ્રી અશોક ભટ્ટે નીચેનો પ્રસ્તાવ રજૂ કર્યો.

"આ સભાગૃહ સન ૧૯૮૮નો વટહુકમ ક્રમાંક--૧૨, સન ૧૯૮૮નો ગુજરાત (હોટેલ અને નિવાસગૃહ) સુખ-સુવિધા કર (સુધારા) વટહુકમ નામંજૂર કરે.

(ખ) સન ૧૯૮૯નું વિધેયક ક્રમાંક—૯

સન ૧૯૮૯નું ગુજરાત (હોટેલ અને નિવાસગૃહ) સુખ-સુવિધા કર (સુધારા) વિધેયક.

મુખ્યમંત્રી, શ્રી અમરસિંહ ચૌધરીએ ઉકત વિધેયક દાખલ કર્યું. પ્રથમ વાચનનો પ્રસ્તાવ રજૂ કર્યો અને પોતાનું મંતવ્ય રજૂ કર્યું.

એક સભ્યશ્રીએ ચર્ચામાં ભાગ લીધો.

ચર્ચાનો જવાબ મુખ્યમંત્રી, શ્રી અમરસિંહ ચૌધરીએ આપ્યો. શ્રી અશોક ભટ્ટે તેમના નિયમ ૧૧૨ (૨)ના પ્રસ્તાવ પરની ચર્ચાનો જવાબ આપ્યો અને સભાગૃહની અનુમતિથી પોતાનો પ્રસ્તાવ પાછો ખેંચી લીધો અને વિધેયક પસાર કરવામાં આવ્યું.

(૩) (ક) ગુજરાત વિધાનસભાના નિયમોના નિયમ ૧૧૨ (૨) અન્વયેનો પ્રસ્તાવ.

શ્રી દિલીપભાઈ સંઘાણીએ નીચેનો પ્રસ્તાવ રજૂ કર્યો.

"આ સભાગૃહ, સન ૧૯૮૮નો વટહુકમ ક્રમાંક—૧૩, સન ૧૯૮૮ના ગુજરાત મનોરંજન કર (સુધારા) વટહુકમ નામંજર કરે."

(ખ) સન ૧૯૮૯નું વિધેયક ક્રમાંક—૮

સન ૧૯૮૯નું ગુજરાત મનોરંજન કર (સુધારા) વિધેયક.

મુખ્યમંત્રી, શ્રી અમરસિંહ ચૌધરીએ ઉકત વિધેયક દાખલ કર્યું. પ્રથમ વાચનનો પ્રસ્તાવ રજ કર્યો અને પોતાનું મંતવ્ય રજૂ કર્યું. અને ત્રણ સભ્યોએ ચર્ચામાં ભાગ લીધો.

ચર્ચાનો જવાબ મુખ્યમંત્રી, શ્રી અમરસિંહ ચૌધરીએ આપ્યો. શ્રી દિલીપભાઈ સંઘાણીએ તેમના નિયમ ૧૧૨ (૨)ના પ્રસ્તાવ પરની ચર્ચાનો જવાબ આપ્યો અને સભાગૃહની અનુમતિથી પોતાનો પ્રસ્તાવ પાછો ખેંચી લીધો. વિધેયકના પહેલાં અને બીજા વાચન બાદ કલમ—૨નો સ્વીકાર કરવામાં આવ્યો. કલમ—૩ અને ૪ ઉપર સભ્ય શ્રી નવીનભાઈ શાસ્ત્રીએ સુધારો રજૂ કર્યો, સુધારા ઉપરની ચર્ચા અધૂરી રહી.

(૪) (ક) ગુજરાત વિધાનસભાના નિયમોના નિયમ ૧૧૨ (૨) અન્વયેનો પ્રસ્તાવ—

શ્રી અશોક ભટ્ટે નીચેનો પ્રસ્તાવ રજૂ કર્યો—

"આ સભાગૃહ, સન ૧૯૮૮નો વટહુકમ ક્રમાંક—૪, સન ૧૯૮૮નો ગુજરાત માધ્યમિક શિક્ષણ (સુધારા) (દ્વિતીય) વટહુકમ નામંજૂર કરે."

(ખ) સન ૧૯૮૯નું વિધેયક ક્રમાંક—૩.

સન ૧૯૮૯નું ગુજરાત માધ્યમિક શિક્ષણ (સુધારા) વિધેયક.

શિક્ષણ મંત્રી, શ્રી અરવિંદ સંઘવીએ ઉકત વિધેયક દાખલ કર્યું અને પ્રથમ વાચનનો પ્રસ્તાવ રજૂ કર્યો. ચર્ચા અધૂરી રહી.

બીજી બેઠક :

૧. પ્રશ્નો પૂછવામાં આવ્યા અને તેના જવાબ આપવામાં આવ્યા.

૨. (૧) અધ્યક્ષશ્રીએ કામકાજ સલાહકાર સમિતિનો સુડતાળીસમો અહેવાલ રજૂ કર્યો.

(૨) ગૌણ વિધાન સમિતિના પ્રમુખ ડો. કરસનદાન સોનેરીએ સમિતિનો બારમો અહેવાલ રજૂ કર્યો.

(૩) બિનસરકારી સભ્યોનાં કામકાજ માટેની સમિતિના પ્રમુખ, શ્રીમતી મહાશ્વેતાબહેન ચૌહાણે સમિતિનો એકતાળીસમો અહેવાલ રજૂ કર્યો.

૩. સંસદીય બાબતોના મંત્રી, શ્રી નલિન પટેલે "આ સભાગૃહ, કામકાજ સલાહકાર સમિતિના સુડતાળીસમા અહેવાલ સાથે સંમત થાય" એવો પ્રસ્તાવ રજૂ કર્યો અને તેનો સ્વીકાર કરવામાં આવ્યો.

૪. બિનસરકારી સભ્યોના કામકાજ માટેની સમિતિના પ્રમુખ, શ્રીમતી મહાશ્વેતાબહેન ચૌહાણે પ્રસ્તાવ રજૂ કર્યો કે—

"આ સભાગૃહ, બિનસરકારી સભ્યોના કામકાજ માટેની સમિતિના એકતાળીસમા અહેવાલ સાથે સંમત થાય." એવો પ્રસ્તાવ રજૂ કર્યો અને તેનો સ્વીકાર કરવામાં આવ્યો.

૫. અંદાજપત્ર પર સામાન્ય ચર્ચા (ચોથો અને છેલ્લો દિવસ)

ઉપરોકત વિષય ઉપર મંગળવાર તારીખ ૨૮મી ફેબ્રુઆરી ૧૯૮૯ના રોજની અધૂરી રહેલ ચર્ચા આગળ ચાલી અને ૧૪ સભ્યોએ ચર્ચામાં ભાગ લીધો ચર્ચાનો જવાબ નાણાં મંત્રીશ્રી અરવિંદ સંઘવીએ આપ્યો.

૬. સભાત્યાગ

નાણા મંત્રીશ્રીના જવાબ પછી વિરોધપક્ષના નેતાશ્રી તરફથી નાણા મંત્રીશ્રીને પ્રશ્ન પૂછવામાં આવતાં તેના જવાબથી સંતોષ નહીં થતાં હાજર રહેલા તમામ વિરોધપક્ષના સભ્યોએ સભા ત્યાગ કર્યો

અંદાજપત્ર પરની સામાન્ય ચર્ચા પુરી થઈ.

ગુરૂવાર, તા. ૨ જી માર્ચ, ૧૯૮૯

૧. પ્રશ્નો પૂછવામાં આવ્યા અને તેના જવાબ આપવામાં આવ્યા

૨. "ભરૂચ જિલ્લાના સાગબારા તાલુકાના દેવમોગરા ગામે મૂર્તિની ચોરી અંગે આદિવાસીઓને પોલીસે મારેલા માર અંગે" નિયમ-૧૧૬ અન્વયે તાકીદની જાહેર અગત્યની બાબત પ્રભારી સભ્યશ્રી જયસિંહ વસાવા અને શ્રી ભીમસિંહ વસાવા સભાગૃહમાં હાજર નહીં હોવાથી હાથ ધરી શકાઇ નહીં

૩. શ્રી અશોક ભટ્ટે અધ્યક્ષશ્રીની પૂર્વમંજુરીથી "૧૯૮૮માં વડોદરા યુનિવર્સિટીની પરીક્ષામાં મુખ્ય મંત્રીશ્રીના પુત્રને કૃપાગુણ આપવા માટે થયેલ આક્ષેપ અંગેની તપાસ સમિતિના અહેવાલ અંગે" મુદ્દો ઉપસ્થિત કરી શિક્ષણ મંત્રીશ્રીનું ધ્યાન દોર્યું.

શિક્ષણ મંત્રીશ્રી અરવિંદ સંઘવીએ ખુલાસાત્મક મૌખિક સ્પષ્ટતા કરી.

૪. નીચેના કાગળો તેની નીચે દર્શાવેલા મંત્રીશ્રીઓએ વિધાનસભાના મેજ ઉપર મુકયા

(૧) ગુજરાત ઔદ્યોગિક વિકાસ કોરપોરેશનના સન ૧૯૮૫-૮૬ તથા ૧૯૮૬-૮૭ના વાર્ષિક અહેવાલો

રાજ્યકક્ષાના ઉદ્યોગ મંત્રીશ્રી ભીખાભાઈ રબારી

(૨) ગુજરાત જળસંપત્તિ વિકાસ નિગમ લિમિટેડનો સન ૧૯૮૨-૮૩નો વાર્ષિક અહેવાલ

જળસંપત્તિ મંત્રી, મહંત શ્રી વિજયદાસજી

૫. અધ્યક્ષશ્રીએ અંદાજ સમિતિ જાહેર હિસાબ સમિતિ જાહેર સાહસો માટેની સમિતિ અને પંચાયતી રાજ સમિતિ પર સભ્યોની ચુંટણી માટેના કાર્યક્રમની જાહેરાત કરી

૬. રાજ્યકક્ષાના શિક્ષણ મંત્રી શ્રીમતી સુશીલાબેન શેઠે

"આ સભાગૃહ ગુજરાત માધ્યમિક શિક્ષણ અધિનિયમ ૧૯૭૨ની કલમ ૩(૨) વર્ગ-ખ (૧૦)ની જોગવાઈ મુજબ ગુજરાત માધ્યમિક શિક્ષણ બોર્ડ ઉપર ગુજરાત વિધાનસભાના પાંચ સભ્યોની ચૂંટણી કરવાનું કામ હાથ ધરે" એવો પ્રસ્તાવ રજૂ કર્યો અને તેનો સ્વીકાર કરવામાં આવ્યો.

૭. અધ્યક્ષશ્રીએ માધ્યમિક શિક્ષણ બોર્ડ ઉપર ગુજરાત વિધાનસભાના પાંચ સભ્યોની ચૂંટણી માટેના કાર્યક્રમની જાહેરાત કરી

૮. સરકારી વિધેયકો અને વટહુકમ નામંજૂર કરતા પ્રસ્તાવો

(૧) સન ૧૯૮૯નું વિધેયક ક્રમાંક-૭ સન ૧૯૮૯નું ગુજરાત ખાનગી શસ્ત્રધારી દળ નિભાવ પ્રતિબંધક વિધેયક

ઉપર્યુકત વિધેયક પરની શુક્રવાર તા. ૧૦મી ફેબ્રુઆરી, ૧૯૮૯ના રોજ અધૂરી રહેલી ચર્ચા આગળ ચાલી.

વિધેયકના બીજા વાચનના પ્રસ્તાવ બાદ સુધારેલી કલમ-૨ કલમ-૩ સુધારેલી કલમ ૪ ૫ અને ૬ કલમ-૭ સુધારેલી કલમ-૮, કલમ-૯ કલમ-૧, દીર્ઘસંજ્ઞા અને ઈનેકટીંગ ફોર્મ્યુલાનો સ્વીકાર કરવામાં આવ્યો અને સુધારેલા સ્વરૂપમાં વિધેયક પસાર કરવામાં આવ્યું

(૨) સન ૧૮૮૯નું વિધેયક ક્રમાંક-૮

સન ૧૯૮૯નું ગુજરાત મનોરંજન કર (સુધારા) વિધેયક

ઉપરોકત વિધેયક પરની બુધવાર તા. ૧લી માર્ચ ૧૯૮૯ના રોજ અધૂરી રહેલી ચર્ચા આગળ ચાલી

સુધારેલી કલમ-૩ સુધારેલી કલમ-૪ કલમ-૫, થી ૧૧ કલમ-૧. દીર્ઘસંજ્ઞા, ઈનેકટીંગફોર્મ્યુલાનો સ્વીકાર કરવામાં આવ્યો અને સુધારેલા સ્વરૂપમાં વિધેયક પસાર કરવામાં આવ્યું.

(૩)(ક) ગુજરાત વિધાનસભાના નિયમોના નિયમ ૧૧૨(૨) અન્વયે શ્રી અશોક ભટ્ટનો પ્રસ્તાવ એટલે કે—

"આ સભાગૃહ, સન ૧૯૮૮ નો વટહુકમ ક્રમાંક-૪, સન ૧૯૮૮નો ગુજરાત માધ્યમિક શિક્ષણ (સુધારા) (દ્વિતિય) વટહુકમ નામંજૂર કરે

(ખ) સન ૧૯૮૯નું વિધેયક ક્રમાક-૩ સન ૧૯૮૯નું ગુજરાત માધ્યમિક શિક્ષણ (સુધારા) વિધેયકના પ્રથમ વાચનનો પ્રસ્તાવ

ઉપર્યુકત બંને બાબતો પર બુધવાર તા. ૧લી માર્ચ, ૧૯૮૯ના રોજ અધૂરી રહેલી ચર્ચા આગળ ચાલી અને ત્રણ સભ્યોશ્રીઓએ ચર્ચામાં ભાગ લીધો.

ચર્ચાનો જવાબ શિક્ષણ મંત્રીશ્રી અરવિંદ સંઘવીએ આપ્યો, શ્રી અશોક ભટ્ટે તેમના નિયમ ૧૧૨(૨)ના પ્રસ્તાવ પરની ચર્ચાનો જવાબ આપ્યો અને સભાગૃહની અનુમતિથી પોતાનો પ્રસ્તાવ ખેંચી લીધો, ત્યારબાદ વિધેયકનું પહેલું વાંચન કરવામાં આવ્યું.

ત્યારબાદ ઉકત વિધેયક ૧૩ સભ્યોની બનેલી પ્રવર સમિતિને વિચારણા માટે સોંપવામાં આવે તેવો પ્રસ્તાવ શિક્ષણ મંત્રી,શ્રી અરવિંદ સંઘવીએ રજૂ કર્યો જેનો સ્વીકાર કરવામાં આવ્યો વિધેયક પ્રવર સમિતિને સોંપવામાં આવ્યું.

૯. બિન-સરકારી વિધેયકો—

(૧) દાખલ કરવાના બિનસરકારી વિધેયકો

(ક) શ્રી બાબુભાઈ વાસણવાળા એ "સન ૧૯૮૯નું મુંબઈ સાર્વજનિક ટ્રસ્ટ (ગુજરાત સુધારા, વિધેયક" સભાગૃહની અનુમતિથી દાખલ કર્યું.

(ખ) શ્રી ઉદેસિંહ દરબાર સભાગૃહમાં હાજર નહીં હોવાથી તેમનું "સન ૧૯૮૯નું ગુજરાત સહકારી મંડળી (સુધારા) વિધેયક " દાખલ કરી શકાયું નહીં.

(ગ) શ્રી મહંમદભાઈ પટેલે "સન ૧૯૮૯નું ગુજરાત પંચાયત (સુધારા) વિધેયક" સભાગૃહની અનુમતિથી દાખલ કર્યું

(ઘ) શ્રી ઉદેસિંહ દરબાર સભાગૃહમાં હાજર નહીં હોવાથી તેમનું "સન ૧૯૮૯નું મુંબઈ દિવાની કોર્ટ (ગુજરાત સુધારા) વિધેયક" દાખલ કરી શકાયું નહીં.

(૨) પહેલા, બીજા અને ત્રીજા વાંચન માટેના બિન-સરકારી વિધેયકો—

નીચેના બિનસરકારી વિધેયકોના પહેલા વાચનના પ્રસ્તાવો રજૂ થયા તેના પર ચર્ચા થઈ અને ચર્ચાબાદ સભાગૃહની અનુમતિથી તે વિધેયકો પાછા ખેંચી લેવામાં આવ્યા—

(૧) સન ૧૯૮૬નું વિધેયક ક્રમાંક-૧૮,

સન ૧૯૮૫નું મુંબઈ ઔદ્યોગિક સંબંધ (ગુજરાત સુધારા) વિધેયક
પ્રભારી સભ્ય શ્રીમતી મહાશ્વેતાબેન ચૌહાણ

(૨) સન ૧૯૮૮નું વિધેયક ક્રમાંક-૬

સન ૧૯૮૭નું મુંબઈ પ્રોવિન્સિયલ મ્યુનિસિપલ કોર્પોરેશન (ગુજરાત સુધારા)વિધેયક
પ્રભારી સભ્યશ્રી બાબુભાઈ વાસણવાળા

(૩) સન ૧૯૮૬નું વિધેયક ક્રમાંક-૬૧

સન ૧૯૮૬નું ગુજરાત શૈક્ષણિક સંસ્થા કર્મચારી (પરીક્ષા ફરજ) વિધેયક

પ્રભારી સભ્ય શ્રી અશોક ભટ્ટ સભા ગૃહમાં હાજર નહીં હોવાથી વિધેયકની ચર્ચા હાથ ધરી શકાઈ નહીં.

(૪) સન ૧૯૮૬નું વિધેયક ક્રમાંક-૨૦

સન ૧૯૮૫નું ગુજરાત સિનેમાં કામદાર કલ્યાણ ફંડ વિધેયક.

પ્રભારી સભ્ય શ્રીમતી મહાશ્વેતા બહેન ચૌહાણ.

શુક્રવાર, તા. ૩જી માર્ચ, ૧૯૮૯

૧. પ્રશ્નો પૂછવામાં આવ્યા અને તેના જવાબ આપવામાં આવ્યા.

૨. અંદાજપત્રની કર દરખાસ્તોમાંના વ્યવસાય વેરાના સૂચિત વધારાના માળખામાં ફેરફાર અંગે નાણા મંત્રી, શ્રી અરવિંદ સંઘવીએ નિયમ-૪૪ હેઠળનું નિવેદન કર્યું.

૩. નીચેના કાગળો તેની નીચે દર્શાવેલા મંત્રીશ્રીઓએ વિધાનસભાના મેજ ઉપર મૂકયા.

(૧) ગુજરાત રાજય ખાદી ગ્રામોદ્યોગ બોર્ડનો સન ૧૯૮૭--૮૮નો વાર્ષિક અહેવાલ અને હિસાબો.

રાજયકક્ષાના કુટિર ઉદ્યોગ મંત્રી,
શ્રી ભીખાભાઈ રબારી.

(૨) સન ૧૯૪૮ના મુંબઈ દુકાન અને સંસ્થા અધિનિયમ અન્વયેની શ્રમ અને રોજગાર વિભાગની તા. ૧૧--૨--૧૯૮૯ની અધિસૂચના.

શ્રમ મંત્રી, શ્રી મનુભાઈ પરમાર.

૪. માંગણીઓ પર ચર્ચા અને મતદાન (પહેલો દિવસ)

શરુઆતમાં મુખ્ય મંત્રી, શ્રી અમરસિંહ ચૌધરીએ સન ૧૯૮૯--૯૦ના વર્ષ માટેની માંગણીઓની વિચારણા કરવા માટેની રાજયપાલશ્રીની ભલામણ વાંચી સંભળાવી.

ત્યારબાદ સામાન્ય વહીવટ વિભાગને લગતી માંગણી ક્રમાંક ૨૭, ૨૮, ૩૦ અને ૩૨ મુખ્ય મંત્રી, શ્રી અમરસિંહ ચૌધરીએ રજૂ કરી.

ઉપરોકત માંગણી ક્રમાંક ૨૭ ઉપરની કાપદરખાસ્ત ક્રમાંક ૧ થી ૬, માંગણી ક્રમાંક ૨૮ ઉપરની કાપદરખાસ્ત ક્રમાંક ૭ અને ૮, માગણી ક્રમાંક ૨૮ ઉપરની કાપદરખાસ્ત ક્રમાંક ૯ થી ૧૬ અને માંગણી ક્રમાંક ૩૨ ઉપરની કાપદરખાસ્ત ક્રમાંક ૧૭ અને ૧૮ સભ્યશ્રીઓએ રજૂ કરી.

ત્યારબાદ માંગણીઓ અને કાપદરખાસ્તો પર ભેગી ચર્ચા શરુ થઈ અને ૧૧ સભ્યશ્રીઓએ ચર્ચામાં ભાગ લીધેા.

ચર્ચાનો જવાબ મુખ્ય મંત્રીશ્રી, અમરસિંહ ચૌધરીએ આપ્યો.

પ્રથમ ઉપર્યુકત માંગણીઓ પર રજૂ થયેલી બધી કાપદરખાસ્તો ક્રમાંક ૧ થી ૧૮નો અસ્વીકાર કરવામાં આવ્યો.

માંગણી ક્રમાંક ૨૭, ૨૮, ૩૦ અને ૩૨ નો સ્વીકાર કરવામાં આવ્યો.

મંગળવાર, તા. ૭મી માર્ચ, ૧૯૮૯

૧. પ્રશ્નો પૂછવામાં આવ્યા અને તેના જવાબ આપવામાં આવ્યા.

૨. વિરોધ પક્ષના નેતા, શ્રી ચીમનભાઈ પટેલે "વડોદરા શહેરમાં સર્જાયેલા ભયંકર લઠ્ઠાકાંડના કારણે ૧૩૦ કરતાં વધુ વ્યકિતના કરૂણ મૃત્યુ થવાથી અને તેમાંથી ઉભી થયેલી તાકીદની જાહેર અગત્યની બાબત પર ચર્ચા કરવા માટે નીચેનો પ્રસ્તાવ રજૂ કરવા માટે સભાગૃહની પરવાનગી માંગી.

"આ સભાગૃહ મોકૂફ રાખવામાં આવે"

અધ્યક્ષશ્રીએ જણાવ્યું કે આવો જ પ્રસ્તાવ શ્રી સુરેશચંદ્ર રુ. મહેતા અને શ્રી અશોક ભટ્ટે આપેલો છે.

અધ્યક્ષશ્રીએ જાહેર કર્યું કે પ્રસ્તાવ રજૂ કરવા માટે પરવાનગી આપવા સામે કોઈને વાંધો નહીં હોવાથી સભ્યશ્રીને પરવાનગી આપવામાં આવે છે.

અધ્યક્ષશ્રીએ વધુમાં જાહેર કર્યું કે પ્રસ્તાવ ચર્ચા માટે હમણાં જ હાથ ધરવામાં આવશે.

૩. વિરોધ પક્ષના નેતા, શ્રી ચીમનભાઈ પટેલે નીચેનો પ્રસ્તાવ રજૂ કર્યો અને તેમના મંતવ્યો રજૂ કર્યા—

"આ સભાગૃહ મોકૂફ રાખવામાં આવે."

સાત સભ્યશ્રીઓએ અને મુખ્યમંત્રીશ્રીએ ચર્ચામાં ભાગ લીધો

ત્યારબાદ ઉપર્યુકત પ્રસ્તાવ મત માટે મૂકવામાં આવ્યો મત ગણતરીનું પરિણામ જાહેર કરવામાં આવે તે પહેલાં શ્રી અશોક ભટે વિભાજનની માંગણી કરી. જે સ્વીકારવામાં આવી.

સભ્યોએ તેમની જગ્યાએ ઉભા થઈને વિભાજન કરતાં, પ્રસ્તાવની તરફેણમાં ૨૫ મત અને વિરૂધ્ધમાં ૬૭ મત પડતાં, પ્રસ્તાવનો અસ્વીકાર કરવામાં આવ્યો.

૪. વિરોધ પક્ષના સભ્યશ્રીઓએ "મુખ્ય મંત્રીશ્રી રાજીનામું આપે" એવા સુત્રોચ્ચાર કર્યા, વિરોધ પક્ષના નેતા, શ્રી ચીમનભાઈ પટેલે "આ સરકારમાંથી માનવતા પરવારી ચૂકી છે, તેથી અમે વિરોધમાં સભાની કાર્યવાહીમાં ભાગ લેવા માગતા નથી એમ જણાવીને ઉપાધ્યક્ષશ્રી સિવાયના ગૃહમાં હાજર તમામ વિરોધ પક્ષના સભ્યશ્રીઓએ સભાત્યાગ કર્યો.

૫. (૧) શ્રી પ્રભાતસિંહ પ્ર. ચૌહાણે નિયમ ૧૧૬ અન્વયેની 'પંચમહાલ જિલ્લાના કાલોલ તાલુકાના વરવાડા ગામે પીવાના પાણીના કૂવામાં ઝેરી ગેસની અસરથી થયેલ મૃત્યુ અંગે" તાકીદની જાહેર અગત્યની બાબત પર આરોગ્ય મંત્રીશ્રીનું ધ્યાન દોર્યું.

રાજ્ય કક્ષાના આરોગ્ય મંત્રી, શ્રીમતી શાંતાબહેન મકવાણાએ તેમનું લેખિત નિવેદન રજૂ કર્યું અને ઉપસ્થિત થયેલા પ્રશ્નોના જવાબ આપ્યા.

(૨) "બનાસકાંઠા જિલ્લાના દિયોદરની રેફરલ હોસ્પિટલમાંથી હડકવાની રસીની ગુણવત્તા અંગે" નિયમ ૧૧૬ અન્વયે તાકીદનો જાહેર અગત્યની બાબત પ્રભારી સભ્ય શ્રી લીલાધરભાઈ વાઘેલા સભાગૃહમાં હાજર નહીં હોવાથી હાથ ધરી શકાઈ નહીં.

૬. નીચેના કાગળો તેની નીચે દર્શાવેલ મંત્રીશ્રીઓએ વિધાનસભાના મેજ ઉપર મૂકયા—

બક્ષીપંચે જાહેર કરેલી સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત જાતિના પૈકીની અતિ પછાત ગણવામાં આવેલી જાતિઓની યાદી.

સમાજકલ્યાણ મંત્રી, શ્રીદોલતભાઈ પરમાર.

૭. માગણીઓ પર ચર્ચા અને મતદાન (બીજા દિવસે ચાલુ રહયું)

નર્મદા વિકાસ વિભાગને લગતી માગણી ક્રમાંક ૬૧ અને ૬૨ તથા જળસંપત્તિ વિભાગને લગતી માગણી ક્રમાંક : ૧૦૧, ૧૦૨ અને ૧૦૩ જળસંપત્તિ અને નર્મદા વિકાસ મંત્રી, મહંત શ્રી વિજયદાસજીએ રજૂ કરી.

ઉપરોકત માગણીઓ ઉપરની કાપ દરખાસ્ત ક્રમાંક ૧ થી ૨૦ સભ્યશ્રીઓ સભાગૃહમાં હાજર નહીં હોવાથી રજૂ થઈ શકી નહીં.

વીસ સભ્યશ્રીઓએ ચર્ચામાં ભાગ લીધો :—

ચર્ચાનો જવાબ નર્મદા વિકાસ મંત્રી, મહંત શ્રી વિજયદાસજીએ આપ્યો.

ત્યારબાદ માગણી ક્રમાંક : ૬૧, ૬૨, ૧૦૧, ૧૦૨, અને ૧૦૩ મત ઉપર મૂકવામાં આવી અને તેનો સ્વીકાર કરવામાં આવ્યો.

બુધવાર, તા. ૮ મી માર્ચ, ૧૯૮૯

પહેલી બેઠક :

૧. શ્રી પ્રકાશચંદ્ર બ્રહ્મભટે નિયમ ૧૧૬ અન્વયે "સુરત શહેરના ગોપીપુરા વિસ્તારમા એક મકાનમાં થયેલ બોમ્બ ધડાકા અંગે" તાકીદની જાહેર અગત્યની બાબત પર ગૃહ મંત્રીશ્રીનું ધ્યાન દોર્યું.

મુખ્ય મંત્રી (ગૃહ), શ્રી અમરસિંહ ચૌધરીએ તેમનું લેખિત નિવેદન રજૂ કર્યું અને ઉપસ્થિત થયેલા પ્રશ્નોના જવાબો આપ્યા.

૨. માગણીઓ પર ચર્ચા અને મતદાન ત્રીજા દિવસે ચાલુ રહ્યું.

ઉદ્યોગ, ખાણ અને ઉર્જા વિભાગને લગતી માગણી ક્રમાંક : ૪૪, ,૪૭ ૪૮ અને ૪૯ તથા પંચાયત અને ગ્રામ ગૃહનિર્માણ વિભાગને લગતી માગણી ક્રમાંક ૬૪ અને ૬૫ પચાયત, ઉદ્યોગ, ખાણ અને ઉર્જા મંત્રીશ્રી હરિસિંહ મહિડાએ રજૂ કરી.

ઉપરોકત માગણી ક્રમાંક ૪૪ ઉપરની કાપ દરખાસ્ત ક્રમાંક ૧, ૨ અને ૩, માંગણી ક્રમાંક-૪૭ ઉપરની કાપદરખાસ્ત ક્રમાંક : ૪, ૫, ૬, ૭ અને ૧૦ માગણી ક્રમાંક ૪૮ ઉપરની કાપ દરખાસ્ત ક્રમાંક : ૧૨, ૧૩ અને ૧૪. માગણી ક્રમાંક : ૪૯ ઉપરની કાપદરખાસ્ત ક્રમાંક ૧૬ માગણી ક્રમાંક ૬૪ ઉપરની કાપદરખાસ્ત ક્રમાંક ૧૭, ૧૮ અને ૧૯ તથા માગણી ક્રમાંક ૬૫ ઉપરની કાપદરખાસ્ત ક્રમાંક ૨૨ અને ૨૫ સભ્યશ્રીઓએ રજૂ કરી

સોળ સભ્યશ્રીઓએ ચર્ચામાં ભાગ લીધો :—

ચર્ચાનો જવાબ પંચાયત અને ઉદ્યોગ મંત્રી, શ્રી હરિસિંહ મહિડાએ આપ્યો.

ત્યારબાદ પ્રથમ ઉપર્યુકત માગણીઓ પર રજૂ થયેલી બધી કાપદરખાસ્તો ક્રમાંક : ૧ થી ૭, ૧૦, ૧૨ થી ૧૪, ૧૬ થી ૧૯, ૨૨ અને ૨૫ એકી સાથે મત ઉપર મૂકવામાં આવી અને તેનો અસ્વીકાર કરવામાં આવ્યો.

ત્યારબાદ માગણી ક્રમાંક : ૪૪, ૪૭, ૪૮, ૪૯, ૬૪ અને ૬૫ મત ઉપર મુકવામાં આવી અને તેનો સ્વીકાર કરવામાં આવ્યો.

બીજી બેઠક :

૧. પ્રશ્નો પૂછવામાં આવ્યા અને તેના જવાબ આપવામાં આવ્યા.

૨. શ્રી દિનશા પટેલે નિયમ ૧૧૬ અન્વયે "ખેડા જિલ્લાના ખંભાત નગરની સમી વાઘેલા ઈસ્કુલ નજીક ચાલતા અનીતિધામ અંગે" તાકીદની જાહેર અગત્યની બાબત પર ગૃહ મંત્રી-નું ધ્યાન દોર્યું.

મુખ્ય મંત્રી (ગૃહ) શ્રી અમરસિંહ ચૌધરીએ તેમનું લેખિત નિવેદન રજૂ કર્યું અને ઉદ્‌ભવેલા પ્રશ્નોના જવાબ આપ્યા.

૩. (૧) અધ્યક્ષશ્રીએ કામકાજ સલાહકાર સમિતિનો અડતાળીસમો અહેવાલ રજૂ કર્યો.

(૨) બિનસરકારી સભ્યોના કામકાજ માટેની સમિતિના સભ્ય શ્રી પ્રબોધકાન્ત પંડ્યાએ સમિતિનો બેતાળીસમો અહેવાલ રજૂ કર્યો.

૪. સંસદીય બાબતોના મંત્રી, શ્રી નલિન પટેલે

"આ સભાગૃહ, કામકાજ સલાહકાર સમિતિના અડતાળીસમાં અહેવાલ સાથે સંમત થાય" એવો પ્રસ્તાવ રજૂ કર્યો જેનો સ્વીકાર કરવામાં આવ્યો.

૫. બિનસરકારી સભ્યોના કામકાજ માટેની સમિતિના સભ્ય, શ્રી પ્રબોધકાન્ત પંડયાએ

"આ સભાગૃહ, બિન સરકારી સભ્યોના કામકાજ માટેની સમિતિના બેતાળીસમાં અહેવાલ સાથે સંમત થાય" એવો પ્રસ્તાવ રજુ કર્યો જેનો સ્વીકાર કરવામાં આવ્યો.

૬. માગણીઓ પર ચર્ચા અને મતદાન (ચોથો દિવસે ચાલુ રહ્યું)

આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગને લગતી માગણી ક્રમાંક : ૩૫, ૩૬, ૩૭, ૩૮ અને ૩૯ આરોગ્ય અને પરિવાર કલ્યાણ મંત્રી, શ્રી વલ્લભભાઈ પટેલે રજૂ કરી.

ઉપરોકત માગણી ક્રમાંક : ૩૫ ઉપરની કાપદરખાસ્ત ક્રમાંક ૧, ૨, ૩, ૪. માંગણી ક્રમાંક ૩૬ ઉપરની કાપદરખાસ્ત ક્રમાંક : ૫, ૬, ૭, ૮ ૧૦, ૧૧ ૧૨, ૧૩, ૧૪, ૧૫ અને ૧૬, માંગણી ક્રમાંક ૩૭ ઉપરની કાપદરખાસ્ત ક્રમાંક : ૧૭, ૧૮, ૨૦ અને ૨૧. માગણી ક્રમાંક : ૩૮ ઉપરની કાપદરખાસ્ત ક્રમાંક : ૨૨, ૨૩, ૨૪, ૨૫ ૨૬ અને ૨૭ સભ્યશ્રીઓએ રજૂ કરી.

ઓગણીસ સભ્યશ્રીઓએ ચર્ચા ભાગ લીધો :—

ચર્ચાનો જવાબ આરોગ્ય મં. શ્રી વલ્લભભાઈ પટેલે આપ્યો.

પ્રથમ ઉપર્યુકત માગણીઓ પર રજૂ થયેલી કાપદરખાસ્તો ક્રમાંક : ૧ થી ૮, ૧૦ થી ૧૮ અને ૨૦ થી ૨૭ એકી સાથે મત ઉપર મૂકવામાં આવી અને તેનો અસ્વીકાર કરવામાં આવ્યો.

ત્યારબાદ માગણી ક્રમાંક ૩૫, ૩૬, ૩૭, ૩૮ અને ૩૯ મત ઉપર મૂકવામાં આવી અને તેનો સ્વીકાર કરવામાં આવ્યો.

ગુરૂવાર, તા. ૯મી માર્ચ, ૧૯૮૯

૧. પ્રશ્નો પૂછવામાં આવ્યા અને તેના જવાબ આપવામાં આવ્યા.

૨. શ્રી જોઈતાભાઈ પટેલે નિયમ ૧૧૬ અન્વયે "દાંતીવાડા ખાતે ગોડાઉનમાં દારૂગોળો ફટતા થયેલ ધડાકો અને નુકશાન અંગે" તાકીદની અગત્યની જાહેર બાબત પર જળસંપત્તિ મંત્રીશ્રીનું ધ્યાન દોર્યું.

રાજયકક્ષાના જળસંપત્તિ મંત્રી, શ્રીમતી શાન્તાબેન મકવાણાએ તેમનું લેખિત નિવેદન રજૂ કર્યું. અને ઉપસ્થિત થયેલ પ્રશ્નોના જવાબ આપ્યા.

૩. માગણીઓ પર ચર્ચા અને મતદાન પાંચમાં દિવસે ચાલુ રહ્યું.

બંદરો, વાહનવ્યવહાર અને મત્સ્યોદ્યોગ વિભાગને લગતી માગણી ક્રમાંક : ૬૯, ૭૦ અને ૭૨ રાજ્યકક્ષાના રોજગાર, બંદરો અને મત્સ્યોદ્યોગ મંત્રી, પ્રો. હસમુખ પટેલે રજૂ કરી.

ઉપરોકત માગણી ક્રમાંક ૬૯ ઉપરની કાપદરખાસ્ત ક્રમાંક ૧, ૨ અને ૩ માગણી ક્રમાંક: ૭૦ ઉપરની કાપદરખાસ્ત ક્રમાંક ૪, ૫ અને ૬ તથા માગણી ક્રમાંક ૭૨ ઉપરની કાપદરખાસ્ત ક્રમાંક : ૭, ૯, ૧૦,૧૧, ૧૨ ૧૩, ૧૪ અને ૧૫ સભ્યશ્રીઓએ રજૂ કરી..

ત્યારબાદ ઉપરોકત માગણીઓ અને કાપદરખાસ્તો પર ભેગી ચર્ચા શરૂ થઈ, નવ સભ્યશ્રીઓએ ચર્ચામાં ભાગ લીધો :—

ચર્ચાનો જવાબ રાજ્યકક્ષાના રોજગાર, બંદરો અને મત્સ્યોદ્યોગ મંત્રી, પ્રો. હસમુખ પટેલે આપ્યો.

પ્રથમ ઉપર્યુકત માગણીઓ પર રજૂ થયેલી કાપદરખાસ્ત ક્રમાંક ૧ થી ૭ અને ૯ થી ૧૫ એકી સાથે સભાગૃહની અનુમતિથી પાછી ખેંચી લેવામાં આવી.

ત્યારબાદ માગણી ક્રમાંક : ૬૯, ૭૦ અને ૭૨ મત ઉપર મૂકવામાં આવી અને તેનો સ્વીકાર કરવામાં આવ્યો.

૪. શ્રી દિલીપભાઈ સંઘાણીએ નિયમ ૧૦૧ અન્વયે સન ૧૯૮૭—૮૮માં ખેડૂતોએ ઉતરાવેલ પાક વીમાની રકમ ખેડૂતોને ૨૦--૨--૮૮ સુધીમાં મળે જાય તેવો પ્રબંધ કરવા અંગેનો પ્રસ્તાવ રજૂ કર્યો.

નીચેના સભ્યશ્રીઓએ પ્રસ્તાવ ઉપરના પોતાના સુધારા રજૂ કર્યા—

(૧) શ્રી દિનશા પટેલ
(૨) શ્રી છગનભાઈ સોજીત્રા
(૩) શ્રી અમરતલાલ અધારા
(૪) શ્રી મનુભાઈ કોટડિયા અને
(૫) શ્રી જયંતીલાલ કાલરિયા

પ્રસ્તાવ અને તેની ઉપર રજૂ થયેલા સુધારા ઉપર ભેગી ચર્ચા શરૂ થઈ, ૧૨ સભ્યશ્રીઓએ અને ૧ મંત્રીશ્રીએ ચર્ચામાં ભાગ લીધો :—

ચર્ચાનો જવાબ શ્રી દિલીપભાઈ સંઘાણીએ આપ્યો.

શ્રી જયંતીલાલ કાલરિયા અને શ્રી છગનભાઈ સોજીત્રાએ પોતાના સુધારા સભાગૃહની અનુમતિથી પાછા ખેંચી લીધા.

ત્યારબાદ શ્રી દિનશા પટેલ, શ્રી અમરતલાલ અધારા અને શ્રી મનુભાઈ કોટડિયાના સુધારા મત ઉપર મૂકવામાં આવ્યા અને તેનો અસ્વીકાર કરવામાં આવ્યો.

ત્યારબાદ પ્રસ્તાવ મત ઉપર મૂકવામાં આવ્યો અને તેનો અસ્વીકાર કરવામાં આવ્યો.

૫. બિન-સરકારી સંકલ્પો

(૧) શ્રી માલસિંહ ડામોરે "રાજ્યની પછાત જાતિઓ અને વિસ્તારોનો વિકાસ હજુ બાકી છે તેવા પછાત વિસ્તારો અને જાતિઓનો પૂરતો વિકાસ કરવા અને આર્થિક સ્થિતિ સુધારવા અંગે" નો પોતાનો સંકલ્પ રજૂ કર્યો.

ઉકત સંકલ્પ ઉપરનો સુધારો શ્રી દિલીપભાઈ સંઘાણીએ રજૂ કર્યો.

ત્યારબાદ સંકલ્પ અને રજૂ થયેલા સુધારા ઉપર ભેગી ચર્ચા શરૂ થઈ, સાત સભ્યશ્રીઓ અને ૧ મંત્રીશ્રીએ ચર્ચામાં ભાગ લીધો :—

ચર્ચાનો જવાબ શ્રી માલસિંહ ડામોરે આપ્યા બાદ સભાગૃહની અનુમતિથી, પોતાનો સંકલ્પ પાછો ખેંચી લીધો.

(૨) શ્રી મૂળરાજસિંહ પરમારે ખેડૂતોના બેન્કો વગેરેના દેવાં માફ કરવા અંગે પોતાનો સંકલ્પ રજૂ કર્યો.

ઉકત સંકલ્પ ઉપરના શ્રી કાંતિભાઈ ગોહિલ, શ્રી દિનશા પટેલ અને શ્રી દિલીપભાઈ સંઘાણીએ પોતાના સુધારાઓ રજૂ કર્યા.

સંકલ્પ અને તેના ઉપર રજૂ થયેલા સુધારાઓ ઉપર ભેગી ચર્ચા શરૂ થઈ, ૭ સભ્યશ્રીઓએ અને એક મંત્રીશ્રીએ ચર્ચામાં ભાગ લીધો :—

ચર્ચાનો જવાબ શ્રી મૂળરાજસિંહ પરમારે આપ્યો. ત્યારબાદ સંકલ્પ ઉપર રજૂ થયેલા-સુધારાઓ મત ઉપર મૂકવામાં આવ્યા અને તેનો અસ્વીકાર કરવામાં આવ્યો.

સભાગૃહની અનુમતિથી, શ્રી મૂળરાજસિંહ પરમારે પોતાનો સંકલ્પ પાછો ખેંચી લીધો.

શુક્રવાર, તા. ૧૦મી માર્ચ, ૧૯૮૯

૧. પ્રશ્નો પૂછવામાં આવ્યા અને તેના જવાબ આપવામાં આવ્યા.

૨. શ્રી બાબુભાઈ વાજસવાળાએ નિયમ-૧૧૬ અન્વયે ખેડા જિલ્લાના બોરસદ તાલુકાના કાવીઠા ગામે બંધ મકાનમાં થયેલ બોમ્બ ધડાકા અંગે" તાકીદની જાહેર અગત્યની બાબત પર ગૃહ મંત્રીશ્રીનું ધ્યાન દોર્યું.

રાજ્યકક્ષાના ગૃહ મંત્રીશ્રી, વજુભાઈ જાનીએ તેમનું લેખિત નિવેદન રજૂ કર્યું અને ઉપસ્થિત થયેલા પ્રશ્નોના જવાબ આપ્યા.

૩. નીચેના કાગળો તેની નીચે દર્શાવેલા મંત્રીશ્રીએ વિધાનસભાના મેજ ઉપર મૂક્યા—

ગુરૂવાર, તા. ૧૬-૨-૧૯૮૯ના રોજ મુલતવી રહેલો માનનીય સભ્ય શ્રી, પ્રેમસીંગભાઈ વસાવાનો તારાંકિત પ્રશ્ન ક્રમાંક ૬૮૯૪ (અગ્રતાક્રમ-૧૭) નર્મદા યોજનાની મુખ્ય નહેર બાબતનો, ગુરૂવાર, તા. ૨૩-૨-૧૯૮૯ના રોજ સભાગૃહમાં હાથ ધરવામાં આવ્યો હતો તેના પૂરક પ્રશ્નના જવાબમાં જણાવેલ વધારાની માહિતીની વિગતો—

નર્મદા વિકાસ મંત્રી, મહંત,
શ્રી વિજયદાસજી.

૪. અનુસૂચિત જાતિઓના કલ્યાણ માટેની સમિતિના પ્રમુખ શ્રી ભીમજીભાઈ હીરાણીએ સમિતિનો તેરમો અહેવાલ રજૂ કર્યો.

૫. માગણીઓ પર ચર્ચા અને મતદાન (છઠ્ઠો દિવસ) ચાલુ રહ્યું.

માહિતી, પ્રસારણ અને પ્રવાસન વિભાગને લગતી માગણી ક્રમાંક ૫૩ અને કાયદા વિભાગને લગતી માગણી ક્રમાંક ૫૮, ૫૯ અને ૬૦ કાયદો અને ન્યાયતંત્ર તેમજ પ્રવાસન મંત્રી, શ્રી બાબુભાઈ સોપારીવાળાએ રજૂ કરી.

ઉપરોકત માગણી ક્રમાંક ૫૩ ઉપરની કાપદરખાસ્ત ક્રમાંક ૧, ૨, ૩, ૪, ૫, ૬, ૭ અને ૮, માગણી ક્રમાંક. ૫૮ ઉપરની કાપદરખાસ્ત ક્રમાંક ૯, ૧૦ અને ૧૧ માગણી ક્રમાંક ૫૯ ઉપરની કાપદરખાસ્ત ક્રમાંક ૧૨, ૧૩, ૧૪, ૧૫, ૧૬ અને ૧૭ તથા માગણી ક્રમાંક ૬૦ ઉપરની કાપદરખાસ્ત ક્રમાંક ૧૮ અને ૧૯ સભ્યશ્રીઓએ રજૂ કરી.

ઉપર્યુકત માગણીઓ અને રજુ થયેલી કાપદરખાસ્તો ઉપર ભેગી ચર્ચા શરૂ થઈ, તેર સભ્યશ્રીઓએ ચર્ચામાં ભાગ લીધો—

જ્યારે શ્રી બાબુભાઈ વાસણવાળા પ્રવચન કરતા હતા ત્યારે તેમણે ન્યાયતંત્ર નિષ્પક્ષ નથી તેવું ઉચ્ચારણ કર્યું તેના સમર્થનમાં શ્રી સુરેશચંદ્ર રૂ. મહેતાએ જણાવ્યું કે સરકાર કોર્ટને સૂચના આપે છે એટલું જ નહીં પણ ગૃહના સભ્યો પણ પત્ર લખીને કોર્ટને સૂચના આપે છે, પૂછો શ્રી મુનિયાને ત્યારે શ્રી વીરજીભાઈ મુનિયાએ તેમની સામે આક્ષેપ કરતાં પહેલાં તે બાબતની જાણ કરવી જોઈએ તે કરી નથી તેવો વાંધો લીધો. અધ્યક્ષશ્રીએ શ્રી વીરજીભાઈ મુનિયાના મંતવ્ય સાથે સંમત થયા. વધુમાં સભ્યશ્રીઓએ આક્ષેપ કરતાં પહેલાં નિયમાનુસાર કાર્યવાહી કરવાની બધા કાળજી રાખે તેવી તેમણે તાકીદ કરી અને પોતે અધ્યક્ષસ્થાન સંભાળ્યા પહેલાં ગૃહમાં ઉપસ્થિત થયેલ અન્ય બાબત કાર્યવાહી તપાસીને નક્કી કરશે તેમ ઠરાવ્યું.

માગણીઓ પરની ચર્ચાનો જવાબ કાયદો, ન્યાય તંત્ર અને પ્રવાસન મંત્રી, શ્રી બાબુભાઈ સોપારીવાળાએ આપ્યો.

ત્યારબાદ ઉપર્યુકત માગણીઓ પર રજૂ થયેલી કાપદરખાસ્ત ક્રમાંક ૧ થી ૧૯ એકી સાથે સભાગૃહની અનુમતિથી, પાછી ખેંચી લેવામાં આવી.

ત્યારબાદ માગણી ક્રમાંક ૫૩, ૫૮, ૫૯ અને ૬૦ મત ઉપર મૂકવામાં આવી અને તેનો સ્વીકાર કરવામાં આવ્યો.

૬. શ્રી દનશા પટેલે અધ્યક્ષશ્રીની પૂર્વ મંજૂરીથી "સોમવારથી દશમા ધોરણની પરીક્ષા શરૂ થવાની છે અને શિક્ષકોએ પરીક્ષા કાર્યનો બહિષ્કાર જાહેર કરેલો છે તેવા સંજોગોમાં પરિસ્થિતિને પહોંચી વળવા શું વૈકલ્પિક વ્યવસ્થા કરી છે તે અંગે" નો મુદ્દો ઉપસ્થિત કરી શિક્ષણ મંત્રીશ્રીનું ધ્યાન દોર્યું.

શિક્ષણ મંત્રી, શ્રી અરવિંદ સંઘવીએ ખુલાસાત્મક મૌખિક સ્પષ્ટતા કરી.

સોમવાર, તા. ૧૩ મી માર્ચ, ૧૯૮૯

૧. પ્રશ્નો પૂછવામાં આવ્યા અને તેના જવાબ આપવામાં આવ્યા.

૨. (૧) શ્રી ભરત ગઢવીએ અધ્યક્ષશ્રીની પૂર્વ મંજૂરીથી "અમદાવાદના સરદાર પટેલ સ્ટેડીયમ અંગે ભૂતપૂર્વ ક્રિકેટર શ્રી જશુ પટેલના ઉપવાસ અંગે" નો મુદ્દો ઉપસ્થત કરી શિક્ષણ મંત્રીશ્રીનું ધ્યાન દોર્યું.

શિક્ષણ મંત્રી, શ્રી અરવિંદ સંઘવીએ ખુલાસાત્મક મૌખિક સ્પષ્ટતા કરી.

(૨) શ્રી કરમશીભાઈ મકવાણાએ અધ્યક્ષશ્રીની પૂર્વમંજૂરીથી "માધ્યમિક શિક્ષણ સંઘના હડતાળ ઉપર ઉતરેલા શિક્ષકો સાથે થયેલા સમાધાન અંગે" નો મુદ્દો ઉપસ્થિત કરી શિક્ષક મંત્રીશ્રીનું ધ્યાન દોર્યું —

શિક્ષણ મંત્રી, શ્રી અરવિંદ સંઘવીએ ખુલાસાત્મક મૌખિક સ્પષ્ટતા કરી.

૩. શ્રી પ્રકાશચંદ્ર બ્રહ્મભટ્ટે નિયમ-૧૧૬ અન્વયે "વડોદરા જિલ્લાના રંગપુર પોલીસ મથકના દહેવાર ગામે પોલીસે કરેલ ગોળીબાર અંગે" તાકીદની જાહેર અગત્યની બાબત પર ગૃહ મંત્રીશ્રીનું ધ્યાન દોર્યું.

રાજ્યકક્ષાના ગૃહ મંત્રી, શ્રી વજુભાઈ જાનીએ તેમનું લેખિત નિવેદન રજૂ કર્યું અને ઉપસ્થિત થયેલા પ્રશ્નોના જવાબ આપ્યા.

૪. (૧) તા. ૧૦ મી ફેબ્રુઆરી, ૧૯૮૯ ના રોજ ગૃહમાં રજૂ થયેલા શ્રી લીલાધરભાઈ વાઘેલાના તારાંકિત પ્રશ્ન ક્રમાંક ૨૫૧૯૨ (અગ્રતાક્રમ-૩૨) ના જવાબમાં સુધારો કરતું નિવેદન નાણા મંત્રી, શ્રી અરવિંદ સંઘવીએ રજૂ કર્યું.

(૨) તા. ૧૦મી ફેબ્રુઆરી, ૧૯૮૯ના રોજ ગૃહમાં રજૂ થયેલા શ્રીમતી મહાશ્વેતાબેન ચૌહાણના તારાંકિત પ્રશ્ન ક્રમાંક ૨૫૮૯૦ (અગ્રતા ક્રમ-૨૬) ના જવાબમાં સુધારો કરતું નિવેદન નાણા મંત્રી, શ્રી અરવિંદ સંઘવીએ રજૂ કર્યું.

૫. નીચેના કાગળો તેની નીચે દર્શાવેલ મંત્રીશ્રીએ વિધાનસભાના મેજ ઉપર મૂક્યા—

(૧) ગુજરાત સરકારના સન ૧૯૮૬—૮૭ ના વર્ષના નાણાકીય હિસાબો, વિનિયોગ, હિસાબો અને ભારતના કોમ્પ્ટોલર અને ઓડિટર જનરલનો સન ૧૯૮૬—૮૭ ના વર્ષનો ઓડિટ રીપોર્ટ (મુલ્કી) (મહેસૂલી આવક) અને (વાણિજ્યિક)

નાણાં મંત્રી, શ્રી અરવિંદ સંઘવી

૬. કોમનવેલ્થ ડે પ્રસંગે નિવેદન

અધ્યક્ષશ્રીએ કોમનવેલ્થ ડે સંબંધી નિવેદન કર્યું.

૭. માંગણીઓ પર ચર્ચા અને મતદાન (સાતમા દિવસે ચાલુ રહ્યું)

કૃષિ અને ગ્રામ વિકાસ વિભાગને લગતી માંગણી ક્રમાંક: ૧, ૩ અને ૪ તથા સમાજ કલ્યાણ વિભાગને લગતી માંગણી ક્રમાંક: ૮૭, ૮૯, ૯૦ અને ૯૧ કૃષિ, ગ્રામ વિકાસ અને સમાજ કલ્યાણ મંત્રી, શ્રી દોલતભાઈ પરમારે રજૂ કરી.

ઉપરોકત માંગણી ક્રમાંક ૧ ઉપરની કાપદરખાસ્ત ક્રમાંક ૧ અને ૨ માંગણી ક્રમાંક ૩ ઉપરની કાપદરખાસ્ત ૩, ૪, ૫, ૬ અને ૭ માંગણી ક્રમાંક ૪ ઉપરની કાપદરખાસ્ત ૮, ૯, ૧૦, ૧૧, ૧૨, ૧૩, ૧૪ અને ૧૫ માંગણી ક્રમાંક ૮૭ ઉપરની કાપદરખાસ્ત ક્રમાંક: ૧૬, ૧૭, ૧૮ અને ૧૯ માંગણી ક્રમાંક ૮૯ ઉપરની કાપદખાસ્ત ક્રમાંક: ૨૦, ૨૧, ૨૨, ૨૩, ૨૫, ૨૬, ૨૭, ૨૮ અને ૨૯ તથા માંગણી ક્રમાંક ૯૧ ઉપરની કાપદરખાસ્ત ક્રમાંક ૩૦, ૩૧, ૩૨, ૩૩, ૩૪ અને ૩૫ સભ્યશ્રીઓએ રજૂ કરી.

ઉપરોકત માંગણીઓ અને રજૂ થયેલી કાપદરખાસ્તો પર ભેગી ચર્ચા શરૂ થઈ. અઢાર - સભ્યશ્રીઓએ ચર્ચામાં ભાગ લીધો—

આ તબકકે શ્રી દિલીપભાઈ સંઘાણીએ મંત્રીશ્રીને જવાબમાં વધુ જણાવવું ન હોય તો કાપદરખાસ્તો પાછી ખેંચી લેવાની તૈયારી બતાવતા કૃષિ મંત્રી, શ્રી દોલતભાઈ પરમારે જણાવ્યું કે જો કાપદરખાસ્તો પાછી ખેંચી લેવામાં આવતી હોય તો તેઓને જવાબ આપવાની જરૂર જણાતી નથી.

ત્યારબાદ માગણીઓ ઉપરની રજૂ થયેલી કાપદરખાસ્ત ક્રમાંક: ૧ થી ૨૩ અને ૨૫ થી ૩૫ સભાગૃહની અનુમતિથી પાછી ખેંચી લેવામાં આવી.

ત્યારબાદ માગણી ક્રમાંક: ૧, ૩, ૪, ૮૭, ૯૦ અને ૯૧ મત ઉપર મૂકવામાં આવી અને તેનો સ્વીકાર કરવામાં આવ્યો.

મંગળવાર, તા. ૧૪મી માર્ચ, ૧૯૮૯

પહેલી બેઠક :

૧. શ્રી પરબતભાઈ પટેલે નિયમ-૧૧૬ અન્વયે "બનાસકાંઠા જિલ્લામાં વાવ-થરાદ તાલુકાના ખેડૂતોના ઉભા પાકને ઓ. એન. જી. સી. દ્વારા સરવે દરમિયાન થયેલ નુકશાન અંગે" તાકીદની જાહેર અગત્યની બાબત પર કૃષિ મંત્રીશ્રીનું ધ્યાન દોર્યું—

રાજ્ય કક્ષાના કૃષિ મંત્રી, શ્રી કરસનજી ઠાકોરે તેમનું લેખિત નિવેદન રજૂ કર્યું અને ઉપસ્થિત થયેલા પ્રશ્નોના જવાબ આપ્યા.

૨. માગણીઓ પર ચર્ચા અને મતદાન આઠમા દિવસે ચાલુ રહ્યું.

પંચાયત અને ગ્રામ ગૃહનિર્માણ વિભાગને લગતી માગણી ક્રમાંક : ૬૬, મહેસૂલ વિભાગને લગતી માગણી ક્રમાંક : ૭૪, ૭૬, ૭૭, ૭૮, ૭૯ તથા શહેરી વિકાસ અને શહેરી ગૃહ નિર્માણ વિભાગને લગતી માંગણી ક્રમાંક : ૯૭ મહેસૂલ અને ગૃહનિર્માણ મંત્રી, શ્રી અમરસિંહજી વાઘેલા એ રજૂ કરી.

ઉપરોકત માંગણી ક્રમાંક ૬૬ ઉપરની કાપદરખાસ્ત ક્રમાંક : ૧, ૨, ૩, ૪, ૫, ૭ અને ૮; માંગણી ક્રમાંક : ૭૪ ઉપરની કાપદરખાસ્ત : ૯ ૧૦, ૧૧, ૧૨ અને ૧૩ : માંગણી ક્રમાંક ૭૬ ઉપરની કાપદરખાસ્ત ક્રમાંક : ૧૪, ૧૭, ૧૮ અને ૧૯ : માંગણી ક્રમાંક ૭૭ ઉપરની કાપદરખાસ્ત ક્રમાંક : ૨૦, ૨૩ અને ૨૪ : માંગણી ક્રમાંક ૭૮ ઉપરની કાપદરખાસ્ત ક્રમાંક : ૨૫ : માંગણી ક્રમાંક ૭૯ ઉપરની કાપદરખાસ્ત ક્રમાંક : ૨૬ તથા માંગણી ક્રમાંક : ૯૭ ઉપરની કાપદરખાસ્ત ક્રમાંક : ૨૭, ૨૮, ૨૯, ૩૦, ૩૧, ૩૨, ૩૩ અને ૩૪ સભ્યશ્રીઓએ રજૂ કરી.

ઉપરોકત માંગણીઓ અને રજૂ થયેલી કાપદરખાસ્તો પર ભેગી ચર્ચા શરૂ થઈ, અઢાર સભ્યશ્રીઓએ ચર્ચામાં ભાગ લીધો.

ચર્ચાનો જવાબ મહેસૂલ મંત્રી, શ્રી અમરસિંહજી વાઘેલાએ આપ્યો.

ત્યારબાદ પ્રથમ ઉપર્યુકત માંગણીઓ ઉપરની રજૂ થયેલી કાપદરખાસ્ત ક્રમાંક ૧ થી ૫, ૭ થી ૧૪, ૧૭ થી ૨૦ અને ૨૩ થી ૩૪ મત ઉપર મૂકવામાં આવી અને તેનો અસ્વીકાર કરવામાં આવ્યો.

ત્યારબાદ માંગણી ક્રમાંક ૬૬, ૭૪, ૭૬, ૭૭, ૭૮, ૭૯ અને ૯૭ મત ઉપર મૂકવામાં આવી અને તેનો સ્વીકાર કરવામાં આવ્યો.

અધ્યક્ષશ્રીની જાહેરાત :

૩. અધ્યક્ષશ્રીએ માધ્યમિક શિક્ષણ બોર્ડ ઉપર નામનિર્દેશનપત્રો સ્વીકારવાની તારીખ— લંબાવવા અંગેની જાહેરાત કરી.

બીજી બેઠક :

૧. પ્રશ્નો પૂછવામાં આવ્યા તને તેના જવાબ આપવામાં આવ્યાં.

૨. શ્રી છગનભાઈ સોજીત્રાએ નિયમ ૧૧૬ અન્વયે "રાજકોટ શહેરમાં ડેન્ગ્યુ ફીવર નામે ઓળખાતા તાવના ફાટી નીકળેલા ઉપદ્રવ અંગે" તાકીદની જાહેર અગત્યની બાબત પર આરોગ્ય મંત્રીશ્રીનું ધ્યાન દોર્યું.

રાજ્યકક્ષાના આરોગ્ય મંત્રી, શ્રીમતી શાન્તાબેન મકવાણાએ તેમનું લેખિત નિવેદન રજૂ કર્યું અને ઉપસ્થિત થયેલા પ્રશ્નોના જવાબ આપ્યાં.

૩. નીચેના કાગળો તેની નીચે દર્શાવેલ મંત્રીશ્રીએ વિધાનસભાના મેજ ઉપર મૂકયા—

"ગુજરાત મત્સ્યોદ્યોગ વિકાસ નિગમ લિમિટેડનો સન ૧૯૮૭—૮૮નો વાર્ષિક અહેવાલ.

રાજ્યકક્ષાના મત્સ્યોદ્યોગ મંત્રી, પ્રો. હસમુખ પટેલ

૪. માંગણીઓ પર ચર્ચા અને મતદાન (નવમા દિવસે ચાલુ રહ્યું.)

શિક્ષણ વિભાગને લગતી માંગણી ક્રમાંક : ૯, ૧૦ અને ૧૧ તથા નાણા વિભાગને લગતી માંગણી ક્રમાંક : ૧૨, ૧૪ અને ૧૫ નાણા અને શિક્ષણ મંત્રી, શ્રી અરવિંદ સંઘવીએ રજૂ કરી.

ઉપરોકત માંગણી ક્રમાંક ૯ ઉપરની કાપદરખાસ્ત ક્રમાંક : ૧ અને ૨ માગણી ક્રમાંક : ૧૦ ઉપરની કાપદરખાસ્ત ક્રમાંક : ૩, ૫, ૬, ૭, ૮, ૯, ૧૦, ૧૧, ૧૨, ૧૩, ૧૪, ૧૫ અને ૧૬ માંગણી ક્રમાંક : ૧૧ ઉપરની કાપદરખાસ્ત ક્રમાંક : ૧૭ માંગણી ક્રમાંક ૧૨ ઉપરની કાપદરખાસ્ત ક્રમાંક ૧૮, ૧૯, ૨૦, અને ૨૧ માંગણી ક્રમાંક ૧૪ ઉપરની કાપદરખાસ્ત ક્રમાંક ૨૨ અને ૨૩ તથા માંગણી ક્રમાંક : ૧૫ ઉપરની કાપદરખાસ્ત ક્રમાંક ૨૪ અને ૨૫ સભ્યશ્રીઓએ રજૂ કરી.

ઉપરોકત માંગણીઓ અને રજૂ થયેલી કાપદરખાસ્તો પર ભેગી ચર્ચા શરૂ થઈ, તેમાં સભ્યશ્રીઓએ ચર્ચામાં ભાગ લીધો. ચર્ચાનો જવાબ નાણા અને શિક્ષણ મંત્રી, શ્રી અરવિંદ સંઘવીએ આપ્યો.

પ્રથમ ઉપર્યુકત માગણીઓ પર રજૂ થયેલી કાપદરખાસ્ત ક્રમાંક : ૧ થી ૩ અને ૫ થી ૨૫ મત ઉપર મૂકવામાં આવી અને તેનો અસ્વીકાર કરવામાં આવ્યો.

ત્યારબાદ માંગણી ક્રમાંક : ૯, ૧૦, ૧૧, ૧૨, ૧૪ અને ૧૫ મત ઉપર મૂકવામાં આવી અને તેનો સ્વીકાર કરવામાં આવ્યો.

બુધવાર, તા. ૧૫મી માર્ચ, ૧૯૮૯

૧. પ્રશ્નો પૂછવામાં આવ્યાં અને તેના જવાબ આપવામાં આવ્યાં.

૨. પ્રશ્નોત્તરી દરમિયાન પ્રશ્ન અગ્રતાક્રમ—૭ ઉપરની ચર્ચા ચાલતી હતી તે દરમિયાન પ્રેક્ષક દીર્ઘામાંથી દશ પ્રેક્ષકોએ સુત્રોચાર કરતાં, સલામતી દળના સભ્યોએ તેમની ધડપકડ કરી અને તેમને અધ્યક્ષશ્રીની સૂચનાથી દીર્ઘામાંથી દૂર કર્યા.

સંસદીય બાબતોના મંત્રી, શ્રી નલિન પટેલે પ્રસ્તાવ રજૂ કર્યા કે—

"આ વ્યકિતઓએ ગૃહની નજર સમક્ષ ગેરવર્તાવ કર્યા છે, અને સભાગૃહનું અપમાન કર્યું, તેથી તેમને સાત દિવસની જેલની સજા કરવામાં આવે."

ઉપર્યુકત પ્રસ્તાવ ઉપર પ્રથમ શ્રી સુરેશચંદ્ર રુ. મહેતા એ સુધારો રજૂ કર્યા કે—

"દેખાવ અને સુત્રોચાર કરનારાઓને સાત દિવસને બદલે એક દિવસની સજા કરવી."

ત્યારબાદ વિરોધપક્ષના નેતા, શ્રી ચીમનભાંઈ પટેલે

"સાત દિવસ" ને બદલે "બે દિવસની સજા કરવા" સુધારો સૂચવ્યો. આ સુધારા સાથે બંદર અને મત્સ્યોદ્યોગ મંત્રી, શ્રી હસમુખ પટેલ અને મુખ્ય મંત્રીશ્રી સંમત થયા.

ચર્ચાને અંતે પ્રથમ શ્રી સુરેશચંદ્ર રુ. મહેતાનો સુધારો મત ઉપર મૂકવામાં આવ્યો અને તેનો અસ્વીકાર કરવામાં આવ્યો.

ત્યારબાદ શ્રી ચીમનભાઈ પટેલનો સુધારો મત ઉપર મૂકવામાં આવ્યો અને તેનો સ્વીકાર કરવામાં આવ્યો.

ત્યારબાદ ગૃહનું અપમાન કરનારને બે દિવસની સજા કરવાનો સુધારેલો પ્રસ્તાવ મત ઉપર મૂકવામાં આવ્યો અને તેનો સ્વીકાર કરવામાં આવ્યો.

પ્રસ્તાવનો સ્વીકાર બાદ સભાગૃહમાં હાજર રહેલા ભારતીય જનતા પક્ષના સભ્યો ગૃહ છોડી ગયા.

૩. રાજ્યકક્ષાના આરોગ્ય મંત્રી, શ્રીમતી શાન્તાબેન મકવાણાએ તા. ૧૨મી ઓગસ્ટ, ૧૯૮૭ના રોજ ગૃહમાં રજૂ થયેલી દશમી અતારાંકિત યાદીમાં સભ્ય શ્રી અશોક ભટ્ટના અતારાંકિત પ્રશ્ન ક્રમાંક ૬૮૯૭ના જવાબમાં સુધારો કરતું નિવેદન રજૂ કર્યું.

૪. રાજ્યકક્ષાના કૃષિ મંત્રી, શ્રી કરશનજી ઠાકોરે તા. ૨૮મી ફેબ્રુઆરી, ૧૯૮૯ના રોજ ગૃહમાં રજૂ થયેલ શ્રી પ્રબોધકાંત પંડયાના તારાંકિત પ્રશ્ન ક્રમાંક : ૨૮૫૪૦ (અગ્રતાક્રમ—૪)ના પૂરક પ્રશ્નના જવાબમાં જણાવેલ જિલ્લાવાર બિયારણ વૃદ્ધિ કેન્દ્રોના નફા અને, ખોટની વિગત દર્શાવતું પત્રક રજૂ કર્યું.

વિધાનસભાની સમિતિઓના અહેવાલની રજૂઆત

૫. (૧) જાહેર હિસાબ સમિતિના સભ્ય શ્રી, મનુભાઈ કોટડિયાએ સમિતિનો તેરમો અહેવાલ રજૂ કર્યો.

(૨) બિન સરકારી સભ્યોના કામકાજ માટેની સમિતિના પ્રમુખ, શ્રીમતી મહાશ્વેતા બહેન ચૌહાણે સમિતિનો તેતાળીસમો અહેવાલ રજૂ કર્યા.

૬. બિન સરકારી સભ્યોના કામકાજ માટેની સમિતિના પ્રમુખ શ્રીમતી મહાશ્વેતાબહેન ચૌહાણે "આ સભાગૃહ, બિનસરકારી સભ્યોના કાયકાજ માટેની સમિતિના તેતાળીસમા અહેવાલ સાથે સંમત થાય." એવો પ્રસ્તાવ રજૂ કર્યો. જેનો સ્વીકાર કરવામાં આવ્યો.

૮. માંગણીઓ પર ચર્ચા અને મતદાન (દશમા દિવસે ચાલુ રહ્યું)

અન્ન અને નાગરિક પુરવઠા વિભાગને લગતી માગણી ક્રમાંક : ૧૮, ૧૯, ૨૦ અને ૨૧ તથા બંદરો, વાહન વ્યવહાર અને મત્સ્યોદ્યોગ વિભાગને લગતી માગણી ક્રમાંક : ૭૧ અન્ન અને નાગરિક પૂરવઠો તથા વાહન વ્યવહાર મંત્રી, શ્રી મગનભાઈ સોલંકીએ રજૂ કરી

ઉપરોકત માગણી ક્રમાંક : ૧૮ ઉપરની કાપદરખાસ્ત ક્રમાંક : ૧ અને ૨, માગણી ક્રમાંક ૧૯ ઉપરની કાપદરખાસ્ત ક્રમાંક : ૪ અને ૬, માગણી ક્રમાંક : ૨૦ ઉપરની કાપદરખાસ્ત ક્રમાંક : ૮ અને ૯, માગણી ક્રમાંક : ૨૧ ઉપરની કાપદરખાસ્ત ક્રમાંક : ૧૧, તથા માગણી ક્રમાંક ૭૧ ઉપરની કાપદરખાસ્ત ક્રમાંક : ૧૨, ૧૩, ૧૭ અને ૧૮ સભ્યશ્રીઓએ રજૂ કરી

ઉપરોકત માગણીઓ અને રજૂ થયેલી કાપદરખાસ્તો પર ભેગી ચર્ચા શરૂ થઈ, પાંચ સભ્યોશ્રીઓએ ચર્ચામાં ભાગ લીધો—

ચર્ચાનો જવાબ અન્ન અને નાગરિક પૂરવઠા મંત્રી, શ્રી મગનભાઈ સોલંકીએ આપ્યાં.

પ્રથમ ઉપર્યુકત માગણીઓ પર રજૂ થયેલી કાપદરખાસ્ત ક્રમાંક : ૧, ૨, ૪, ૬, ૮, ૯ ૧૧, ૧૨ ૧૩, ૧૭ અને ૧૮ સભાગૃહની અનુમતિથી પાછી ખેંચી લેવામાં આવી.

ત્યાર બાદ માગણી ક્રમાંક . ૧૮, ૧૯, ૨૦, ૨૧ અને ૭૧ મત ઉપર મૂકવામાં આવી. અને તેનો સ્વીકાર કરવામાં આવ્યો.

ગુરૂવાર, તા. ૧૬ મી માર્ચ, ૧૯૮૯

૧: પ્રશ્નો પૂછવામાં આવ્યા અને તેના જવાબ આપવામાં આવ્યા.

૨. શ્રી સુરેશચંદ્ર રૂ. મહેતાએ તુષાર ચૌધરીને ગ્રેસ માર્ક આપવાના પ્રકરણમાં જસ્ટીસ શ્રી શાહના તપાસ પંચનો અહેવાલ સભાગૃહમાં રજૂ થાય તે પહેલાં અખબારોમાં પ્રસિધ્ધ થવા અંગેનો ઔચિત્ય ભંગની મુદ્દો ઉપસ્થિત કર્યા.

શિક્ષણ મંત્રી, શ્રી અરવિંદ સંઘવીએ ખુલાસો કર્યો કે જે વિગતો અખબારોમાં પ્રસિધ્ધ થઈ છે તે વિગતો તપાસ પંચના અહેવાલમાં નથી.

આથી ઔચિત્ય ભંગનો મુદ્દો નામંજૂર થયો.

/: શ્રી દેવાણંદભાઈ સોલંકી એ નિયમ-૧૧૬ અન્વયે "જૂનાગઢ જિલ્લાના માળીયા તાલુકાના કાળીમળા ગામે ખેડૂત ઉપર સિંહણે કરેલા હુમલા અંગે" તાકીદની જાહેર અગત્યની બાબત પર વન મંત્રીશ્રીનું ધ્યાન દોર્યું.

રાજ્યકક્ષાના વન મંત્રીશ્રી શ્રી લલિતકુમાર પટેલે તેમનું લેખિત નિવેદન રજૂ કર્યું અને ઉપસ્થિ થયેલા પ્રશ્નોના જવાબ આપ્યાં.

૪: ગ્રાહક સુરક્ષા અધિનિયમ, ૧૦૮૬ હેઠળ સ્ટેટ કમિશન અને ડિસ્ટિકટ ફોરમની રચના અંગે અન્ન અને નાગરિક પુરવઠા મંત્રી, શ્રી મગનભાઈ સોલંકીએ નિવેદન કર્યું.

૫. નીચેના કાગળો તેની નીચે દર્શાવેલા મંત્રીશ્રીએ વિધાનસભાના મેજ ઉપર મૂકયા—

"ગુજરાત રાજ્ય બાંધકામ નિગમ લિમિટેડનો સન ૧૯૮૪-૮૫નો વાર્ષિક અહેવાલ.

માર્ગ અને મકાન મંત્રી, શ્રી નલિન પટેલ

૬: અધ્યક્ષશ્રી ને નિયમો માટેની સમિતિનો ચોથો અહેવાલ રજૂ કર્યો.

૭: શ્રી સુરેશચંદ્ર રૂ. મહેતા ને નિયમો માટેની સમિતિના ત્રીજા અહેવાલની ભલામણો ઉપર પોતાનો સુધારો રજૂ કર્યો અને પોતાનું મંતવ્ય રજૂ કર્યું.

એક સભ્યશ્રી અને બે મંત્રીશ્રી એ ચર્ચામાં ભાગ લીધો.
ચર્ચાનો જવાબ શ્રી સુરેશચંદ્ર રૂ. મહેતાએ આપ્યો.

ત્યારબાદ સુધારો મત ઉપર મૂકવામાં આવ્યો અને તેનો અસ્વીકાર કરવામાં આવ્યો.

૮. માગણીઓ પર ચર્ચા અને મતદાન (અગિયારમા દિવસે ચાલુ રહ્યું)

માર્ગ અને મકાન વિભાગને લગતી માગણી ક્રમાંક : ૮૧, ૮૨, ૮૩, ૮૪ અને ૮૫ માર્ગ અને મકાન મંત્રી, શ્રી નટવર પટેલે રજૂ કરી.

ઉપરોકત માગણી ક્રમાંક : ૮૧ ઉપરની કાપ દરખાસ્ત ક્રમાંક : ૧ માગણી ક્રમાંક ૮૨ ઉપરની કાપ દરખાસ્ત ક્રમાંક : ૨, ૩, ૪ અને ૫, માગણી ક્રમાંક ૮૩ ઉપરની કાપ દરખ ક્રમાંક : ૬, ૭ અને ૯ માગણી ક્રમાંક ૮૪ ઉપરની કાપ દરખાસ્ત ક્રમાંક : ૧૧, ૧૨, ૧૩, ૧૪, ૧૫, ૧૬, ૧૭, ૧૮ અને ૧૯, તથા માગણી ક્રમાંક ૮૫ ઉપરની કાપ દરખાસ્ત ક્રમાંક : ૨૦, ૨૧, ૨૨, અને ૨૩ સભ્યોશ્રીઓએ રજૂ કરી.

ઉપર્યુકત માગણીઓ અને તેની ઉપર રજૂ થયેલી કાપ દરખાસ્તો પર ભેગી ચર્ચા શરૂ થઈ, સોળ સભ્યોશ્રીઓએ ચર્ચામાં ભાગ લીધો.

શુક્રવાર, તા. ૧૭મી માર્ચ, ૧૯૮૯

૧: પ્રશ્નો પૂછવામાં આવ્યા અને તેના જવાબ આપવામાં આવ્યા.

૨. શ્રી બોઘાભાઈ નકુમે અધ્યક્ષશ્રીની પૂર્વમંજૂરીથી "અમરેલી જિલ્લાના બાબરકોટ વિસ્તારમાં પોલીસે કરેલા ગોળીબાર અંગે"નો મુદ્દો ઉપસ્થિત કરી ગૃહ મંત્રીશ્રીનું ધ્યાન દોર્યું.

રાજયકક્ષાના ગૃહ મંત્રી, શ્રી વજુભાઈ જાની એ ખુલાસાત્મક મૌખિક સ્પષ્ટતા કરી.

૩. શ્રીમતી ચંદ્રિકાબહેન ચુડાસમાએ નિયમ-૧૧૬ અન્વયે "જૂનાગઢ જિલ્લાના ઘેડ વિસ્તારમાં રોગના ઉપદ્રવથી પાક નિષ્ફળ જવા અંગે" તાકીદની જાહેર અગત્યની બાબત પર મહેસૂલ મંત્રીશ્રીનું ધ્યાન દોર્યું.

મહેસૂલ મંત્રી, શ્રી અમરસિંહજી વાઘેલાએ તેમનું લેખિત નિવેદન રજૂ કર્યું અને ઉપસ્થિત થયેલા પ્રશ્નોના જવાબ આપ્યા.

૪. ગુજરાત વિદ્યુત બોર્ડના ચેરમેનશ્રીએ રાજકોટમાં કુટિર જ્યોતિ ગ્રામ વીજળીકરણ યોજના અંગે કરેલી નીતિવિષયક જાહેરાત અંગે શ્રી અશોક ભટ્ટે ઔચિત્ય ભંગનો મુદ્દો ઉપસ્થિત કર્યો.

ઉર્જા મંત્રી, શ્રી હરિસિંહ મહિડાએ મૌખિક સ્પષ્ટતા કરતાં શ્રી અશોક ભટ્ટે તેમનો મુદ્દો પાછો ખેંચી લીધો.

૫. નીચેના કાગળો તેની નીચે દર્શાવેલ મંત્રીશ્રીએ વિધાનસભાના મેજ ઉપર મૂકયા—

(૧) ગુજરાત ઔદ્યોગિક વિકાસ નિગમની બે અધિસૂચનાઓ

રાજ્યકક્ષાના ઉદ્યોગ મંત્રી, શ્રી ભીખાભાઈ રબારી

(૨) તા. ૨જી માર્ચ, ૧૯૮૯ના રોજ ગૃહમાં રજૂ થયેલ તારાંકિત પ્રશ્ન ક્રમાંક : ૨૮૬૦૫ : અગ્રતાક્રમ-૭) ના પૂરક પ્રશ્નની વિગતો દર્શાવતું પત્રક.

રાજ્યકક્ષાના ઉદ્યોગ મંત્રી, શ્રી ભીખાભાઈ રબારી

૬. સચિવશ્રીએ વિધાનસભાના ચાલુ સત્રમાં વિધાનસભાએ પસાર કરેલાં અને જેને રાષ્ટ્રપતિની અનુમતિ મળી છે તેવું સન ૧૯૮૯નું વિધેયક ક્રમાંક-૪ તથા જેને રાજ્યપાલશ્રીની અનુમતિ મળી છે તેવાં સન ૧૯૮૯ના વિધેયક ક્રમાંક: ૧, ૨, ૫, ૬, ૭, ૮, ૯, ૧૧ અને ૧૭ વિધાનસભાના મેજ ઉપર મૂકયાં.

૭. માગણીઓ પર ચર્ચા અને મતદાન બારમા દિવસે ચાલુ રહ્યું.

સહકાર વિભાગને લગતી માગણી ક્રમાંક: ૬, ૭ અને ૮, શ્રમ અને રોજગાર વિભાગને લગતી માગણી ક્રમાંક : ૫૧ અને ૫૬ તથા શહેરી વિકાસ અને શહેરી ગૃહનિર્માણ વિભાગને લગતી માંગણી ક્રમાંક : ૯૮, શહેરી વિકાસ, શ્રમ અને સહકાર મંત્રી, શ્રી મનુભાઈ પરમારે રજૂ કરી.

ઉપરોકત માગણી ક્રમાંક : ૬ ઉપરની કાપ દરખાસ્ત ક્રમાંક : ૧, ૨ અને ૩, માગણી ક્રમાંક : ૭ ઉપરની કાપ દરખાસ્ત ક્રમાંક : ૪, ૫, ૬, ૭, ૮, ૯, ૧૦, ૧૧ અને ૧૨ માગણી ક્રમાંક : ૫૫ ઉપરની કાપ દરખાસ્ત ક્રમાંક : ૧૩, માગણી ક્રમાંક : ૫૬ ઉપરની કાપ દરખાસ્ત ક્રમાંક : ૧૪, ૧૫, ૧૬, ૧૭, ૧૮, ૧૯ અને ૨૦ તથા માગણી ક્રમાંક : ૯૮ ઉપરની કાપ દરખાસ્ત ક્રમાંક : ૨૧, ૨૨, ૨૩, ૨૪, ૨૫ અને ૨૬ સભ્યશ્રીઓએ રજૂ કરી.

ઉપર્યુકત માગણીઓ અને તેના ઉપર રજૂ થયેલી કાપ દરખાસ્તો પર ભેગી ચર્ચા શરૂ થઈ, નવ સભ્યશ્રીઓએ ચર્ચામાં ભાગ લીધો.

ચર્ચાનો જવાબ શહેરી વિકાસ, શ્રમ અને સહકાર મંત્રી, શ્રી મનુભાઈ પરમારે આપ્યો.

પ્રથમ ઉપર્યુકત માગણીઓ ઉપરની રજૂ થયેલી કાપ દરખાસ્ત ક્રમાંક ૧ થી ૨૬ સભા-ગૃહની અનુમતિથી પાછી ખેંચી લેવામાં આવી.

ત્યારબાદ માગણી ક્રમાંક : ૬, ૭, ૮, ૫૫, ૫૬ અને ૯૮ મત ઉપર મૂકવામાં આવી અને તેનો સ્વીકાર કરવામાં આવ્યો.

સોમવાર, તા. ૨૦મી માર્ચ, ૧૯૮૯

૧. પ્રશ્નો પૂછવામાં આવ્યા અને તેના જવાબ આપવામાં આવ્યા.

૨. શ્રી મોહનભાઈ તળાવિયાએ નિયમ ૧૧૬ અન્વયે "વલસાડ જિલ્લાના ઉમરગામ-ચીખલી વગેરે ગામો પર ત્રાટકેલા ચડ્ડી બનિયન-ધારી ધાડપાડુઓ અંગે" તાકીદની જાહેર અગત્યની બાબત પર ગૃહ મંત્રીશ્રીનું ધ્યાન દોર્યું.

રાજ્ય કક્ષાના ગૃહ મંત્રી, શ્રી વજુભાઈ જાનીએ તેમનું લેખિત નિવેદન રજૂ કર્યું અને ઉપસ્થિત થયેલા પ્રશ્નોના જવાબ આપ્યા.

/. મેહરોત્રા કમિશનની ભલામણ મુજબના સુધારેલા પગાર ધોરણ કૃષિ યુનિવર્સિટીના શિક્ષકોને લાગુ પાડવા અંગે કૃષિ મંત્રી, શ્રી દોલતભાઈ પરમારે નિયમ-૪૪ હેઠળનું નિવેદન કર્યું.

૪. નીચેના કાગળો તેની નીચે દર્શાવેલ મંત્રીશ્રીઓએ વિધાનસભાના મેજ ઉપર મૂક્યા—

(૧) ગુજરાત રાજ્ય માર્ગ વાહનવ્યવહાર નિગમનો સન ૧૯૮૭-૮૮નો વાર્ષિક વહીવટી અહેવાલ

વાહન વ્યવહાર મંત્રી, શ્રી મગનભાઈ

(૨) ગુજરાત રાજ્ય નાગરિક પુરવઠા નિગમ લિમિટેડનો સન ૧૯૮૩-૮૪નો વાર્ષિક અહેવાલ

અન્ન અને નાગરિક પુરવઠા મંત્રી, શ્રી મગનભાઈ સોલંકી

(/) ગુજરાત ગ્રામોદ્યોગ બજાર નિગમ લિમિટેડનો સન ૧૯૮૩-૮૪નો વાર્ષિક અહેવાલ.

રાજ્યકક્ષાના કુટિર ઉદ્યોગ મંત્રી, શ્રી ભીખાભાઈ રબારી

(૪) તા. ૩જી માર્ચ, ૧૯૮૯ના રોજ ગૃહમાં રજૂ થયેલ તારાંકિત પ્રશ્ન ક્રમાંક ૨૮૬૮૦ અગ્રતાક્રમ-૧૫ના પૂરક પ્રશ્નના જવાબની વિગતો દર્શાવતી માહિતી.

નાણા મંત્રી, શ્રી અરવિંદ સંઘવી

૫. વિધાનસભાના નિયમોના નિયમ ૩૬(૧) અન્વયે સભાગૃહની તા. ૧૪-૨-૧૯૮૯ના રોજની કાર્યવાહીમાં શ્રી અશોક ભટ્ટે કરેલા આક્ષેપો અંગેના શબ્દો કાર્યવાહીમાંથી દૂર કર્યા અંગેની અધ્યક્ષશ્રીએ જાહેરાત કરી.

અધ્યક્ષશ્રીએ વધુમાં અવલોકન કરતાં જણાવ્યું કે સભ્યોએ આક્ષેપ કરતાં પહેલાં નિયમોની જોગવાઈઓનું ચુસ્તપણે પાલન કરવાની કાળજી લેવી જોઈએ.

૬. (૧) પંચાયતી રાજ સમિતિના પ્રમુખ, શ્રી વીરજીભાઈ મુનિયાએ સમિતિનો દસમો અહેવાલ રજૂ કર્યો.

(૨) બિન સરકારી સભ્યોનાં કામકાજ માટેની સમિતિના સભ્ય, શ્રી પ્રબોધકાન્ત પંડયાએ સમિતિનો ચુંમાળીસમો અહેવાલ રજૂ કર્યો.

૭. બિન સરકારી સભ્યોનાં કામકાજ માટેની સમિતિના સભ્ય, શ્રી પ્રબોધકાન્ત પંડયાએ પ્રસ્તાવ રજૂ કર્યો કે—

"આ સભાગૃહ, બિનસરકારી સભ્યોનાં કામકાજ માટેની સમિતિના ચુંમાળીસમા અહેવાલ સાથે સંમત થાય."

પ્રસ્તાવ મત માટે મૂકવામાં આવ્યો અને તેનો સ્વીકાર કરવામાં આવ્યો.

